ઉલ્લેખનીય છે કે, બોટાદ કેમિકલકાંડ મામલે ગૃહ વિભાગે મોટી કાર્યવાહી કરી હતી. બોટાદના બરવાળાના કેમિકલકાંડમાં પોલીસકર્મીઓ પર ગાજ પડી હતી. રાજય સરકારે કેમિકલ કાંડમાં મોટી કાર્યવાહી કરીને ૨ SPની બદલી કરી દીધી હતી, જયારે ૬ પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરાયા હતા. SPની બદલીની વાત કરીએ તો બોટાદના જી કરનરાજ વાઘેલાની બદલી ગાંધીનગરમાં સરકારી સંપતિના સુરક્ષા વિભાગના કમાન્ડન્ટ તરીકે બદલી કરાઈ હતી, જ્યારે અમદાવાદ ગ્રામ્ય જી વિરેન્દ્રસિંહ યાદવની અમદાવાદ મેટ્રોના સિકયોરિટી કમાન્ડન્ટ તરીકે બદલી કરવામાં આવી હતી.

# અમન મહેતા ટોરેન્ટ ફાર્મામાં ડીરેકટર તરીકે ૧ લી ઓગસ્ટથી કાર્યભાર સંભાળશે

અમદાવાદ તા.૨૯

દેશની જાણીતી ફાર્મા કંપની ટોરન્ટ ફાર્મામાં અમન મહેતા અને ડિરેકટર તરીકે નિમણુંક પામ્યા છે.તેઓ ૧ ઓગસ્ટ, ૨૦૨૨ થતી પોતાની નવી જવાબદારી સંભાળશે અમન મહેતાએ ન્યુયોર્ક ખાતેની કોલંબિયા યુનિવર્સિટી એમબીએ કર્યું છે. અને બોસ્ટનની બોસ્ટન યુનિ.માંથી બેચલર ઓફ ઈન્ડોનિરિકણની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

**અમન મહેતાએ ટોરેન્ટ ફાર્મા અને ટોરેન્ટ પાવર એમ બન્નેમાં સફળતાપૂર્વક કામગીરી કરી બતાવી છે**



ટોરેન્ટ સાથેની તેમની કામગીરીના કાર્યકાળમાં અમીતભાઈ મહેતાએ પાવર અને ફાર્માએ બન્ને ક્ષેત્રએ સફળતાપૂર્વકની કામગીરી બનાવી છે.

ટોરન્ટ પાવરમાં કામગીરી દરમ્યાન તેમણે પડકારજનક કામો ઉપાડીને વ્યવસાયની આગળ ધપાવ્યું હતું અને ગ્રાહકલક્ષી વીજ વિતરણ વ્યવસ્થાની નવતર વિતરણ વ્યવસ્થાની વળતર કામગિરી બતાવી હતી.

ટોરેન્ટ ફાર્મામાં તેમણે કાર્યકારી ડિરેકટર અને ઈન્ડિયા બિઝનેસના વડાની કામગીરી કોર્પોરેટ એચઆર સાથે નિભાવી હતી. નોંધનીય છે ટોરેન્ટ ફાર્મા વાર્ષિક ૮૫૦૦ કરોડની આવક ધરાવનાર ફલેગશીપ કંપની છે.ટોરેન્ટ ગ્રુપની સંયુક્ત આવક ૨૨૫૦૦ કરોડ કરતા વધારે થવા જાય છે. તેનું માર્કેટ કેપ અંદાજે ૭૫ હજાર કરોડનું થવા જાય છે.

# સેતલવાડ અને શ્રીકુમારના જામીન અંગે આજે ચુકાદો

અમદાવાદ તા.૨૯

ગુજરાત સરકારને બદનામ કરવાના આરોપ હેઠળ સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડ અને પૂર્વ ડીજીપી આર.બી. શ્રીકુમારની જામીન અરજી અંગેનો ચુકાદો આજે આવવાનો હતો. પરંતુ આજે વધુ એક વખત જામીન અરજીનો ચુકાદો મુલતવી રાખવામાં આવ્યો છે. આવતીકાલ શનિવારે કોર્ટ પોતાનો ચુકાદો સંભળાવશે.

વર્ષ ૨૦૦૨ માં ગુજરાતમાં થયેલા ગોધરાકાંડ બાદ કોમી રમખાણોના બનાવોમાં તિસ્તા સેતલવાડ અને કોંગ્રેસ નેતાએ ગુજરાતને બદનામ કરવાનું કામ કર્યું હોવાથી સીટની ટીમે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે તિસ્તા સેતલવાડ સામે કેસ દાખલ કર્યો હતો.જે બાદ તિસ્તા સેતલવાડ અને આરબી.શ્રીકુમારની ધરપકડ કરવામાં આવી હતી.ત્યારબાદ પોલીસેપૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટની પણ ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરવામાં આવી હી. ત્યારબાદ પોલીસે પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટની પણ ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરવામાં આવી હતી.

**સેતલવાડ અને શ્રીકુમારની પોલીસે ધરપકડ કરી હતી**

# ઈન્દિરા બ્રિજ નજીકથી દારૂનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,તા.૨૯

શહેરના ઈન્દિરા બ્રિજ નજીકથી પોલીસે ભારતિય બનાવટનો વિદેશી દારૂનો જંગી જથ્થા સાથે એકને પકડી પાડ્યો હતો.

### રૂા.૫ લાખના શરાબ સાથે એક પકડાયો

જાણવા મળતી માહિતી અનુસાર શહેરના રિવરફ્રન્ટ (વેસ્ટ) ના પીઆઈ દેસાઈ તથા ટીમે બાતમીના આધારે ઈન્દિરા બ્રિજના છેડેથી નિતેષ ઉર્ફે રોહિત લક્ષ્મણભાઈ જાડેજા (ઉ.વ.૩૪, રહે.છારા નગર, અમદાવાદ) ને ઝડપી પાડ્યો હતો. તેમજ ત્યાંથી રૂા.૫,૦૪,૦૦૦ ની કિંમતની ભારતિય બનાવટની વિદેશી દારૂની બોટલો કબજે કરી હતી તેમજ આ દારૂનો જથ્થા બાબતે પૂછપરછ હાથ ધરી હતી.



કેન્દ્રીય મત્સ્યદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ આજે નવી દિલ્હીમાં પશુપાલન અને ડેરી માટેના મંત્રીના ડેશબોર્ડનો આરંભ કર્યો હતો.એફએએચડીના રાજ્ય મંત્રી ડો. સંજીવકુમાર બાલ્યાન એફએએચડી તેમજ આઈ એન્ડ બી રાજ્યમંત્રી ડો.એલ.મુરુગન અને એફએએચડીના સચિવ અતુલ ચતુર્વેદી ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરમાં બે આપઘાત

અમદાવાદ તા.૨૯

શહેરના માધવપુરા અને જુહાપુરામાં આપઘાતના બે બનાવ બન્યા હતા.નો બન્યો હતો.જાણવા મળતી માહિતી અનુસાર શહેરના દરિયાપુર દરવાજા બહાર આવેલી રારપીરુઈની ચાલીમાં રહેતા ૩૫ વર્ષના અમિતભાઈ રાવતે તેઓના ઘેર છતની લાકડાની વળી સાથે દોરી બાંધી ફાંસો ખાઈલેતાં માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

જયારે દરિયાપુરના અલીભાઈ કુંભારના ડેલુમાં રહેતા ૨૮ વર્ષના ફરહાન મોહમદ લીમશેખ અને જુહાપુરાના મરહુબા ડુપ્લેક્ષના ભાડાના મકાન ખાતે પંખાના હુક સાથે દોરી-દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લેતા વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગાડીના ચાલકની નજર ચુકવી રૂા.૫ લાખના બેગની ચોરી

### નિકોલની ઘટના : બે સામે ફરિયાદ

અમદાવાદ તા.૨૯

શહેરના નિકોલ વિસ્તારમાં ગાડીના ચાલકની નજર ચુકવી બે સ્કુટર ચાલક રૂા.૫ લાખ ભરેલી બેગ ચોરી નાસી છુટયા હતા.જાણવા મળતી માહિતી અનુસાર શહેરના ન્યુ ચાંદખેડાના લેન્ડરમાર્ક ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા ૫૩ વર્ષના જયશંકર ઝા સાંજે નિકોલના ખોડિયાર માતાજીના મંદિર પાસેથી ગાડી લઈને પસાર થતા હતા. ત્યારે એક સ્કુટર ચાલકે તેઓની ગાડી ઉભી રખાવી બોલાચાલી કરી હતી.ત્યારે બીજા સ્કૂટર ચાલકે ગાડીના ચાલકની નજર ચુકવી ગાડીમાંથી રૂા.૫ લાખ ભરેલી બેગની ચોરી કરી બન્ને નાસી છુટયા હતા. આ બાબતે નિકોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી.

### પાણીની ટાંકીમાં પડતાં માસૂમ બાળકનું મોત

અમદાવાદ તા.૨૯

શહેરના ચાંદખેડા ખાતેના ગુજરાત હાઉસિંગ બોર્ડ અંબિકાનગર ખાતે રહેતા વિપુલભાઈ પરમારનો ૧૦ મહિનાનો પુત્ર ધ્રુવિલ બપોરના સુમારે તેઓના ઘર નજીક રમતા-રમતા અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડતાં ડુબી જતા તેનું મોત નીપજયું હતું. ચાંદખેડા પોલીસે તે અંગે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### 'આપ'ની પ્રદેશ સંગઠનની ત્રીજી યાદી જાહેર

અમદાવાદ તા.૨૯

'આપ'ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, પાર્ટીએ ૧૦૦૦ થી વધુ પદાધિકારીઓની ગુજરાત પ્રદેશ સંગઠનની ત્રીજી યાદી જાહેર કરી હતી. પ્રદેશ કાર્યાલયની સ્ટેટ ઓફિસ સેક્રેટરી તરીકે અનુપ શર્મા, સ્ટેટ ઓફીસ જોઈન્ટ સેક્રેટરી તરીકે ભાવેશ પટેલ શ્રમક વિંગ ના પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશભાઈ વ્યાસ અને મીડીયા કન્વીનર તરીકે સુકન રાજની નિમણુંક કરાઈ હતી.

### ડ્રાઈ સ્ટેટ ગુજરાતમાં નશાના કારોબારને કોણ સુરક્ષા આપે છેઃ રાહુલનું ટવીટ

કોંગ્રેસ પુર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતમાં સર્જાયેલા લઠ્ઠાકાંડ પર આકરુ ટવીટ કરતા કહ્યું કે ડ્રાઈ સ્ટેટ (દારૂબંધી ધરાવતા) રાજ્યમાં ઝેરી શરાબ પીવાના કારણે અનેક ઘરો ઉજડી ગયા છે અને અહી લગાતાર અબજો રૂપિયાની ડ્રગ્સ પણ ઝડપાઈ રહી છે. તે બેહદ ચિંતાની વાત છે કે બાપુ અને સરદાર પટેલની ધરતી પર આ કોણ લોકો છે જો બિન્દાસ્ત રીતે નશાનો કારોબાર કરે છે અને આ માફીયાઓને કંઈ સતાધારી તાકાતો સુરક્ષા દઈ રહી છે.

### રાજ્યના ૧૨૬ કરોડના હેરોઈન કાંડમાં

# વોન્ટેડ રાજબીર ઝડપાયો

અમૃતસર (પંજાબ) તા.૨૯

ગુજરાત અને મહારાષ્ટ્ર સરકારના સમુદ્ર તટેથી મોટી માત્રામાં હેરોઈન પકડાયા બાદ પંજાબ પોલીસે એક આંતર રાજય ડ્રગ તસ્કરની ધરપકડ કરી છે. ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આ ડ્રગ તસ્કર ગુજરાત એટીએસને ૧૨૬ કિલો હેરોઈનના મામલે વોન્ટેડ હતો. આરોપીની ઓળખ રાજબીરસિંહ (રહે. અમૃતસર) તરીકે થઈ છે, જે લાંબા સમયથી નશાના કારોબારમાં હતો અને ધરપકડથી બચવા છેહરટા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ડીજીપી યાદવે કહ્યું હતું કે રાજબીરની અમૃતસરમાંથી ધરપકડ કરાઈ હતી. પોલીસને તેની ટોયોટા કારમાંથી ૧૨૮ ગ્રામ હેરોઈન અને ૯ લાખ ૬૦ હજાર રૂપિયાની ડ્રગ મની ઉપરાંત ઈલેક્ટ્રોનીક વજન મશીન જપ્ત કર્યા હતા.

**પંજાબ પોલીસનું અમૃતસરમાં ઓપરેશનઃ કારમાંથી હેરોઈન અને રોકડ કબજે કરી**

On Behalf of **Jaihind Publication:** Yashwant Narottamdas Shah - Publisher, Printer, Editor
• **Place of Publication :** Jaihind Press Building, Ashram Road, Navrangpura, Ahmedabad-380009
**Phone:** 079-26587052/53
• **Email Address:** info@jaihinddaily.com
@jaihinddaily @jaihinddaily

## આખરે ટાયલર કોહેનને મળી સફળતા

# Googleમાં નોકરી મેળવવા ૪-૫ નહીં ૩૯ વાર અરજી કરી

સેન ફ્રાન્સિસ્કા, તા.૨૯ 'કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી', આ કવિતા તમે ઘણી વાર વાંચી હશે, પરંતુ ટાયલર કોહેન નામના યુવકે આ વાતને સાર્થક કરી બતાવી છે. જીદ કહો કે ધગશ, ટાયલર પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતો રહ્યો અને આખરી પોતાની ડ્રીમ જોબ મેળવીને રહ્યો. ટાયલર કોહેન ગૂગલ કંપનીમાં કામ કરવા માંગતો હતો અને આ માટે તેણે ચાર-પાંચ નહીં, ૩૯ વાર પ્રયત્ન કર્યો હતો. આખરે ૧૯મી જુલાઈના રોજ તેને નોકરી મળી ગઈ હતી. ટાયલરે ગૂગલ સાથેના તમામ ઈમેઈલનો સ્ક્રીનશોટ શેર કર્યો છે. ટાયલર કોહેન સેન ફ્રાન્સિસ્કોમાં રહે છે.

ઉલ્લેખનીય છે કે ગૂગલમાં નોકરી મેળવતા પહેલા તે ડોરડેશ નામની કંપનીમાં અસોસિએટ મેનેજર-સ્ટ્રેટેજી એન્ડ ઓપરેશન્સ તરીકે કામ કરતો હતો. ટાયલરે સફળતાની આ કહાની પોતાના લિંક્ડઈન અકાઉન્ટ પર શેર કરી છે, જે ખૂબ વાયરલ થઈ રહી છે. ટાયલર જણાવે છે કે, ખંત અને ગાંડપણ વચ્ચે એક પાતળી રેખા હોય છે. મને હજી નથી સમજાતું કે હું કઈ બાજુ હતો.

**ટાયલર કોહેન નામના યુવકે સફળતાનું એક નવું ઉદાહરણ પૂરું પાડ્યું : નોકરી મેળવવા માટે તેણે ઘણા પ્રયત્નો કર્યા**

૩૯ વાર રિજેક્ટ થયા પછી એક વાર સ્વીકાર થયો. આ સાથે જ તેણે #acceptedoffer #application વગેરે હેશટેગ પણ આપ્યા છે. નોંધનીય છે કે હજારો લોકો આ પોસ્ટ લાઈક કરી ચૂક્યા છે અને સેંકડો લોકો કમેન્ટ કરી રહ્યા છે. ચારેબાજુ ટાયલરની આ કહાની વાયરલ થઈ ગઈ છે. અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ લોકો ખૂબ શેર કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ટાયલરે ૨૫મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ પ્રથમ વાર અરજી કરી હતી. તેણે શેર કરેલા સ્ક્રીનશોટમાં ગૂગલ તરફથી મળેલો રિસ્પોન્સ જણાઈ રહ્યો છે. સપ્ટેમ્બર ૨૦૧૯માં તેણે બે વાર ફરીથી અરજી કરી હતી. બન્ને વાર તેને રિજેક્શનનો સામનો કરવો પડ્યો. જૂન ૨૦૨૦માં ટાયલરે ફરીથી પ્રયત્ન કરવાની શરુઆત કરી પરંતુ ત્યારપછી પણ અનેકવાર હારનો સામનો કરવો પડ્યો.

લોકો ટાયલર કોહેનની આ ઉપલબ્ધિથી ઘણાં પ્રભાવિત થયા છે.

અનેક લોકો તેને શુભકામનાઓ પાઠવી રહ્યા છે. આ સાથે જ ઘણાં લોકો પોતાના અનુભવો પણ શેર કરી રહ્યા છે. એક યુઝર લખે છે કે, મેં અમેઝોનમાં ૧૨૦થી વધારે વાર અરજી કરી અને આખરે નોકરી મેળવી હતી.

# સ્મૃતિ ઈરાનીની પુત્રી સંબંધી તમામ ટિવટ ડીલીટ કરવા જયરામ રમેશને હાઈકોર્ટનો આદેશ

નવી દિલ્હી,તા. ૨૯ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના પુત્રી ગોવામાં શરાબના બાર લાયસન્સ ધરાવે છે અને તે મૃત વ્યક્તિના નામે લાયસન્સ લેવાયું છે તેવા આક્ષેપો કરીને કોંગ્રેસના નેતાઓ હવે દિલ્હી હાઈકોર્ટે આ મુદ્દે પૂર્વ કેન્દ્રીય મંત્રી જયરામ રમેશ, પક્ષના પ્રવકતા પવન ખેરા તથા એન. ડીસોઝાને સમન્સ પાઠવ્યા છે અને સાથોસાથ સ્મૃતિ ઈરાનીના પુત્રી અંગે તેઓએ જે ટવીટ કર્યા હતા તે ડિલીટ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. સ્મૃતિ ઈરાનીએ દિલ્હી હાઈકોર્ટમાં કોંગ્રેસનાં આ નેતાઓ સામે માનહાનીનો દાવો દાખલ કર્યો છે.

જયરામ રમેશ સહિતના નેતાઓએ ટવીટ કરીને એવું લખ્યું હતું કે સ્મૃતિ ઈરાનીના પુત્રી ગોવામાં ગેરકાનૂની રીતે શરાબના બારનું લાયસન્સ ધરાવે છે અને આ લાયસન્સ એક મૃત વ્યક્તિના નામે મેળવાયું છે. આમ તેઓ ગેરકાનૂની રીતે શરાબના બાર ચલાવે છે. આ સામે સ્મૃતિ ઈરાનીએ દિલ્હી

**પૂર્વ કેન્દ્રીય મંત્રી સહિત કોંગ્રેસના ત્રણ નેતાઓને સમન્સ**

હાઈકોર્ટમાં એક માનહાનીના દાવામાં આ પ્રકારના નિરાધાર આક્ષેપો કરવા બદલ કોંગ્રેસના નેતાઓ સામે કાર્યવાહી કરવા અને રૂા. બે કરોડનું વળતર માંગ્યું છે.

દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ મીની પુષ્પકર્ણએ કોંગ્રેસના આ ત્રણેય નેતાઓને સ્મૃતિ ઈરાનીના આ આરોપો સંબંધીત હાજર થવા સમન્સ પાઠવ્યું છે. ઉપરાંત આ પ્રકારના આરોપો અંગે તેઓએ જે ટવીટ રિ-ટીવટ કર્યા હોય તથા વીડિયો અથવા ફોટો અપલોડ કર્યા હોય તે તમામ ડીલીટ કરવા આદેશ આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટે ૨૪ કલાકમાં આ તમામ સોશિયલ મીડિયા પોસ્ટ ડીલીટ થઇ જવી જોઈએ તેવો સ્પષ્ટ આદેશ આપીને બીજી તરફ જયરામ રમેશ સહિતના ત્રણેય નેતાઓને સમન્સ પાઠવ્યા છે.

કોંગ્રેસના કેટલાક નેતાઓએ સ્મૃતિ ઈરાનીના પુત્રી જોઈશ ઈરાની પર આક્ષેપ કર્યા હતા અને તે એક આરટીઆઈના આધારે કરવામાં આવ્યા હતા પરંતુ તેમાં ક્યાંય પણ સ્મૃતિ ઈરાનીના પુત્રી કે તેના કુટુંબના કોઇ વ્યક્તિનું નામ નથી.

# મીગ-૨૧ માટે કબ્રસ્તાન બનતું રાજસ્થાનઃ વધુ એક વિમાન તૂટી પડતાં બે પાયલોટ શહિદ

નવીદિલ્હી, તા.૨૯ રાજસ્થાનના બાડમેરમાં સેનાનું વિમાન મીગ એરક્રાફ્ટ તૂટી પડ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર દોડી ગયું હતું. જાણવા મળ્યા પ્રમાણે વિમાન તૂટ્યું ત્યારે તેમાં બે પાયલોટ હતા જેમનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું છે. બાડમેરના ભીમડા ગામમાં આ ઘટના બની છે.

**વિમાન જમીન પર પટકાતાં જ ૧૫ ફૂટ ઉંડો ખાડો પડી ગયો, તુરંત જ આગ લાગી જતાં પાયલોટને બચાવી ન શકાયા**

વિમાન જમીન પર પટકાતાંની સાથે જ તેમાં આગ લાગી ગઈ હતી. વિમાન જમીન પર પટકાતાં થયેલા ધડાકાને કારણે લોકોમાં પણ અફડાતફડી મચી જવા પામી હતી. સૂત્રોએ જણાવ્યું કે વિમાન નીચે પટકાતાં જ ૧૫ ફૂટ ઉંડો ખાડો પડી ગયો હતો. આ અંગે રક્ષા મંત્રી રાજનાથ સિંહે વાયુસેના પ્રમુખ સાથે વાત કરી અને સ્થિતિની સમીક્ષા કરી હતી. આ પછી ભારતીય વાયુસેનાએ નિવેદન આપીને કહ્યું કે ગતરાત્રે ૯:૧૦ વાગ્યે એક મીગ-૨૧ ટ્રેનર વિમાન તાલીમી ઉડાન દરમિયાન પશ્ચિમી ક્ષેત્રમાં દૂર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે. દૂર્ઘટનામાં બન્ને પાયલોટના મોત નિપજ્યા છે. ભારતીય વાયુસેનાને પાયલોટના જીવ ગુમાવવાનો ઉંડો શોક છે. દૂર્ઘટનાનું કારણ શોધવા માટે કોર્ટ ઑફ ઈન્કવાયરીનો આદેશ આપવામાં આવ્યો છે.દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાયલોટોની મોત અંગે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે દૂર્ઘટનામાં બે વાયુ યોદ્ધાઓ શહિદ થઈ જતાં ઉંડું દુઃખ થઈ રહ્યું છે. રાષ્ટ્ર પ્રત્યે તેમની સેવાને ક્યારેય ભૂલવામાં આવશે નહીં. દુઃખની આ ક્ષણમાં મારી સંવેદનાઓ તેમના પરિવારજનો સાથે છે.

# દર કલાકે ૩ લાખ રીટર્ન ફાઈલ; સંખ્યા ૪ કરોડ : આવકવેરા રીટર્નની મુદત નહીં વધે

નવી દિલ્હી,તા. ૨૯ આવકવેરા રીટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧મી જુલાઈ છે અને તેની મુદતમાં કોઇ વધારો કરવાનું નકારી કાઢવામાં આવ્યું છે. રીટર્ન ભરવાના છેલ્લા દિવસોમાં દર કલાકે ૩ લાખ રીટર્ન ફાઈલ થતા હોવાનું અને અત્યાર સુધીમાં ૪ કરોડથી વધુ કરદાતાઓએ આવકવેરા રીટર્ન ફાઈલ કરી દીધા હોવાનું જાહેર થયું છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડના સુત્રોએ કહ્યું કે રીટર્ન ભરવાની મુદત વધારવા સોશિયલ મીડિયામાં ઝુંબેશ શરુ થઇ છે પરંતુ હાલ તૂર્ત આવી કોઇ વિચારણા નથી. ચાર કરોડ રીટર્ન ફાઈલ થઇ ચૂક્યા છે. ૨૦૨૧માં મુદત વધારીને ૩૧ ડીસેમ્બર કરવામાં આવી હતી જેની સરખામણીમાં ૬૮ ટકા રીટર્ન ભરાઈ ગયા છે. અંતિમ દિવસોમાં ઝડપ વધી છે. ક્યારેક કોઇ ખામી ઉભી થઇ જાય છે. ખાસ કરીને ટીડીએસને લગતા ફોર્મ ૨૬-એએસ ભરવામાં તકલીફ હોવાનું બહાર આવ્યું હતું પરંતુ તાત્કાલીક તેનું નિરાકરણ કરી દેવામાં આવ્યું હતું. અંતિમ દિવસોમાં કોઇ ખામી ઉભી ન થાય તે માટે વોરરુમ કાર્યરત છે. એટલું જ નહીં અનેક કિસ્સામાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફત જ ફરિયાદોનો ઉકેલ લાવી દેવામાં આવે છે. કરવેરા બોર્ડ દ્વારા કરદાતાઓને એન્યુઅલ ઇન્ફોર્મેશન સ્ટેટમેન્ટ તથા ટેક્સપેયર ઇન્ફોર્મેશન સમરી ડાઉનલોડ કરવા પણ સલાહ આપવામાં આવી છે. એટલે રીટર્ન ફાઈલ કરવામાં કોઇ માહિતી ચૂકાઈ ન જાય.

# મોંઘવારીનો મારઃલોકોની ખરીદીમાં સાત ટકાનો કાપ

નવી દિલ્હી,તા. ૨૯ દેશમાં કેટલાક મહિનાઓથી મોંઘવારીનો ભરડો અને તેને નિયંત્રિત કરવા સરકારના શ્રેણીબધ્ધ પગલા છતા કોઈ નક્કર રાહત મળતી નથી ત્યારે એક સર્વેમાં એવું ચોંકાવનારુ તારણ નીકળ્યું છે કે ભારતીયોએ ખાદ્યચીજોની ખરીદીમાં સરેરાશ ૭ ટકાનો કાપ મુકી દીધો છે.

માર્કેટ રિસર્ચ કંપની દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં એવું બહાર આવ્યું છે કે કોરોના કાળ પૂર્વેના સમયગાળાની સરખામણીએ ભારતીયો મોલ અથવા કરિયાણાની દુકાનોમાં ચક્કર વધુ લગાવે છે પરંતુ ખરીદી ઓછી કરે છે. ઉંચા ભાવને કારણે ખરીદીમાં કાપ આવ્યો છે અને સરેરાશ ખરીદી ૭ ટકા ઓછી થઈ છે. એપ્રિલ-૨૦૨૨ની સ્થિતિએ ભારતીયોએ મોલ કે કરિયાણાની દુકાનોમાં સરેરાશ ૧૪૨ વખત મુલાકાત લીધી હતી જે આંકડો ૨૦૨૦માં ૧૩૫નો હતો. સામે સરેરાશ ખરીદી ૯૬૬ ગ્રામ કરી હતી જે બે વર્ષ પૂર્વે ૧૩૩ ગ્રામ કરવામાં આવતી હતી.

કન્ઝયુમર ગુડઝની ખરીદીમાં એક ટકાનો કાપ આવ્યો છે. ગ્રાહકો ખાદ્યચીજોના વધુ પેકેટ ખરીદે છે પરંતુ કંપનીઓએ પેકેટનું વજન ઘટાડી નાખ્યું હોવાથી સરેરાશ ખરીદીમાં ઘટાડો છે. ઉંચા ભાવને કારણે ખરીદીમાં ઘટાડો ન થાય તે માટે કંપનીઓએ ભાવવધારાને બદલે વજન ઘટાડવાનો માર્ગ અપનાવ્યો છે.

આડકતરી રીતે તો ગ્રાહકો ઉપર માર પડી જ રહ્યો છે. વધુ પેકેટ ખરીદતા હોવા છતાં વોલ્યુમની દ્રષ્ટિએ તેમાં ઘટાડો છે. નાના પેકેટના વેચાણમાં સરેરાશ ૧૧ ટકાનો વધારો થયો છે. કંપનીઓનો એવો દાવો છે કે નાના પેકેટમાં વજન ઘટાડવાથી નફા માર્જિનમાં કોઈ મોટો વધારો થઈ શકતો નથી. કારણ કે ખાદ્યચીજ સિવાયનો ખર્ચ સમાન રહે છે.

સર્વેમાં એવું બહાર આવ્યું છે કે રૂા. ૫ થી ૨૦ના પેકેટનું વેચાણ જ કુલ વેચાણમાં ૨૮ ટકાનો મોટો હિસ્સો ધરાવે છે. એફએમસીજી ક્ષેત્રમાં ૬૩ ટકા ચીજો રૂા. ૧૦ના પેકેટમાં ઉપલબ્ધ હોય છે.

## જાહેર નોટીસ

જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) વિભાગના સાબરમતી તાલુકાના મોજે પાલડીની સીમના ટી.પી. સ્કીમ નં. ૬ના ફાઈનલ પ્લોટ નં. ૧૬૯ પૈકીના સબ પ્લોટ નંબર-૫ની બિનખેતીની જમીન ઉપર શ્રી મૌલિક ઓનર્સ એસોસીએશન આવેલ છે. જે મૌલિક એપાર્ટમેન્ટના નામથી ઓળખાય છે. તે મૌલિક એપાર્ટમેન્ટમાં સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં.૬ કે જેનું ક્ષેત્રફળ સ.ચો.વાર-૧૨૦ (સુપર બિલ્ટઅપ એરિયા)ના આશરાની ફલેટના બાંધકામ વાળી મિલ્કત તથા જમીનમાં વગર વહેંચાયેલ ના હક્ક, હિસ્સા, સહિતની મિલ્કત ત્રીશીર દિપકભાઈ શાહની આગવી કુલ સ્વતંત્ર માલિકીપણાની અને કબજા ભોગવટાની આવેલ છે અને ઉપરોક્ત જણાવેલ ફલેટની અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો ઉપરોક્ત ફલેટ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ કે ભરણ પોષણ કે અન્ય કોઈ હક્ક હોય તો તેમણે તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિતની લેખીત જાણ રજી. એડીથી નીચેના નામે અને સરનામે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં કરવી, જો તેમ નહી કરવામાં આવે તો ઉપરોક્ત ફલેટ અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ નથી અને હોય તો તે વેવ થાને જતા કરેલ છે તેમ માની ઉપરોક્ત ફલેટનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તથા વેચાણની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી. અમદાવાદ - તા. ૨૯-૭-૨૦૨૨

**શ્રીજી એસોસીએટ્સ**
**તેજેન્દ્ર જી. પટેલ**
**(એડવોકેટ)**
**પી-૩-૪, પાંચમો માળ, કલ્યાણી એપાર્ટમેન્ટ, રાજકમલ કોમ્પલેક્ષ-બીના પાસે, સાકાર-૩ની સામે, ઇન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ. મો.: ૯૯૨૪૩૧૦૫૬૩**

## FRESHTROP FRUITS LTD

Registered Office: A-603, Shapath IV, Opp. Karnavati Club, S.G. Road, Ahmedabad-380015
CIN: L15400GJ1992PLC018365 | Website: www.freshtrop.com | Email: secretarial@freshtrop.com

**NOTICE**

**NOTICE** is hereby given that pursuant to the provision of Section 124 of the Companies Act, 2013 (the Act) read with the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rule, 2016 (the Rule, as amended), the Equity Shares of the Company in respect of which dividend declared during financial year 2014-15, which remain unclaimed or unpaid for a period of seven consecutive years or more are required to be transferred by the Company to the demat account of the IEPF authority.

The Company will send e-notice via mail to concern shareholders whose mail IDs are available in the record and for remaining concern shareholders individual notice will be sent at their registered address, if any, whose share are liable to be transferred to IEPF authority advising them to claim their unclaimed dividend latest by 2nd November 2022, to avoid transfer of their shares to the demat Account of the IEPF Authority. The list of shareholders whose shares are liable to be transferred to demat account of the IEPF Authority is uploaded on the website of the Company www.freshtrop.com.

The concerned shareholder(s) holding shares in physical form and whose shares are listed to be transferred to the IEPF Authority, may note that upon transfer of shares to IEPF authority, the original share certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non- negotiable. In case of shares held in demat form, to the extent of shares liable to be transferred, shall be debited from the shares liable to be transferred, shall be debited from the shareholders account.

In case the concerned shareholders do not claim their unclaimed divided by 2nd November, 2022, the Company shall with a view to comply with the Rules, transfer the shares to the IEPF Authority without any further notice to the shareholders and no liability shall lie against the Company in respect of the shares so transferred.

The shareholders may note that upon transfer of the share to IEPF authority, including all benefits accruing on such shares, if any, the same can be claimed only from the IEPF authority by making a separate application to the IEPF authority in FORM IEPF-5 as prescribed under the rule and the same is made available at IEPF websites i.e. www.iepf.gov.in.

For any queries in respect of the above matter, shareholders may contact M/s. Bigshares Services Private Limited, the Registrar and transfer agents of the Company, at Office No S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East) Mumbai – 400093 Phone: 022-62638200, e-mail id: investor@bigshareonline.com.

Date : 29-07-2022
Place : Ahmedabad

**By Order of the Board of Directors**
**FOR, FRESHTROP FRUITS LIMITED**
Ashok Motiani
Chairman & Managing Director
(DIN No. : 00124470)

## HDFC હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ. — પઝેશન નોટિસ

**એચડીએફસી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : (૦૭૯) ૬૬૩૦૭૦૦૦**

હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડના અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂ. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી રાહુલ ઓબેરોય (બોરોઅર) શ્રીમતી પ્રિયા ઓબેરોય (કો-બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૫૦૬૬૦૪૮૨ | રૂા. ૩૦,૯૦,૬૭૧/- ૩૧ જાન્યુ., ૨૦૨૨ ના રોજ* | ૨૩ ફેબ્રુ., ૨૦૨૨ | ૨૫ જુલાઈ, ૨૦૨૨ સિમ્બોલીક પઝેશન | ફ્લેટ-એન/૧૦૪, પહેલો માળ, સ્વાગત ફ્લેમીંગો, બ્લોક-એન, સ. નં. ૪૧૭/૧ + ૨, ૪૧૬/એ, ૪૪૨/૪, એફપી નં.-૨૦, ૨૧, ૨૫ ટીપીએસ, સરગાસણ ચાર રસ્તા રોડ, એસ.જી. હાઈવે, ગાંધીનગર-૩૮૨૦૧૦. |
| ૨ | શ્રી ઈમરાન અક્સર બારા (બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૨૭૯૫૧૬૨૫ | રૂા. ૨૭,૨૪,૧૦૧/- ૨૮ ફેબ્રુ., ૨૦૨૨ ના રોજ* | ૩૦ માર્ચ, ૨૦૨૨ | ૨૫ જુલાઈ, ૨૦૨૨ સિમ્બોલીક પઝેશન | ફ્લેટ-બી/૭૦૧, સાતમો માળ, અમન પ્લાઝા બ્લોક-એ + બી, સ. નં. ૭૫૪/(૧ + ૨ + ૩)/પી, ટીપી નં.-૮૫, એફપી નં.૬૫/૨, બીબી તલાવ ચાર રસ્તાથી નારોલ રોડ, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૦. |
| ૩ | શ્રી ભીખાભાઈ બબલદાસ પટેલ (બોરોઅર) શ્રીમતી ગોમતીબેન ભીખાભાઈ પટેલ (કો-બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૪૧૭૮૦૨૫૬ | રૂા. ૫૭,૪૬,૭૭૦/- ૩૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ* | ૧૮ એપ્રિલ, ૨૦૨૨ | ૨૭ જુલાઈ, ૨૦૨૨ સિમ્બોલીક પઝેશન | ફ્લેટ-એ/૮૦૧, એ/૮૦૨, આઠમો માળ, આરુષ ગ્લોરીઆ બ્લોક-એ, સ. નં. ૧૮૯૮ પી/૨, સાંઈ કિશ્ના હોસ્પિટલ સામે, રાધનપુર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, એચડીએફસીના અધિકૃત અધિકારી દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાવી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો કબજો મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાવી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

**વતી, હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.**
**સહી/-**
**અધિકૃત અધિકારી**

**તારીખ : ૨૯-૦૭-૨૦૨૨**
**સ્થળ : અમદાવાદ**

**રજિ. ઓફિસ : રેમન હાઉસ, એચ.ટી. પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રેકલમેશન, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.**
**Corporate Identity Number : CIN : L70100MH977PLC019916. E-mail : customer.service@hdfc.com, Website : www.hdfc.com**

## BAJAJ FINSERV

## સોનાની વસ્તુઓની હરાજી માટે સમાચારપત્રમાં જાહેર સૂચના

**બજાજ ફાઇનાન્સ લિમિટેડ**
**પંજીકૃત દફતર: મુંબઈ - પુણે રોડ, આકુર્ડી, પુણે - 411035**

આથી બધા સંબંધિતો અને જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે, નીચે જણાવેલા ખાતાઓમાં ગ્રાહકો દ્વારા ગોલ્ડ લોન નો લાભ લેતા સમયે બજાજ ફાઇનાન્સ લિ. ને નિવેદિત કરવામાં આવેલા સોનાના આભૂષણ, નીચે જણાવેલા ગ્રાહકોના લોન ખાતામાં, વારંવાર નોટિસો આપવા છતાં, લોન પરત ચૂકવણીમાં કસૂર અથવા આવશ્યક માર્જિન ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ રહેવાના કારણે "જેવા છે તેવા અને જે છે તે" આધાર પર નીચેના સ્થળે સવારે 10:00 વાગ્યાથી હરાજી કરવામાં આવશે. બોલી લગાવનારાઓને વિનંતી કે તેઓએ રૂ.25,000/- પેશગી ડિપોઝિટ હરાજીના દિવસે રોકડેથી જમા કરવી. બોલી લગાવનારાઓએ તેમના માન્ય ઓળખાણ પત્ર/પેન કાર્ડ હરાજી સ્થળે સાથે લાવવા. સ્થાનમાં અથવા તારીખમાં કોઈ બદલાવ, જો હોય, તો તે હરાજી કેન્દ્ર પર પ્રદર્શિત કરવામાં આવશે. કૃપા કરી આ જાહેર હરાજી સાથે સંબંધિત સંપૂર્ણ નિયમો અને શરતો નીચેની વેબલિંક પર જઇ વાંચો https://www.bajajfinserv.in/gold-loan-terms-and-condition-new-1.pdf?clgProductId=1614300951. તમારી બોલીની રજૂઆત ઉક્ત નિયમો અને શરતોનો માન્ય સ્વીકાર સમજવામાં આવે છે. જાહેર હરાજીના વેચાણની ગેરહાજરી/નિષ્ફળ જવા/રદ થવાની સ્થિતિમાં બીએફએલ ઋણકર્તા(ઓ)ની વિનંતી કરવા પર ખાનગી વેચાણ મારફતે જામીનગીરી તરીકે મૂકેલા દાગીનાને વેચવાનો પણ અધિકાર ધરાવે છે.

**અમરેલી** (19-08-22): P4A9GOL2713768, 2717636, 2784122, 2828178, 2832729, 2848752, 2859187, 2887536, 2887682, 2887871, 2902064, 2937682, 2967707, 2992723, **આણંદ** (18-08-22): P431GOL2696059, 2779455, 2781045, 2790072, 2790261, 2795664, **અંજાર જીએલ** (19-08-22): P75QGOL2688678, 2688923, 2693665, 2707401, 2712309, 2721094, 2725060, 2730477, 2732038, 2735289, 2740713, 2747766, 2762125, 2778997, 2791456, 2798654, 2800765, 2814854, 2828670, 2883955, 2935981, 2941597, 2961338, 2961379, 3007875, **અંકલેશ્વર** (19-08-22): P4L2GOL2743173, 2775105, 2845130, 2852191, 2873364, 2920043, 2939077, 3014102, 3019206, 3032397, **બાબરા જીએલ** (11-08-22): P05VGOL2748130, 2754907, 2765959, 2778862, 2789199, **બાવળ જીએલ** (18-08-22): P06VGOL2691979, **ભચાઉ જીએલ** (10-08-22): P78QGOL2699714, 2707343, 2715433, 2766275, 2788753, 2798916, **ભાણવડ જીએલ** (10-08-22): P04VGOL2725847, 2791164, **ભાટિયા જીએલ** (17-08-22): PF41GOL2708019, 2730401, 2766444, **ભાવનગર** (11-08-22): P499GOL2697224, 2707535, 2750948, 2770740, 2773062, 2780899, 2785431, **ભાવનગર જીએલ** (10-08-22): PB52GOL2717367, **ભુજ** (19-08-22): P5F1GOL2692550, 2693456, 2696148, 2699407, 2711645, 2731632, 2737605, 2740289, 2740939, 2743114, 2746519, 2752994, 2755038, 2756772, 2765803, 2767541, 2784563, 2784652, 2815706, 2843266, 2858450, 2885657, 2886897, 2909662, 2913598, 2936083, 2951678, 2955078, 2966123, 2966277, 2967713, 2978799, 2983245, 3002055, 3005804, 3008531, 3014858, **ભુજ જીએલ** (19-08-22): PB40GOL2693309, 2699060, 2703464, 2708506, 2709225, 2712403, 2717670, 2726689, 2732786, 2743665, 2750179, 2750495, 2789612, 2790260, 2795414, 2807994, 2815096, 2868987, 2874536, 2879459, 2887528, 2905365, 2942487, 2947173, 2950549, 2988401, 3001421, 3006035, 3012372, 3032967, **બોટાદ જીએલ** (19-08-22): P52JGOL2688049, 2688860, 2692862, 2693849, 2699398, 2717411, 2724747, 2729705, 2729976, 2743158, 2747057, 2755184, 2760666, 2770403, 2779442, 2780373, 2784330, 2787111, 2790737, 2798603, 2835363, 2839687, 2848000, 2863709, 2868983, 2883494, 2885708, 2887611, 2894644, 2916261, 2918465, 2932352, 2936629, 2967851, 2982877, 2986095, 2989204, 2997457, 3000346, 3005389, 3014477, 3017320, 3022562, 3026413, 3032341, **દાહોદ** (18-08-22): P4Y0GOL2779610, **ધ્રાંગધ્રા જીએલ** (11-08-22): P73QGOL2736094, 2755961, 2764146, 2766376, 2800012, **ધોળકા જીએલ** (19-08-22): P74QGOL2700559, 2702968, 2703219, 2730267, 2731217, 2762746, 2763621, 2798559, 2819705, 2850167, 2874702, 2882306, 2891749, 2916566, 2924271, 2992342, 3019358, 3045919, **દિયોદર** (17-08-22): P85UGOL2751283, **દ્વારકા જીએલ** (19-08-22): P77QGOL2693625, 2699700, 2730192, 2757137, 2761031, 2762328, 2768547, 2774922, 2775007, 2776501, 2779782, 2785417, 2809425, 2813418, 2814214, 2815006, 2820976, 2830245, 2830391, 2830749, 2832599, 2832943, 2835183, 2844544, 2845754, 2853281, 2871492, 2883534, 2892481, 2927719, 2945393, 2984621, 2988225, 3032187, 3046153, **ગઢડા જીએલ** (18-08-22): P72QGOL2702998, 2724980, 2781999, **ગાંધીધામ** (17-08-22): P542GOL2691751, 2743579, 2745622, 2763131, 2790462, 2799158, **ગોધરા** (18-08-22): P91CGOL2711511, **ગોંડલ જીએલ** (10-08-22): PB44GOL2772594, **હળવદ જીએલ** (19-08-22): P32GGOL2696098, 2697427, 2702966, 2708199, 2708366, 2713136, 2725196, 2726383, 2730412, 2732900, 2745206, 2751788, 2761037, 2763601, 2790628, 2794644, 2798377, 2805443, 2809800, 2818319, 2832529, 2878159, 2885399, 2894750, 2900342, 2900605, 2931914, 2981369, 3003910, 3018372, **હિંમતનગર** (19-08-22): P500GOL2713332, 2731142, 2734858, 2745094, 2750250, 2763434, 2775386, 2784836, 2860311, 2878397, 2891489, 2919672, 2950289, 2962752, 2988213, 2995733, 3005219, 3005994, **જામનગર** (11-08-22): P473GOL2689758, 2697070, 2709414, 2713333, 2736975, 2737882, 2741255, 2752243, 2757029, 2763886, 2770244, **જસદણ જીએલ** (17-08-22): P71QGOL2695061, **જુનાગઢ** (18-08-22): P474GOL2711678, 2713697, 2736692, 2777118, 2780136, **જુનાગઢ જીએલ** (18-08-22): PB64GOL2742086, 2770112, 2781975, 2795198, **કડી** (18-08-22): P4W2GOL2693827, 2699328, 2709357, 2741516, 2785388, 2789141, **કાલાવાડ જીએલ** (11-08-22): P07VGOL2704562, 2743698, 2795763, 2796526, **કામરેજ** (17-08-22): P4Z8GOL2707810, 2794123, **ખંભાળિયા** (11-08-22): P76HGOL2700023, 2707656, 2721491, 2721632, 2732075, 2736470, 2756636, **કુતિયાણા જીએલ** (10-08-22): PF05GOL2733308, 2793646, **લુણાવાડા જીએલ** (19-08-22): P09VGOL2688574, 2689100, 2699365, 2699986, 2708656, 2709136, 2717339, 2721034, 2722848, 2733224, 2736773, 2749768, 2766325, 2766600, 2767201, 2770262, 2771614, 2776080, 2776547, 2781449, 2790992, 2798169, 2825250, 2835462, 2837046, 2843149, 2845843, 2848425, 2866598, 2890573, 2915094, 2923978, 2941010, 2986948, 3004248, 3032302, **માધાપર ભુજ** (11-08-22): P71FGOL2715606, 2791794, 2791917, **મહુવા** (11-08-22): PW05GOL2689756, 2703976, 2707202, 2725405, 2730516, 2796263, **માંડવી જીએલ** (11-08-22): P10VGOL2706817, 2738335, 2766422, 2789619, **મહેસાણા** (18-08-22): P496GOL2735818, **મોડાસા જીએલ** (17-08-22): P31GGOL2692641, **મોરબી** (18-08-22): P5E6GOL2712579, 2722148, 2752156, 2756673, 2770982, **મુન્દ્રા જીએલ** (10-08-22): P76QGOL2702745, 2709165, 2715799, 2765608, 2793541, **નડીયાદ** (10-08-22): P432GOL2736602, 2789702, **પાલનપુર** (10-08-22): P4A5GOL2780402, **પાટણ જીએલ** (17-08-22): PC90GOL2743719, **પોરબંદર જીએલ** (19-08-22): P51JGOL2688201, 2691437, 2691966, 2700158, 2702304, 2704730, 2708773, 2713069, 2716718, 2720931, 2766595, 2778953, 2790778, 2804005, 2804232, 2805894, 2818485, 2821449, 2823853, 2849568, 2850423, 2873204, 2877645, 2901356, 2901533, 2912176, 2920538, 2938314, 2942337, 2946038, 2956814, 2961011, 2971219, 2979789, 2982009, 3005448, 3010374, 3013208, 3021924, 3022376, 3022598, **પોરબંદર એસવીપી રોડ જીએલ** (19-08-22): PB95GOL2700379, 2700782, 2704001, 2732301, 2748116, 2753109, 2753316, 2775622, 2809820, 2811242, 2826225, 2829794, 2829849, 2832996, 2864155, 2866709, 2873384, 2920747, 2923755, 2924336, 2929571, 2930226, 3005858, 3031045, 3032019, **રાજકોટ** (10-08-22): P416GOL2751069, 2766841, 2782418, 2782467, **રાજકોટ જીએલ** (10-08-22): PB80GOL2696991, 2767600, **રાજકોટ કોઠારીયા રોડ જીએલ** (18-08-22): PF29GOL2788643, **રાજુલા જીએલ** (10-08-22): P70QGOL2738379, 2745392, 2756560, **રાપર જીએલ** (19-08-22): PF22GOL2743113, **સામખીયાળી જીએલ** (10-08-22): PC48GOL2741343, 2775355, **સાયલા જીએલ** (19-08-22): PF21GOL2690445, 2692545, 2703764, 2730901, 2735790, 2737847, 2740047, 2750139, 2776356, 2780738, 2791278, 2818727, 2862296, 2864024, 2877160, 2883727, 2899399, 2900027, 2909861, 2911028, 2924369, 2938252, 2991534, 2995618, 3026723, **સિહોર જીએલ** (11-08-22): P28GGOL2770641, 2776694, 2789300, **સુરત** (10-08-22): P428GOL2703989, 2705293, 2766940, **સુરેન્દ્રનગર** (19-08-22): P5J8GOL2691866, 2692667, 2699020, 2705315, 2726238, 2732683, 2732978, 2738787, 2742642, 2743045, 2746382, 2757225, 2767232, 2779693, 2780076, 2795324, 2815858, 2816426, 2845687, 2855618, 2858536, 2860314, 2867868, 2877077, 2877141, 2881612, 2889843, 2891351, 2902248, 2915554, 2951099, 2958148, 2962585, 2975762, 2979757, 2992320, 2993427, 2996263, **તારાપૂર જીએલ** (11-08-22): PB46GOL2689147, 2742763, 2779690, 2799869, **ઉંઘના જીએલ** (17-08-22): PB39GOL2725682, **ઉના ગુજરાત** (10-08-22): P80KGOL2748118, 2783650, **વડોદરા** (19-08-22): P413GOL2689527, 2690333, 2694058, 2695361, 2707155, 2718278, 2732997, 2753458, 2758904, 2776297, 2827864, 2845069, 2847687, 2850012, 2857366, 2862287, 2871569, 2873373, 2875017, 2881772, 2909575, 2938836, 2960196, 2963550, 3031527, **વડોદરા જીએલ** (18-08-22): PB41GOL2693090, 2711792, 2726775, 2752175, 2752534, 2755115, 2756698, 2762332, 2767567, 2781825, 2781953, **વલસાડ** (17-08-22): P434GOL2770583, 2798510, **વાપી** (18-08-22): P584GOL2737599, **વેરાવળ જીએલ** (19-08-22): P21IGOL2690039, 2693609, 2696767, 2697650, 2697749, 2720125, 2737342, 2761818, 2765657, 2767571, 2775776, 2779157, 2784179, 2791223, 2796212, 2796227, 2796332, 2798216, 2798973, 2806646, 2824056, 2830318, 2830475, 2834698, 2844089, 2858636, 2863995, 2876957, 2892036, 2909667, 2911116, 2918015, 2920398, 2924281, 2951247, 2957985, 2962106, 2964721, 2970975, 2975435, 2977976, 2987197, 2993264, 3001448, 3004667, 3007705, 3009009, 3009056, 3009266, **વ્યારા** (18-08-22): P4Z7GOL2704666, 2790958, 2794344, **દમણ જીએલ** (10-08-22): P29GGOL2708349, 2737875, 2738601, 2740109, 2793575, **સેલવાસ જીએલ** (18-08-22): PB51GOL2775689

**બજાજ ફાઇનાન્સ લિમિટેડ**

## તંત્રી સ્થાનેથી...

# વિપક્ષો દાંત અને નખ વગરના કેમ બની જાય છે?

વિપક્ષે પણ પોતાની ભૂમિકાને સાફ સુથરી રાખવી જોઈએ. દરેક પક્ષના વિધાયકોએ બોલવાની બાબતમાં સંયમ જાળવવો જોઈએ. આપણે હંમેશા જોયું છે કે ટીકા-ટીપ્પણીવાળા નિવેદનો થતા રહે છે, એના યોગ્ય ભાષા અને સંયમનો અભાવ પણ જોવા મળે છે. આ પ્રકારનું વલણ જરા પણ સ્વીકાર્ય નથી. ઘણા સમયથી આ પરંપરા ચાલતી આવી છે અને તેના પરિણામે રાજનીતિક મામલો પણ ડહોળાઈ જતો હોય છે. રાજકારણમાં વિપક્ષની તંદુરસ્તી સ્પર્ધા હોવી જોઈએ. સત્તાધારી પક્ષની કોઈ યોજનામાં, અથવા તેના અમલની પ્રક્રિયામાં કોઈ પ્રકારની ભૂલ દેખાવ તો સંયમપૂર્ણ ભાષામાં તેની રજૂઆત કરવી જોઈએ તેના સંયમનું તત્વ પણ જોડાયેલું રહેવું જોઈએ. આપણે પ્રજાના પ્રતિનિધિઓ છીએ એટલે આપણે સાચવીને સંભાળીને અને વિચારીને બોલવું જોઈએ, કોના વિશે બોલીએ છીએ તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. ભાષા કમસેકમ તોછડી ના હોવી જોઈએ. શબ્દો પણ યોગ્ય રીતે બોલાવા જોઈએ. હા, કહેવા જેવું ઘણું હોઈ શકે છે, પણ તે બાબતે ચોક્કસાઈથી રજૂઆત કરવી જોઈએ. વિપક્ષે પોતાનો પાલવ સાફ રાખીને પોતાના વલણ વ્યવહારમાં સ્પષ્ટ રહેવું જોઈએ. વિપક્ષના દરેક નેતાએ પોતાના પક્ષનું ગૌરવ અને ગરિમા જળવાય તે બાબતે તટસ્થ રહેવું જોઈએ. એમા જરા પણ કચાશ ચલાવી લેવાય નહીં. કોઈ એક નેતાના કારણે આખા પક્ષ સામે આંગળી ચીંધાય તે યોગ્ય ન ગણાય. પક્ષની શાખ આબરૂ બગડવાનું હિન કૃત્ય કોઈ કરે તે સ્વીકાર્ય ના ગણાય જોકે આઝાદી પછીના થોડા વર્ષો પછી સંસદીય કાર્યવાહીમાં બિનસંસદીય શબ્દો ઉચ્ચારાતા થયા છે. લોકસભામાં પણ ઘણો વાણી વિલાસ થતો જોવા, જાણવા મળે છે. ન્યુઝ પત્રોમાં પણ તે અંગેના અહેવાલો પ્રગટ થતા રહે છે. આ વાત તો ઘણી જૂની થઈ ગઈ છે. જોકે હવે તો વધારે વિચિત્ર પ્રકારના વર્તન વ્યવહારની નવાઈ નથી રહી. હા, આ ઉપરાંત વિપક્ષે પોતાને પણ સ્વચ્છ રહેવું, કોઈ તેની સામે, અથવા તેના કોઈ સભ્ય સામે આંગળી ચીંધી ના જાય તે માટે કાળજી લેવી જોઈએ. આપણે કેટલાક એવા દશ્યો પણ જોવા પડે છે જેને જોઈને આઘાત લાગે છે. રાજકારણમાં જોડાતા નેતાઓ શરૂઆતમાં કંઈ અલગ હોય છે અને એકાદ પદ પર પહોંચ્યા પછી તેમનામાં ખાસ્સો બદલાવ આવી જતો જોવા મળે છે. તેઓ વૈભવી જીવન જીવતા જોવા મળે છે. આજના નેતાઓએ પોતાના ભૂતકાળ તરફ જોઈને પગરણ માંડવા જોઈએ અને પ્રજાહિતના કાર્યોમાં રસ રાખવો જોઈએ.

એક એક રૂપિયો રળવા માટે સામાન્ય માણસ પરસેવો પાડતો રહે છે ત્યારે તેનો માંડ દાળ રોટીનો ખર્ચ નીકળે છે. ચૂંટેલા નેતાને જલસા કરતા જુએ છે અને તેમની તિજોરીમાંથી બેનંબરી નાણા નીકળે છે ત્યારે દુઃખ અનુભવે છે. આમ તો જન પ્રતિનિધિઓનો પાલવ કાળી કમાણીથી ખરડાતો રહે છે એવા ન્યુઝ અખબારમાં આવતા રહે છે. પરંતુ હમણા કંઈક આવી જ એક ઘટના પશ્ચિમ બંગાળમાં બની છે. ત્યાં મંત્રી પાર્થ ચેટર્જીના નિકટના સહયોગી અર્પિતા મુખર્જીના ઘરમાંથી લગભગ ૫૦ કરોડની રોકડના બંડલો અને પાંચ કિલો સોનું ઝડપાયું છે, અને તેની તસવીરો પણ અખબારે ચડી છે. પ્રવર્તન નિર્દેશાલય (ઇડી)એ છાપા ના માર્યા હોત તો પાર્થ ચેટર્જીનો અસલી ચહેરો સામે આવતા નહીં અને હમેશાની માફક સમાજમાં નિર્લજ્જ માથુ ઝુકાવી સન્માન મેળવતા રહેત. એટલું જ નહીં છાશવારે ભ્રષ્ટાચાર દૂર કરવાનો પાઠ પણ ગોખતા રહેત. આજ પ્રકારના અન્ય કેસોમાં ઝારખંડમાં મુખ્ય સચિવ તરીકે રહેતા પૂજા સિંઘલના ચહેરાનો નકાબ પણ હાલમાં જ ઉતરી ગયો છે. પરંતુ ભ્રષ્ટાચારના આ સમુદ્રમાં તો આ નાની નાની માછલીઓ છે.

> **વિપક્ષે પોતાનો પાલવ સાફ રાખીને પોતાના વલણ વ્યવહારમાં સ્પષ્ટ રહેવું જોઈએ. વિપક્ષના દરેક નેતાએ પોતાના પક્ષનું ગૌરવ અને ગરિમા જળવાય તે બાબતે તટસ્થ રહેવું જોઈએ**

ઈડી અથવા સીબીઆઈની કાર્યવાહીઓથી એકલ-દોકલ ચહેરા જરૂર સામે આવે છે પણ ભ્રષ્ટાચારના વહેતા પ્રવાહને રોકવામાં એ સક્ષમ નથી દેખાતા. ખાસ કરીને જ્યારે નિર્લજ્જતા એવી હોય કે તપાસ એજન્સીઓની કાર્યવાહીઓને 'રાજનીતિક દુરુપયોગ' બનાવવાનું ચલણ થઈ ગયું હોય, જો કે લગાતાર મળી રહેલ નોટોના બંડલો છતાં એમનું માન તરત લોપ નહીં થાય, લોકોની યાદદાસ્ત ટૂંકી હોય છે. અથવા અન્ય રાજનીતિક ઘટનાઓમાં તેમનું ચિત્ર ફંટાઈ જતા આવા બંડલબાજો વિસારે પડી જતા હોય છે.

એક વાત ચિંતાની એ છે કે દિન પ્રતિદિન સમાજમાં ભ્રષ્ટાચારના મૂળ વધુ ને વધુ ઊંડા ઉતરતા જાય છે આમ જોઈએ તો ઇડી-ધનશોધન નિવારણ અધિનિયમ (પીએમએલએ)ના દ્વારા કાર્યવાહી કરે છે. આ અધિનિયમમાં સખત નિયમો જોડાયા છે. પરંતુ વિડંબના એ છે કે ગત ૧૭ વર્ષોમાં ફક્ત ૨૩ લોકોને જ એના દ્વારા દોષી ઘોષિત કરાય છે.



# ૧૩૯ લાખ કરોડના આર્થિક બોજ હેઠળ દબાયેલું ભારત!

**ભારત પરનું કુલ દેવું ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધીમાં ૧૩૯ લાખ કરોડ થઈ ગયું છે, જે એક વર્ષ અગાઉ ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ એક લાખ ૨૧ લાખ ૨૩ હજાર કરોડ રૂપિયા હતું. જ્યારે માર્ચ ૨૦૨૩ સુધીમાં દેશનું કુલ જાહેર દેવું ૧૫૫ લાખ કરોડ રૂપિયાથી વધી જવાની ધારણા છે. તે મુજબ દેશના દરેક નાગરિક પર એક લાખ રૂપિયાથી વધુનું દેવું છે. જ્યારે દેશના નાગરિકની સરેરાશ વાર્ષિક આવક ઘટીને ૯૧,૪૮૧ રૂપિયા થઈ ગઈ છે.**

પંદરમા નાણાપંચના અધ્યક્ષ એનકે સિંઘની આગેવાની હેઠળની એક નિષ્ણાત સમિતિએ વર્ષ ૨૦૧૭માં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે જાહેર દેવું (કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને) પર GDPના ૬૦ ટકાની મર્યાદાની ભલામણ કરી હતી. આ ઉપરાંત ફિઝિકલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મેનેજમેન્ટ (FRBM) કમિટીની ભલામણ પર કેન્દ્રએ તેની દેવાની મર્યાદા GDPના ૪૦ ટકા અને રાજ્યોએ GSDPના ૨૦ ટકા પર રાખવાની મંજૂરી આપી હતી. પરંતુ ભારતમાં જાહેર દેવું ક્યારેય આ મર્યાદામાં આવ્યું નથી. દેવું અને જીડીપીનો રેશિયો આ મર્યાદાથી સતત આગળ વધી રહ્યો છે. એટલે કે ભારતની જીડીપીમાં ઘટાડો થઈ રહ્યો છે જ્યારે તેની વિરૂદ્ધ ભારતના દેવામાં પણ વધારો થઈ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ભારતનું જાહેર દેવું જીડીપીના ૬૯.૮ ટકા હતું. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં તે વધીને ૭૦.૭૮ ટકા થઈ ગયું હતું. જાહેર દેવું આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વધીને ૭૫.૭ ટકા અને ૨૦૨૦-૨૧માં જીડીપીના ૮૯.૪ ટકા થયું છે. જો કે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જાહેર દેવું જીડીપીના ૮૫.૨ ટકા રહ્યું હતું. પરંતુ જે રીતે કેન્દ્ર અને રાજ્ય સરકારોની મહેસૂલ ખાધ અને વેપાર ખાધ વધી રહી છે તેમ તેમ દેશનો વિદેશી મૂડી ભંડાર ઘટી રહ્યો છે, વિકાસ દરના અંદાજમાં ઘટાડો થઈ રહ્યો છે. જે ખરેખર ચિંતાની બાબત છે.

જીડીપી અને દેવાના ગુણોત્તરમાં વધારો સીધો જ મહેસૂલ ખાધમાં વધારો સૂચવે છે. એટલે કે ખર્ચના પ્રમાણમાં આવક થઈ રહી નથી. સરકારનું બજેટ સામાન્ય રીતે ખાધનું હોય છે. તેઓ લોન લઈને નુકસાન ભરપાઈ કરે છે. જ્યારે મહેસૂલ વસૂલાતનો અંદાજપત્રીય લક્ષ્યાંક સિદ્ધ થતો નથી ત્યારે જ સૌથી ખરાબ સ્થિતિ સર્જાય છે. આવી સ્થિતિમાં, વિકાસ યોજનાઓ અને કલ્યાણકારી યોજનાઓ કાં તો બંધ કરવી પડશે અથવા તેને પૂર્ણ કરવા માટે લોન લેવી પડશે. સામાન્ય રીતે દેવાની બે શ્રેણીઓ હોય છે - આંતરિક અને બાહ્ય. દેશની અંદર સરકારી સિક્યોરિટીઝ, રિઝર્વ બેન્ક, કોમર્શિયલ બેન્કો અને નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓમાંથી આંતરિક દેવું ઊભું કરવામાં આવે છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) સરકાર માટે ડેબ્ટ મેનેજર તરીકે કામ કરે છે. સરકારનું મોટા ભાગનું દેવું આંતરિક છે. પરંતુ ઘણા પ્રોજેક્ટ માટે વિદેશમાંથી લોન પણ લેવી પડે છે. મુદતના આધારે લોનની પણ ત્રણ શ્રેણીઓ છે - ટૂંકા ગાળાની, મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની. ટૂંકા ગાળાની લોન એક વર્ષ સુધીની, મધ્યમ ગાળાની લોન દસ વર્ષ સુધીની અને લાંબા ગાળાની લોન પચીસથી પચાસ વર્ષ સુધીની હોય શકે છે. જો કે અહિયાં એ વાત યાદ રાખવી જોઈએ કે લોનની મુદત સાથે લોન પર વ્યાજ દર વધે છે.

જાહેર ઋણમાં સૌથી વધુ ચિંતાનું કારણ વિદેશી હોય છે. કારણ કે વિદેશી દેવાની ચુકવણીમાં કોઈપણ પ્રકારનો વિલંબ થાય ઓ તે દેશની પ્રતિષ્ઠા પર ડાઘ લગાવે છે. એક વર્ષ અગાઉ ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધીમાં ભારતનું વિદેશી દેવું ૮.૨ ટકા વધીને ૬૨૦.૭ અબજ ડોલર થયું હતું. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં દેશ પર વિદેશી દેવું ૫૨૯.૭ બિલિયન ડોલર હતું. ફક્ત ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં વિદેશી દેવામાં આટલો મોટો વધારો થવો એ બેશક આપણાં દેશ માટે સારી બાબત ન કહી શકાય. ભારત માટે ચિંતાનો વિષય એ છે કે એક તરફ વિદેશી દેવું વધી રહ્યું છે તો બીજી તરફ દેશનો વિદેશી મુદ્રા ભંડાર (ફોરેક્સ રિઝર્વ) ઘટી રહ્યો છે. ૮ જુલાઈ, ૨૦૨૨ ના રોજ ભારતનું ફોરેક્સ રિઝર્વ ૫૮૦.૨૫૨ બિલિયન ડોલરની છેલ્લાં પંદર મહિનાની સૌથી નીચી સપાટીએ આવી ગયું છે.

> **ભારતીય અર્થતંત્રમાં અસંતુલનનો રોગ એ હદે વકર્યો છે કે માંગના અભાવ છતાં મોંઘવારી ચરમસીમાએ છે. ફુગાવાને અંકુશમાં લેવા માટે પગલાં લેવામાં આવે તો મહેસૂલી ખાધ વધે, મોંઘવારી વધે તો રૂપિયો તૂટે, રૂપિયાને અંકુશમાં રાખવાનો પ્રયાસ થાય તો વિદેશી મૂડીભંડાર ઘટે. એટલે જ, અર્થતંત્રના આ ઉતાર-ચઢાવની સીધી અસર સામાન્ય જનતાને જ થાય છે.**

કોઈ પણ દેશના જીડીપીના પ્રમાણમાં જાહેર દેવું વધે તો આવકનો મોટો હિસ્સો જ વ્યાજ ચૂકવવા તરફ જતો રહે છે. કે જે જાહેર પ્રોજેક્ટ્સને અસર કરે છે, વિકાસ દરને અસર કરે છે. જેનાથી બેરોજગારી વધે છે, મોંઘવારી વધે છે અને સામાન્ય માણસનું જીવનધોરણ પણ નીચું આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કેન્દ્ર સરકારની આવકના ત્રેતાલીસ ટકા એટલે કે લગભગ આઠ લાખ કરોડ રૂપિયા માત્ર લોનના વ્યાજની ચૂકવણીમાં જ ખર્ચવામાં આવ્યા હતા. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં વ્યાજની રકમમાં લગભગ ૧૫ ટકાનો વધારો થવાનો અંદાજ છે અને આ રીતે વ્યાજ પાછળ ખર્ચવામાં આવેલી રકમ લગભગ નવ લાખ કરોડ રૂપિયા થઈ શકે છે. એટલું જ નહીં, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આવકના પચાસ ટકા વ્યાજ ચૂકવવાની અપેક્ષા છે.

એટલે હવે પ્રશ્ન એ થાય છે કે દેવું અર્થતંત્ર પર આટલું બોજ કેમ બને છે? જીડીપી દેવાના પ્રમાણમાં શા માટે વધતું નથી? હકીકતે બજાર આધારિત અર્થતંત્ર માંગ અને પુરવઠાના આધારે કાર્ય કરે છે. બજારમાં માંગ વધી રહી છે, પુરવઠો પણ તે જ પ્રમાણમાં વધી રહ્યો છે. તો વિકાસ દર વધશે. નવી રોજગારીનું સર્જન થશે અને અંતે અર્થતંત્રનું કદ પણ વધશે. પરંતુ માંગ અને પુરવઠા વચ્ચેનું સંતુલન બગડવાથી દેવું બોજ બની જાય છે. એટલે કે દેવું જીવનરક્ષક છે, પરંતુ ખોટા સમયે ખોટા સ્થળે ખોટો દેવું થવાથી તે અર્થતંત્ર માટે ઝેર બની જાય છે.

આજે ભારતીય અર્થવ્યવસ્થા સાથે પણ કંઈક આવું જ બન્યું હોવાનું દેખાઈ રહ્યું છે. જ્યાં જરૂર હતી ત્યાં ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. જ્યારે માંગ વધારવાની જરૂર હતી ત્યારે પુરવઠો વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. હવે કારણ ગમે તે હોય. બેશક કોવિડ રોગચાળો પણ એક પરિબળ રહ્યો છે. પરંતુ અસંતુલનનો આ રોગ હવે અર્થતંત્રને લાગી ચૂક્યો છે. અસંતુલિત અને અનુચિત ખર્ચને કારણે ઉપલબ્ધ સંસાધનો નિરર્થક બની ગયા જેથી દેવું બોજ બની ગયું. આજે આ બોજ એટલો ભારે થઈ ગયો છે કે તેની નીચે દબાયેલી અર્થવ્યવસ્થાનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે. એટલે જ ભારતીય અર્થતંત્રને ફરી બેઠું કરવા માટે ભારતીય બજારોમાં માંગ અને પુરવઠાને સંતુલિત કરવું એ પ્રાથમિક જરૂરિયાત બની ગઈ છે.

# ખુદ આપણે આપણા જીવનને માંગલિક બનાવીએ

વૈરીને પણ પ્રેમ આપી જે સ્વજન બનાવી શકે અને સ્વજનને સ્નેહ આપી જે સુજન અને સજ્જન બનાવી શકે. આવી તાકાત જેનામાં આવે તેનું જીવન મંગલ છે. મારા જીવનમાં કાંટા વેરનારના જીવનના પથમાં હું પુષ્પો પાથરીશ આવી જેની પ્રવૃત્તિ અને મનોવૃત્તિ છે એનું જીવન મંગલ છે. આવી વૃત્તિ એટલે આપણે બોલીએ ''મંગલં ભગવાન વીરો'' એ મહાવીર પ્રભુની વૃત્તિ છે. ક્ષમાશીલ વીરની વૃત્તિ છે. આજના શ્રાવણ માસના પ્રારંભ દિને બેસતા મહિનાના દિવસે તમે સહુ મહામાંગલિકનું શ્રવણ કરવા આવ્યા છો, મહા માંગલિકનું શ્રવણ બહુ સારી ચીજ છે પણ એથી પણ ઉત્તમ વાત એ છે કે ખુદ આપણે આપણા જીવનને માંગલિક બનાવીએ.

## ધર્મશ્રવણ કરતાં જ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની આરાધનાનો ઉત્સાહ વધતો જાય છે

ગીતાર્થ ગચ્છાધિપતિ જૈનાચાર્ય રાજયશસૂરીશ્વરજી મહારાજે ઉક્તાશયના ઉદ્ગાર વ્યક્ત કરતાં સુવિશાલ સભાને ઉદ્બોધન કરતાં ફરમાવેલ કે શ્રાવણ માસ એટલે ધર્મશ્રવણનો માસ. જૈનોમાં તો ચાતુર્માસ બિરાજમાન જૈન સંતો પ્રતિદિન પ્રવચન શ્રવણ કરાવતાં જ હોય છે. પણ જૈનેતર ધર્મોમાં પણ આ દિવસોમાં આ શ્રાવણ માસમાં ધર્મ શ્રવણનું ખાસ મહત્ત્વ હોય છે. ધર્મશ્રવણ કરતાં જ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની આરાધનાનો ઉત્સાહ વધતો હોય છે. અનેક પ્રકારની તપ આરાધના-માસક્ષમણ-સોળ ઉપવાસ, સિદ્ધિતપ - અઠ્ઠાઈ આદિ અનેક પ્રકારની વિવિધ તપસ્યાઓનો પ્રારંભ શ્રાવણ માસમાં થતો હોય છે. તપનો ઉત્સાહ જાગવો જોઈએ.

જ્યોતિષ શાસ્ત્ર એ મહાન શાસ્ત્ર છે. એમાં આરંભસિદ્ધિના જેવા અનેક ગ્રંથો છે. જ્યોતિષ મહાસાગર નામનો પણ ગ્રંથ છે. એમાં જણાવ્યું છે કે, કોઈ પણ સારું કાર્ય કરવું હોય તો આપણે હંમેશ સારું મંગલ મુહૂર્ત જોતાં હોઈએ છીએ. એમાં તિથિ-વાર-ગ્રહ-નક્ષત્ર-સામોકાળ આદિ અનેક વસ્તુ જોવામાં આવે છે. પરંતુ આવું કોઈ પણ મુહૂર્ત જોવામાં ન આવ્યું હોય તો પણ મજબૂત મનના ઉત્સાહી માણસનું કામ સફળ થઈ જાય છે. ''ઉત્સાહો પ્રગલમતે'' ઉત્સાહ એ પરમ શુભ મંગલ મૂહુર્ત છે.

મારા પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મહારાજે આજથી લગભગ પંચાણુ વર્ષ પૂર્વે માત્ર ચૌદ વર્ષની ઉંમરે ભાગીને દીક્ષા લીધી હતી. તે વખતે કટોકટીનો સંયોગ એવો હતો કે દીક્ષા આપતાં પહેલાં મૂહુર્ત જોવાનો સમય ન હતો. દીક્ષા થઈ ગયા બાદ કોઈએ કહ્યું અલ્યા, મુહૂર્ત તો જુઓ કે ક્યા મુહૂર્તમાં દીક્ષા થઈ છે? મૂહુર્ત જોયું તો ''યમઘંટ'' આ મુહૂર્તમાં કોઈ પણ કાર્ય કરે તો છ મહિનામાં તો બધું સમાપ્ત થઈ જાય.

દીક્ષા લેવા માટે પૂ. ગુરુદેવનો એટલો બધો ઉત્સાહ હતો કે એ એકલા દીક્ષા લેવા માટે ન્હોતા આવ્યા. સાથે પોતાના પિતાજીને પણ ઘરેથી ભગાડી સાથે લાવ્યા હતા. યમઘંટ મૂરત સાંભળી તેઓ બોલી ઉઠ્યા મારા મોહ માટે યમઘંટ વાગી ગયો. એમના ઉત્સાહે એ મુહૂર્તને એવું મહામંગલ બનાવ્યું કે એમણે એમના જીવનમાં અનેક વૈક્રમી કાર્યનો મહામંગલમય ડંકો વગાડ્યો.



જૈન જગત

- રાજયશસૂરિશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિશ્રીએ ફરમાવેલ કે વિશ્વશાંતિકર ''શાંતિ'' સ્તોત્ર છે. આપણામાં શાંતિ લાવવા માટે સર્વ પ્રથમ આપણામાં અનેક પ્રકારની ભ્રાંતિ ભરી છે, એ ભ્રાંતિને તોડવાની જરૂર છે. ઘણાંને એવી ભ્રાંતિ હોય છે કે હું ઉપવાસ કરું તો મરી જ જાઉં. મારાથી આ શક્ય નથી જ. આપણા ગુજરાતીમાં એક કહેવત છે જે રોતો જાય તે મૂઆના જ સમાચાર લઈને આવે. જેની આવી નેગેટીવ વિચારધારા છે તેઓ કશુ કરી શકતા નથી. પણ જેઓ નિર્ધાર કરે છે કે મારે આમ કરવું જ છે તો થયા વગર રહે નહીં.

ચાર પાંચ વર્ષ પહેલા અમે અમદાવાદ તુલસી સંઘમાં ચોમાસુ હતા. ત્યાં નાના બાળકોને અઠ્ઠાઈ તપ કરવા પ્રેરણા કરેલી. આ બાળકોમાં માત્ર સાડા પાંચ વર્ષની છોકરી કિન્નરી એનું નામ. એની મમ્મીને સિદ્ધિ તપ ચાલતો હતો. કિન્નરી કહે મારે પણ અઠ્ઠાઈ કરવી છે. એના મમ્મી-પપ્પા સારા ઉત્સાહી હતા. વિચારે છે છોકરી નાની છે પણ અને કરવાનું મન થયું જ છે તો કરવા દો. થશે તો મહામંગલ. કિન્નરીના પાંચ ઉપવાસ તો રમતાં રમતાં થઈ ગયા પણ છઠ્ઠા દિવસે થોડી ઢીલી પડી ગઈ. મમ્મી-પપ્પા પૂછે છે, પારણું કરવું છે? તારા પાંચ ઉપવાસ આપણે અઠ્ઠાઈની જેમ ઉજવીશું. પણ પેલી ખૂબ મક્કમ પારણું તો કરવું જ નથી. પારણું તો મમ્મી સાથે જ કરીશ. છેલ્લા ત્રણ દિવસ એના પપ્પા તેડીને વાસક્ષેપ નંખાવવા લઈ આવે. અમે પૂછીએ, બેબી! તારે પારણું કરવું છે? ના મહારાજ! મને સરસ મંત્ર ગણીને વાસક્ષેપ નાખી આપો અને હું પાણી લાવી છું, એ પણ મંત્રી આપો. એનાથી મારી અઠ્ઠાઈ થઈ જશે. અને છેલ્લા ત્રણ દિવસ અઘરું થતું હોવા છતાં મક્કમતાપૂર્વક પૂર્ણ કર્યા. મા-બાપે પણ પૂરો સપોર્ટ કર્યો. ક્યારેય કોઈને ઢીલાં પાડવા નહીં.

## ગચ્છાધિપતિશ્રીએ ફરમાવેલ કે વિશ્વ શાંતિકર "શાંતિ" સ્ત્રોત છે

તપમાં શારીરિક શક્તિ કરતાં મનની સંકલ્પશક્તિ વિશેષ ઉપયોગી થાય છે. આજનું મનોવિજ્ઞાન કહે છે કે માત્ર સંકલ્પ શક્તિથી કેટલા બધા કાર્યો સિદ્ધ થાય છે, પણ હજુ જોઈએ તેવા પ્રયોગો આપણે કરતાં નથી.

પૂજ્યશ્રીએ ખૂબ મહત્ત્વની વાત કરતાં જણાવેલ કે કક્કાનો છેલ્લો અક્ષર ''હ'' છે. આ ''હ'' કાર ગાર્ડમાસ્તર છે. અક્ષરોમાં એને મહાપ્રાણ કહેવાય છે. આ મહાપ્રાણરૂપ ''હ'' છે. આપણામાં મુખમાંથી નીકળે 'હા' મારાથી થશે જ એટલે આપણામાં એક પોઝીટીવ પાવર પેદા થાય છે. અને એનું પરિણામ પોઝીટીવ સારું જ આવે છે.

એક સાધુ સામે મળે અને તમને 'અપશુકન' રૂપ લાગે તો તમારું કામ બગડે જ કારણ કે તમારી દૃષ્ટિ નેગેટીવ છે પણ જેને સાધુ ''શુકન'' રૂપ લાગે એને બધે ફાયદો જ થાય કારણ કે દૃષ્ટિ પોઝીટીવ છે.

પોઝીટીવ વિચારધારા સ્વયં મંગલ બની જીવનનું પણ મંગલ કરે છે. ખુદ મંગલ બનો અને જીવન પણ મંગલમય બનાવો.

# જ્યારે, રાજ્યપાલ અને મુસાફરો દેવદૂત બનીને ઉભરી આવ્યાં

વિમાનની મુસાફર આમ તો આનંદદાયક અને ઝડપથી પહોંચવા માટે આદર્શ કહી શકાય. પરંતુ ચાલુ વિમાને જ્યારે ઉંચે આકાશમાં કોઈ મુસાફરની તબિયત બગડે ત્યારે ભલભલાના જીવ અધ્ધર થઈ જાય. અને તેમાં જો ખુદ પાયલટ બિમાર પડી જાય કે બેભાન થઈ જાય તો...? એવા બે મહત્વપૂર્ણ કિસ્સા દાખલારૂપ અને વિમાની સેવા આપતી એરલાઇન કંપનીઓ માટે તેમાંથી બોધપાઠ લેવાની આવશ્યકતા છે એમ કહી શકાય.



વિમાનમાં પ્રવાસ કરી રહેલા એક મેડિકલ ડોક્ટર અને રાજ્યપાલે જ્યારે એક દર્દીનો જીવ બચાવ્યો તે કિસ્સાની વિગતોમાં જોઈએ તો, તેલંગાણાના રાજ્યપાલ ડો. તમિલિસાઈ સુંદરરાજને સરાહનીય કાર્ય કર્યુ છે. તેઓ દિલ્હીથી હૈદરાબાદ જતી ફ્લાઈટમાં ઉડાન ભરી રહ્યા હતા. તે સમયે તેમના સહયાત્રી માટે તેમણે એક ડોકટરની ભૂમિકા ભજવી હતી.

ઈન્ડિગોની ફ્લાઈટમાં એર હોસ્ટેસ તરફથી પેનિક કોલ આવ્યો હતો કે શું આ ફ્લાઈટમાં કોઈ ડોકટર છે? ડો. સુંદરરાજને ટ્વિટ કર્યુ કે એક યાત્રીને ખૂબ જ પરસેવો થઈ રહ્યો હતો, તે સમયે ડો. તમિલિસાઈ સુંદરરાજન તેની પાસે ગયા હતા. યાત્રીમાં અપચાના લક્ષણ જોવા મળી રહ્યા હતા. ડો. સુંદરરાજને યાત્રીને સીધા સુવડાવી દીધી અને તેની પ્રાથમિક તપાસ કરી અને દવાઓ આપી હતી. ત્યારે દર્દીની સાથે સાથે અન્ય યાત્રીઓના ચહેરા પર પણ ખુશી જોવા મળી હતી.

ફ્લાઈટે હૈદરાબાદમાં લેન્ડ કર્યુ ત્યારે બિમાર યાત્રીને વ્હીલચેયર પર એરપોર્ટ પરના મેડિકલ બૂથ પર લઈ જવામાં આવ્યા હતા. ડો. સુંદરરાજને સમય સૂચકતા વાપરવા અંગે અને સુવિધા આપવા અંગે એર હોસ્ટેસ અને કર્મચારીઓની સરાહના કરી અને એરલાઈન માટે કેટલાક સૂચનો પણ કર્યા છે..

> **ડો. સુંદરરાજને પોતાનું કરિઅર M.B.B.S., ગાયનેકોલોજીમાં P.G. પૂર્ણ કર્યા બાદ મેડિકલ પ્રેક્ટીશનર તરીકે શરૂ કર્યું હતું. રાજનીતિમાં આવતા પહેલા તેઓ એક ફિઝિશિયન હતા...**

રાજ્યપાલે વિમાની કંપનીઓને સુચન કર્યુ છે કે, ફર્સ્ટ એઈડ કિટનો ઉપયોગ કરી શકાય તે રીતે રાખવી જોઈએ એને સામગ્રીનું દૈનિક રૂપે વેરિફિકેશન કરવું જોઈએ. તેમણે ઈન્ડિગો એરલાઈનને સૂચન કર્યું કે, યાત્રા કરનાર ડોકટરોનો ચાર્ટ રજૂ કરવો જોઈએ, રેલવેમાં પણ ઈમરજન્સી સમયે આ પ્રકારે કરવામાં આવે છે. સવારના ૪ વાગી રહ્યા હતા અને તે કોલ પિક અપ કરવા માટે ઊભા થયા હતા. ઊંઘના સમયે કોઈ વ્યક્તિ કોલ પર ધ્યાન ન આપી શકે. રાજ્યપાલે એરલાઈનને સલાહ આપી કે, ફ્લાઈટમાં બિમાર વ્યક્તિની મદદ કરવા માટે ક્રૂ મેમ્બરને કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન તાલીમ આપવી જરૂરી છે. મારી તમામ નાગરિકને સલાહ છે કે, ઈમરજન્સી પરિસ્થિતિમાં અન્ય લોકોને બચાવવા માટે CPR તાલીમ લેવી જરૂરી છે. જેથી તમામ નાગરિકોએ આ તાલીમ લેવી જોઈએ,.

ડો. સુંદરરાજને પોતાનું કરિઅર M.B.B.S., ગાયનેકોલોજીમાં P.G. પૂર્ણ કર્યા બાદ મેડિકલ પ્રેક્ટીશનર તરીકે શરૂ કર્યું હતું. રાજનીતિમાં આવતા પહેલા તેઓ એક ફિઝિશિયન હતા. તેલંગાણાના રાજ્યપાલે તાજેતરમાં ભદ્રાદ્રી-કોઠાગુડેમ જિલ્લાના પૂરથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી. ભારે વરસાદ અને કીચડ હતો, તેમ છતાં તેમણે તે વિસ્તારની મુલાકાત લીધી હતી અને રાહત શિબિરમાં લોકો સાથે વાત કરી હતી.

## મિગ-૨૧ વિમાનો પાંચ વર્ષ પણ ઊડાવી શકાય એમ નથી

# એરફોર્સનો મિગની વધુ એક સ્કવોડ્રન નિવૃત્ત કરવાનો નિર્ણય

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય એરફોર્સ ૬૦ વર્ષથી જેનો ઉપયોગ કરે છે તે મિગ-૨૧ વિમાનો હવે એટલા જોખમી બની ગયા છે કે એરફોર્સ હવે આ વિમાનોને પાંચ વર્ષ પણ ઉડાવી શકે તેમ નથી. ગઈકાલે રાજસ્થાનમાં મિગ-૨૧ ટાઈપ- ૬૯ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું જેમાં બે યુવાન પાઈલટના મોત થયા હતા. વિંગ કમાન્ડર એમ. રાણા અને ફ્લાઈટ લેફટનન્ટ અદ્વિતિય બાલ જેવા હોનહાર પાઈલટ ગુમાવ્યા પછી એરફોર્સની આંખ ઉઘડી છે અને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં મિગ બિસન વિમાનની વધુ એક સ્ક્વોડ્રનને રિટાયર કરી દેવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત ૨૦૨૫ સુધીમાં બાકીના મિગ વિમાનોને પણ સેવાનિવૃત્ત કરી દેવામાં આવશે.



ભારતીય એરફોર્સ (આઈએએફ) હવે સ્વદેશી બનાવટના એલએસી તેજસ વિમાનોનું ઉત્પાદન વધારવા પર ધ્યાન આપશે અને સોવિયેત યુગના વિમાનોને માનભરી વિદાય આપવામાં આવશે. મિગ વિમાનોના એક્સિડન્ટ એટલા બધા વધી ગયા છે કે તેના પર દેશની સુરક્ષાનો ભાર મુકી શકાય તેમ નથી. ઈન્ડિયન એરફોર્સના અધિકારીએ જણાવ્યું કે શ્રીનગર એરબેઝ ખાતે આવેલી ૫૧ સ્ક્વોડ્રનને ૩૦ સપ્ટેમ્બરે રિટાયર કરી દેવામાં આવશે. ત્યાર પછી મિગ વિમાનોની માત્ર ત્રણ સ્ક્વોડ્રન સર્વિસમાં રહેશે અને તેને પણ ૨૦૨૫ સુધીમાં દૂર કરવામાં આવશે. દર વર્ષે એક-એક સ્ક્વોડ્રનને સેવામાંથી હટાવવામાં આવશે. ઈન્ડિયન એરફોર્સ (આઈએએફ) માટે મિગ-૨૧ વિમાનોએ વર્ષોથી કરોડરજ્જુનું કામ કર્યું છે. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પાકિસ્તાનના હવાઈ હુમલાને નિષ્ફળ બનાવવામા ૫૧ સ્ક્વોડ્રનની મુખ્ય ભૂમિકા રહી હતી. જોકે, આ વિમાનોનો સેફટી રેકોર્ડ બહુ ખરાબ છે અને એરફોર્સ તેની જગ્યાએ રશિયન બનાવટના સુખોઈ-૩૦ વિમાનો તથા સ્વદેશી બનાવટના લાઈટ કોમ્બેટ એરક્રાફટ (એલસીએ)ને ગોઠવી રહી છે.

છેલ્લા ૨૦ મહિનામાં છ મિગ-૨૧ વિમાનો તૂટી પડ્યા છે જેમાં પાંચ પાઈલટના મોત નિપજ્યા છે. મિગ વિમાનોને ઘણા વર્ષો અગાઉ જ નિવૃત્ત કરી દેવાના હતા, પરંતુ એલસીએ એરક્રાફટ તૈયાર કરવામાં એટલો બધો વિલંબ થયો કે એરફોર્સે મિગ વિમાનોને સર્વિસમાં રાખવા પડ્યા છે.

### મિગના વધતા જતા અકસ્માતનો પગલે વર્ષ ૨૦૨૫ સુધીમાં બાકીના મિગ વિમાનોને પણ સેવાનિવૃત્ત કરી દેવાનો એરફોર્સ દ્વારા નિર્ણય કરાયો

અધિકારીઓએ કહ્યું કે મિગ વિમાનો જૂના હોવા છતાં દરેક ફલાઈટ અગાઉ આ વિમાની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવે છે અને વિમાન ટેક ઓફ કરે તે પહેલાં સુરક્ષાના બધા નિયમોનું પાલન કરવામાં આવે છે. ભારતે તાજેતરમાં ફ્રાન્સ પાસેથી રફાલ વિમાનો પણ ખરીદ્યા છે, પરંતુ મિગ વિમાનોની સંખ્યા બહુ મોટી છે અને તેટલા પ્રમાણમાં રફાલની ડિલિવરી હજુ મળી નથી. કિંમતની રીતે જોવામાં આવે તો પણ મિગની જગ્યાએ સ્વદેશી બનાવટના એલસીએ વિમાનો ગોઠવવા વધુ ઉપયોગી જણાય છે.

## જમ્મુ કાશ્મીરમાં મેઘતાંડવ, બચાવ કાર્ય પૂરજોશમાં

# દેશના અનેક ભાગોમાં આગામી ૪-૫ દિવસ ભારે વરસાદ પડશે

નવી દિલ્હી, તા.૨૯

દેશના જુદા જુદા ભાગોમાં વરસાદે તબાહી મચાવી છે. હવામાન વિભાગે કેટલાક ભાગોમાં ભારે વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ તમામ રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આઈએમડીએ ટ્વિટ કર્યું છે કે, આગામી ૪થી ૫ દિવસ સુધી મધ્ય, પશ્ચિમ, પૂર્વ અને દક્ષિણ ભારતમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં આજે (૨૯ જુલાઈ) ભારે વરસાદથી એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલ પ્રદેશમાં આજથી ૩૧ જુલાઈ સુધી ભારે વરસાદ પડશે. ઉત્તરાખંડમાં ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી ભારે વરસાદ ચાલુ રહેશે. હરિયાણામાં ૨૯ અને ૩૦ જુલાઈએ ભારે વરસાદ થશે. તેમજ પૂર્વી યુપીમાં ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ વચ્ચે ભારે વરસાદની શક્યતા છે. પંજાબ, ઉત્તર હરિયાણા જેવા રાજ્યોમાં ભારે વરસાદને કારણે એલર્ટ છે. પૂર્વ મધ્યપ્રદેશ, દરિયાકાંઠાના અને

### ગંદરબાલમાં ભારે વરસાદ, ભૂસ્ખલન થતા શ્રીનગર-લેહ હાઈવે બંધ:જમ્મુમાં શાળાના બાળકો તણાઈ ગઆ

ઉત્તરીય આંતરિક કર્ણાટક, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં ૨૯ જુલાઈએ ભારે વરસાદ થઈ શકે છે.

ઝારખંડમાં ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી ભારે વરસાદ પડશે. તે જ સમયે જો બિહારની વાત કરીએ તો ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી ભારે વરસાદ પડશે.

તારીખ ૧ અને ૨ ઓગસ્ટના રોજ કોસ્ટલ આંધ્ર પ્રદેશમાં ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન તામિલનાડુ, પુડુચેરી, કેરળ અને માહેમાં ભારે વરસાદ પડશે. તે જ સમયે, બિહારમાં ૩૦ અને ૩૧ જુલાઈએ ભારે વરસાદનું એલર્ટ છે. સાથે જ પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી ૫ દિવસ સુધી ભારે વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ જાહેર કર્યું છે.

**ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો.ઓપરેટીવ બેંક લિ. (ફડચામાં)**
મુખ્યકચેરી :- ધી યુનિયન કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી બિલ્ડીંગ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪. ટેલી નં. ૦૭૯ - ૨૭૫૪૪૫૪૫
રજિસ્ટર્ડ ઓફીસ : શ્રીનિકેતન, નવાપુરા, પારસીશેરી, સુરત - ૩૯૫૦૦૩. ફોન. ૦૨૬૧-૨૪૩૪૩૦૬

**જાહેર ચેતવણી**

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ, તાલુકો કલોલ, ગામઃ સાંતેજ, સર્વે નં. ૨૧૩, બીનખેતી કુલ ક્ષેત્રફળ હે. આરે.ચો.મી. ૦-૫૯-૪૬ વાળી મિલકત તેના માલિક / ધારણકર્તા ઠાકોર કાળાજી હિરાજી તથા અન્ય ૫ (પાંચ) ના ઓએ અમો, ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક લી., રીલીફ રોડ શાખા, અમદાવાદ માં મનાલી માર્કેટીંગના નામે આપેલ ધિરાણમાં તારણમાં આપેલ છે. જે લોનની ભરપાઈ કરવામાં તેઓ તરફથી કસૂર કરતાં અમો ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક લી. એ તેઓની વિરૂધ્ધ મે. આર્બીટ્રલ ટ્રીબ્યુનલમાં લવાદ કેસ નં. ૦૮/૨૦૧૧ થી વસુલાત તથા જાથુકની મનાઈ અંગેના દાવો નોંધાવેલ છે. જે દાવાના કામે પક્ષકારોને સાંભળીને નામ, આર્બીટ્રલ ટ્રીબ્યુનલે સદર મિલકત ઉપર મનાઈહુકમ ફરમાવેલ છે. જે સંજોગોમાં સદર મિલકત કોઈપણ ઈસમે તેમના માલિકો / ધારણકર્તાઓ પાસેથી તેમના થકીના કોઈપણ ઈસમ પાસેથી મિલકતનું ચોખ્ખું ટાઈટલ ન હોઈ ખરીદ કરવી નહિ. કે ભાડે રાખવું નહિ, કે અન્ય કોઈપણ રીતે કે પ્રકારે તબદિલીની પ્રવૃત્તિમાં ભાગ લેવો નહિ, છતાં જો કોઈપણ ઈસમ કે અન્યો પડતર દાવાની કાર્યવાહી દરમ્યાન એવી કોઈ તબદિલીની કાર્યવાહીમાં ભાગ લેશે તો તે વ્યક્તિના નાણાં ડુબમાં જશે તથા ચાલુ તકરાર દરમ્યાન સદર મિલકતો ખરીદનારા શુધ્ધ બુધ્ધિપૂર્વકના મિલકત ખરીદ કરનારા હોવાની તેમની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. બલ્કે નાહકના કોર્ટ લીટીગેશનમાં ઉતરવું પડશે. ઉપરાંત સદર મિલકત પરત્વેના કોઈપણ ઈસમોને કોઈપણ પ્રકારના ચોખ્ખા અને માર્કેટેબલ રાઈટસ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ પ્રાપ્ત થશે નહિ, તેમછતાં આ મિલકતમાં અનઅધિકૃત કબજો કે ગેરકાયદેસર પ્રવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે તો ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે આથી જાહેર નોંધ લેવી.

સ્થળઃ અમદાવાદ
તા. ૨૯-૦૭-૨૦૨૨

એચ.એસ. પટેલ આઈ.એ.એસ. (નિ)
ફડચા અધિકારી
ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક લી. (ફડચામાં)

**જાહેર નોટીસ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ, અમદાવાદ તથા સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (બોપલ)ના ઘાટલોડિયા તાલુકાના મોજે શીલજની સીમના (એ) એકત્રીસ બ્લોક નં. ૧૪૯૭/અ+૧૫૦૨+૧૫૦૪+ ૧૪૭૨ +૧૪૭૧+૧૪૭૦ની ૨૫૨૭૯ સ. ચો. મીટર (જુના બ્લોક નં. ૧૪૭૦ની ૫૬૬૫ સ.ચો.મીટર, બ્લોક નં. ૧૪૭૧ની ૪૬૫૫ સ.ચો.મીટર, બ્લોક નં. ૧૪૭૨ ની ૪૯૫૭ સ.ચો.મીટર, બ્લોક નં. ૧૫૦૨ની ૨૫૨૯ સ.ચો.મીટર, બ્લોક નં. ૧૪૯૭/અની ૫૩૫૧ સ.ચો. મીટર, બ્લોક નં. ૧૫૦૪ની ૨૧૨૨ સ.ચો.મીટર (બી) બ્લોક નં. ૧૪૯૭/બ/૧ની ૫૨૩૬ સ.ચો.મીટર (સી) બ્લોક નં. ૧૪૭૪ની ૮૧૯૪ સ.ચો.મીટર, એમ કુલ સઘળી ૩૮૭૦૯ સ.ચો.મીટરની જમીન પૈકી એગ્રીકલ્ચર ઝોનમાં સમાવિષ્ટ થતી ૧૮૨ સ.ચો.મીટર જમીન બાદ કરતા બાકી રહેતી ૩૮૫૨૭ સ.ચો.મીટરની બિનખેતીની જમીન અન્વયે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના તા. ૬-૫-૨૦૨૨ના અભિપ્રાય પ્રમાણે સદર જમીનનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૫૨/જી (શીલજ)માં થતાં આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૨/૧ તથા ફાઈનલ પ્લોટ નં. ૧૦૨/૨ની જમીન પૈકી ફાઈનલ પ્લોટ નં. ૧૦૨/૧ની ૧૮૬૨૭ સ.ચો.મીટર પૈકી પ્લોટ નં. ૧ વાળી ૧૭૨૩૧.૭૭ સ.ચો.મીટર ક્ષેત્રફળની રહેણાંક હેતુની બિનખેતીની જમીન, તથા તેની સાથે જોડાયેલા તમામ પ્રકારના હક્કો, હિતો, સહીતની કુલ સઘળી જમીન હાલમાં Aaryan Build Projects LLP એ નામની લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ, જેની ઓફીસ - ૪૦૬, આર્યનવર્ક સ્પેશ, જી-બી-સી-૧ સામે, સોમલલીત કોલેજ પાસે, સેન્ટ ઝેવીયર્સ રોડ, એલિસબ્રિજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે આવેલ છે. વધુમાં હાલના માલિક Aaryan Build Projects LLP ના ભાગીદાર શ્રી તનય રાજેન્દ્ર શાહ દ્વારા જણાવવામાં આવેલ છે કે, સદર એલએલપી દ્વારા સદર જમીનઉપર બાંધવામાં આવનાર "ARANYAM" નામથી ઓળખાતી સ્કીમમાં બાંધવામાં આવનાર કુલ ૨૫૨ રહેણાંકીય ફલેટોની સ્કીમ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન કે ઈત્યાદી કાંઈપણ કરેલ નથી તેમ જણાવી સદર જમીન/ મિલ્કત અંગે અમારા અસીલે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

સબબ સર્વે શખ્સો કે જેઓ સદરહુ જમીન/ મિલ્કત સામે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, ગણોત હક્કો, ભાડા પટ્ટાના હક્કો, ડેવલપમેન્ટના હક્કો, લીસ પેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય તો તેમને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન (૭) સાતની અંદર દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે (રજી.એડી) થી મોકલી આપવા. અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત જમીન/ મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારના લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, અલાખો હોય તો તેવા તમામ હક્કો અને વાંધાઓ ઉપરોક્ત માલિકની તરફેણમાં હર હંમેશ માટે જતા (વેવ) કરેલ છે તેમ મસજીને સદર જમીન /મિલ્કતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ આ અંગેની કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી, જેની ખાસ નોંધ લેવી.

તા. ૨૯-૭-૨૦૨૨ આનંદ જી. બાપટ (એડવોકેટ) એ.જી. બાપટ એન્ડ કંપની,
૩૦૩, શાંગ્રીલા આર્કેડ, ૧૦૦ ફુટ રોડ, શ્યામલ ચારસ્તા, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૭૫૩૦૨૩-૨૪, ૬૫૧૩૩૦૨૪ મો.: ૯૮૨૫૨૮૧૪૯૫

## આસામમાં બે આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ

# અલ-કાયદા અને એબીટી સાથે સંકળાયેલા ૧૧ની ધરપકડ

નવી દિલ્હી, તા.૨૯

આસામમાં અલ-કાયદા અને બાંગ્લાદેશ સ્થિત અંસારુલ્લા બાંગ્લા ટીમ (ABT) સહિત અનેક વૈશ્વિક આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા ઓછામાં ઓછા ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી એક મદરેસાના શિક્ષક હોવાનું કહેવાય છે. આસામના મોરીગાંવ, બારપેટા, ગુવાહાટી અને ગોલપારા જિલ્લામાંથી ગુરુવારે અટકાયત કરાયેલા ૧૧ લોકોનો અલ-કાયદા અને અંસારુલ્લા બાંગ્લા ટીમ જેવા આતંકવાદી સંગઠનો સાથે સંબંધ છે, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે કહ્યું કે આ કેસમાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા લોકોની ધરપકડ પર સીએમ હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે આ લોકો પાસેથી ઘણી માહિતી મળી શકે છે.

### ધરપકડ કરાયેલા લોકોમાંથી એક મુસ્તફા ઉર્ફે મુફ્તી મુસ્તફા મોરીગાંવ જિલ્લાના સહરિયા ગામનો રહેવાસી

સીએમ સરમાએ કહ્યું, 'આસામના બારપેટા અને મોરીગાંવ જિલ્લામાં બે આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ આતંકી મોડ્યુલ સાથે જોડાયેલા તમામ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, આ લોકોની ધરપકડથી અમને વધુ માહિતી મળશે. આસામ પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલા લોકોમાંથી એક મુસ્તફા ઉર્ફે મુફ્તી મુસ્તફા મોરીગાંવ જિલ્લાના સહરિયા ગામનો રહેવાસી છે. મુસ્તફા અંસારુલ્લા બાંગ્લા ટીમનો સક્રિય સભ્ય છે, જે ભારતીય ઉપખંડમાં અલ-કાયદા સાથે સંકળાયેલો છે. તે ભારતમાં ABTમોડ્યુલનું આવશ્યક નાણાકીય સાધન છે.

પોલીસના જણાવ્યા અનુસાર મુસ્તફા સહરિયા ગામમાં એક મદરેસા, જેનું નામ જમીઉલ હુડા મદરેસા છે. તે ત્યાં શિક્ષક તરીકે ભણાવે છે. પોલીસે આ મદરેસાને સીલ કરી દીધું છે. કારણ કે આ મદરેસામાં અટકાયત કરાયેલા લોકો ત્યાં સુરક્ષિત રહેતા હોવાની આશંકા છે. પોલીસે જણાવ્યું હતું કે મદરેસા ગેરકાયદેસર રીતે કમાયેલી આવક દ્વારા ચલાવવામાં આવી રહી હતી. મુસ્તફા ઉપરાંત પોલીસે મોરીગાંવમાંથી ૩૯ વર્ષીય અફસરુદીન ભુયાનની પણ ધરપકડ કરી છે. ગોલપારાના રહેવાસી ૨૨ વર્ષીય અબ્બાસ અલીની પણ આસામ પોલીસે ધરપકડ કરી છે. પોલીસે કહ્યું કે તેણે ફરાર થયેલા લોકોમાંથી એક મહેબૂબ રહેમાનને સામાનની અને રહેવાની વ્યવસ્થા કરી હતી.આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું, "જેહાદી મોડ્યુલ સામે કાર્યવાહી કરવામાં આવી છે અને કેન્દ્રીય એજન્સીઓની મદદથી આ શક્ય બન્યું છે. આસામમાં કેટલાક જેહાદી તત્વો છે જેઓ બાંગ્લાદેશના કટ્ટરપંથી જૂથો સાથે સંબંધ ધરાવે છે. આવું એટલા માટે થાય છે કારણ કે રાજ્ય પડોશી બાંગ્લાદેશની નજીક આવેલું છે. જો કે, આ પહેલીવાર નથી કે આસામમાં બાંગ્લાદેશી લિંક ધરાવતા જેહાદીઓની ધરપકડ કરવામાં આવી હોય. અગાઉ પણ માર્ચ અને એપ્રિલ મહિનામાં બારપેટામાંથી બાંગ્લાદેશી નાગરિક સહિત દસ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૬/૨૦૨૨-૨૩**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા.મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં.૦૨૮૪૯-૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એમ.એમ.જી.એસ.વાય. નોર્મલ ૨૦૧૯-૨૦ | ૧ કામ | ૧૧૩.૭૪ લાખ |
| એમ.એમ.જી.એસ. વાય. ખાસ અંગભૂત ૨૦૧૯-૨૦ | ૨ કામ | ૪૮૦.૮૭ લાખ |
| ૪૮ વિકાસશીલ તાલુકા (૨૧-૨૨) (ત્રીજો પ્રયત્ન) | ૧ કામ | ૧૦.૭૩ લાખ |
| ૧૫મું નાણાપંચ | ૨ કામ | ૧૧.૨૫ લાખ |
| કુલ | ૬ કામ | ૬૧૬.૫૯ લાખ |

આ કામના ટેન્ડરો https://rnb.nprocure.com વેબસાઈટ ઉપરથી મળશે. અને આ સાઈટ ઉપર ઓનલાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન મા.મ. પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબસાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામાં આવશે. ઓનલાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉનલોડીંગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમય કામ ક્રમ નં. ૧ થી ૩ માટે | તા.૨૬-૮-૨૦૨૨ ૧૮.૦૦ કલાક સુધી |
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉનલોડીંગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમય કામ ક્રમ નં. ૪ થી ૬ માટે | તા.૮-૮-૨૦૨૨ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય કામ ક્રમ નં. ૧ થી ૩ માટે | તા.૨૯-૮-૨૦૨૨ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય કામ ક્રમ નં. ૪ થી ૬ માટે | તા.૯-૮-૨૦૨૨ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી, બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડીથી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૪૪૯/૨૨

## બે દિવસમાં ઈન્વેસ્ટરોની સંપત્તિમાં ૫ લાખ કરોડનો વધારો

# શેરબજાર 'તેજીમય'! સેન્સેક્સ ૫૭૦૦૦- નિફ્ટી ૧૭૦૦૦ને પાર : રૂપિયો ઉછળ્યો

રાજકોટ,તા. ૨૯

શેરબજારમાં કેટલાંક મહિનાઓથી મંદીના ભરડામાંથી રાહત મળી હોય તથા ચિત્ર પલ્ટાયું હોય તેમ જોરદાર તેજીનો દોર ચાલુ રહયો હતો. સેન્સેકસ ઉઘડતામાં વધુ ૭૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૫૭૦૦૦ની સપાટી કુદાવી ગયો હતો જ્યારે નિફ્ટીએ પણ ૧૭૦૦૦નું લેવલ ક્રોસ કરી લીધું હતું.

શેરબજારમાં માનસ પલ્ટાયુ હોય તેમ આજે સતત બીજા દિવસે તેજીના આખલાની છલાંગ હતી. વૈશ્વિક મંદીના ભણકારા, અમેરિકાની જેમ ભારતમાં પણ વ્યાજદર વધવાની આશંકા, ક્રૂડ તેલના ઉંચા ભાવ, મોંઘવારી-ફુગાવા જેવા વિપરીત કારણોને ડીસ્કાઉન્ટ કરીને માર્કેટે હરણફાળ ભર્યાનું ચિત્ર હતું.

### વિદેશી ઈન્વેસ્ટરો ખરીદી માટે દોડતા અને રૂપિયો સ્ટ્રોંગ થવા લાગતા મોંઘવારીમાં રાહત મળવાના આશાવાદથી માનસ પલ્ટાયુ

વિશ્વસ્તરે નબળા આર્થિક સંકેતો છતાં વિદેશી ઈન્વેસ્ટરો, ફરી વખત લેવા દોડતા તેજીને ટેકો મળ્યો હતો. ગઈકાલે વિદેશી ઈન્વેસ્ટરોએ રૂા. ૧૩૦૦ કરોડથી પણ અધિકની નેટ ખરીદી કરી હતી. ૯ મહિના બાદ ચાલુ મહિનામાં વિદેશી નેટ રોકાણ થવાનો આશાવાદ વ્યકત થતો હતો. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે વિદેશી ખરીદી ઉપરાંત બે દિવસથી ડોલર સામે સ્ટ્રોંગ બનેલા રુપિયાએ પણ માનસ ફેરવી નાખ્યું છે અને તેને પગલે રીટેઈલ ઈન્વેસ્ટરોની ખરીદી વધી છે. કરન્સી માર્કેટમાં ડોલર સામે રુપિયામાં મોટો ઉછાળો હતો. પ્રારંભિક કામકાજમાં જ ૫૧ પૈસા વધીને ૭૯.૨૪ સાંપડ્યો હતો. રુપિયો મજબૂત થવાથી આયાત બીલ ઘટવાની સાથોસાથ અર્થતંત્રને પણ રાહત થઈ શકે છે.

શેરબજારમાં આજે ભારતી એરટેલ, બજાજ ફીન સર્વિસ, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મારુતિ, નેસલે, પાવરગ્રીડ, રિલાયન્સ, ટીસીએસ, ટીસ્કો, ટાઈટન, એશિયન પેઈન્ટસ વગેરે ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૨૧ પોઈન્ટના ઉછાળાથી ૫૭૪૭૯ હતો તે ઉંચામાં ૫૭૫૩૧ તથા નીચામાં ૫૭૨૫૫ હતો. નિફ્ટી પણ ૧૭૨૦૦ની સપાટી વટાવી ગયો હતો અને ૨૨૦ પોઈન્ટના ઉછાળાથી ૧૭૧૨૭ સાંપડ્યો હતો. જે ઉંચામાં ૧૭૧૪૧ તથા નીચામાં ૧૭૦૫૯ થયો હતો.

**નામ બદલેલ છે**

મે મારૂ નામ/અટક ધાનાણી અકા પટેલ દિપેન પ્રદિપકુમારમાંથી બદલીને ધાનાણી દિપેન પ્રદિપકુમાર કરેલ છે. સરનામુ : એ-૪૦૪, બ્રાઉન સ્ટોન, મલબાર હિલની સામે, નવા નિકોલ, અમદાવાદ

**નામ બદલેલ છે**

મે મારૂ નામ/અટક પટેલ ભાવના પિયુષકુમારમાંથી બદલીને પટેલ ભાવનાબેન પિયુષકુમાર કરેલ છે. સરનામું: ૬૭, માનસી સોસા, મણિનગર, અમદાવાદ

**નામ બદલેલ છે**

મારુ નામ નીશુબા ભવાનસિંહ ચાવડાથી બદલીને વિષ્ણુબેન ભવાનસિંહ ચાવડા કરેલ છે. બી-૧૦૩, ગણેશ રેસીડેન્સી, આઈઓસી રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪

**નામ બદલેલ છે**

મારૂ જૂનું નામ ઈમ્તીયાજ અહમદ મહબૂબઅહમદ હતુ બદલીને નવું નામ ઈમ્તીયાઝઅહેમદ મહબૂબઅહમદ ખલીફા કરેલ છે. ૮૫/૧૭૩, શેખુભાઈની ચાલી, મિલ્લતનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

## સ્પાઈસ જેટની વધુ એક ફલાઈટમાં ઉડ્ડયન-એલર્ટ

# વધુ બે ફ્લાઈટ મોટી દુર્ઘટનામાંથી ઉગરી

નવી દિલ્હી:

દેશમાં એરલાઈન્સના વિમાનોમાં ટેકનીકલ ક્ષતિ સર્જાવા સહિતની સતત વધી રહેલી ઘટનાઓ તથા વિમાની પ્રવાસીઓના જીવન પર જોખમ વચ્ચે ગઈકાલે મોડીરાત્રીની આસામના જોરહાટથી કોલકતા જવા માટે ૯૨ મુસાફર સાથેના ઈન્ડીગોનું વિમાન રન-વે પરથી ઉતરી પડ્યું હતું અને કાદવ-કીચડમાં ફસાઈ ગયું હતું. જો કે આ દુર્ઘટનામાં કોઈ પ્રવાસીને ઈજા થઈ ન હતી. ઈન્ડીગોની આ ફલાઈટ ગુવાહાટી-કોલકતા રૂટની હતી અને વિમાન ટેક-ઓફ માટે તૈયાર હતુ અને રનવે પર આગળ વધ્યા બાદ અચાનક જ રનવેની બાજુમાં ઉતરી પડયું હતું અને તેના આગળના પૈડા ઘાસ તથા કાદવમાં ફસડાઈ પડયા હતા. બાદમાં તમામ યાત્રીકોને સુરક્ષિત રીતે ઉતારીને વિમાનને ટેકનીકલ ચકાસણી માટે મોકલવામાં આવ્યું હતું. આ દુર્ઘટનામાં લગભગ છ કલાક સુધી વિમાનને રનવે પર લાવવા કોશીશ થઈ હતી પરંતુ નિષ્ફળતા મળતા આ ફલાઈટ રદ કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં હાલ વિમાન ટેકનીકલ ક્ષતિ માટે જબરી ચર્ચામાં રહેલી સ્પાઈસ જેટની મુંબઈ-કંડલા ફલાઈટ આખરી ઘડીએ રદ કરવામાં આવી હતી.

આ વિમાન ઉડાનની તૈયારીમાં જ હતું તે સમયે જ વિમાનના પાઈલોટને સાવચેતીનું એલર્ટ મળતા જ વિમાનને પરત રન-વે પર પાર્ક કરીને તેમાં સવાર તમામ મુસાફરોને સલામત ઉતારી લેવામાં આવ્યા હતા. સ્પાઈસ જેટના મુસાફર વિમાનમાં જે રીતે સતત ટેકનીકલ ક્ષતિઓ સર્જાઈ રહી તે બાદ આ એરલાઈનના ૫૦% ઉડ્ડયન હાલ રદ કરવા આદેશ અપાયા છે.

**ADITYA BIRLA CAPITAL**

**આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**
રજિસ્ટર્ડ ઓફિસ- ઇન્ડિયન રેયોન કંપાઉન્ડ, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૬
શાખા ઓફિસઃ જી કોર્પોરેશન ટેક પાર્ક, કાસારવડાવલી, ઘોડબંદર રોડ, થાણે, -૪૦૦૬૦૭ (મહારાષ્ટ્ર)

**ડિમાન્ડ નોટિસ**

(ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩(૧) હેઠળ)
ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ
ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) હેઠળ વૈકલ્પિક બજવણી

આથી નીચે ઉલ્લેખ કરેલ દેણદારોને અત્રે નોટિસ આપવામાં આવે છે કે તેઓ તેમણે આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એબીએચએફએલ) પાસેથી મેળવેલ ક્રેડિટ સુવિધાની પરત ચૂકવણીમાં કસુર કરેલ છે, તેમનું લોન ખાતું આરબીઆઈની ગાઈડલાઈન્સ મુજબ નોન-પરફોર્મિંગ એસેટ તરીકે કંપનીના ચોપડે વર્ગીકૃત થયેલ છે. તે પછી એબીએચએફએલએ ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફૈસી કાયદો) ના સેક્શન ૧૩(૨) હેઠળ સદર દેણદારોના છેલ્લા પરિચિત સરનામે ડિમાન્ડ નોટિસો મોકલી હતી જેમાં એમને આખીય બાકી રકમ એની પરના કરાર આધારિત દરે થનાર વ્યાજ સહિત અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જેસ વગેરે જે સદર ડિમાન્ડ નોટિસોમાં જણાવેલ છે તે સહિત ચૂકવી જવા જણાવેલ.તેમ છતાં ડિમાન્ડ નોટિસ ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨(સરફૈસી નિયમો) ના નિયમ ૩ મુજબ પણ બજવવામાં આવે છે.

| ક્રમ નં. | દેણદાર/સહ-દેણદાર અને જામીનદાર/સહજામીનદારનું નામ અને સરનામું અને ધિરાણ ખાતા નંબર | એનપીએ તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસ/ તારીખ મુજબ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧.દીપકકુમાર નરેન્દ્રસિંહ રાઉલજી, ઘર નં.૧/૨૦, વાંકાનેર સાવલી, મારુતિ ચોક, સાવલી વડોદરા, ગુજરાત -૩૯૧૭૮૦. ૨. નરેન્દ્રસિંહ રાઉલજી, ઘર નં. ૧/૨૦, વાંકાનેર સાવલી, મારુતિ ચોક, સાવલી વડોદરા, ગુજરાત -૩૯૧૭૮૦. ૩. નરેન્દ્રસિંહ રાઉલજી, ૧/૧૭, વાંકાનેર તાલુકા સાવલી, જિ. વડોદરા. ૪. દીપકકુમાર નરેન્દ્રસિંહ, રાઉલજી ર્ઉ દીપક રાઉલજી, મુ.પો. વાંકાનેર, તા.-સાવલી, મારુતિ ચોક, જિ. વડોદરા ગુજરાત- ૩૯૧૭૫૦. ધિરાણ ખાતા નંબર LNBARLAP-02210085135 અને LNBARLAP-0221008513 | ૧૦.૦૭. ૨૦૨૨ | ૨૨-૦૭-૨૦૨૨ | રૂ.૭,૨૬,૫૯૨.૧૫/- (અંકે રૂપિયા સાત લાખ છવ્વીસ હજાર પાંચસો બાણું અને પૈસા પંદર પુરા) બાકી નીકળતી મુદ્દલ, એરિયર્સ (મુદતવીતી ચાર્જેસ સહિત) અને વ્યાજ સહિત મુજબ |
| સ્થાવર મિલકત/ ગિરવે મિલકતોનું વર્ણનઃ ગામ વાંકાનેર તા. સાવલી અને જિ. વડોદરાના ઘર નં. ૧/૨૦ના તમામ હક્કઅને હિસ્સા અને સીમાઓ છેઃ પૂર્વેઃ જાહેર રસ્તો, પશ્ચિમે : જગાભાઈનું ફાર્મ, ઉત્તરેઃ પોપટભાઈ રાઉલજી, દક્ષિણેઃ ચંદ્રસિંહ ભીખાસિંહ રાઉલજી | | | | |
| ૨ | ૧.ગૌતમભાઈ કાલિદાસ પરમાર, યુનિટ નં.૩૩૭, વણકર વાસ, રામોલ ગામ બસ સ્ટેન્ડ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૪૯. ૨. અરુણા દેવજીભાઈ પરમાર, યુનિટ નં.૩૩૭, વણકર વાસ, રામોલ ગામ બસ સ્ટેન્ડ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૪૯. ૩. ગૌતમભાઈ કાલિદાસ પરમાર, ૨૨૩ વણકરવાસ, રામોલ ગામ, દસક્રોઈ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૪૯. ૪. ગૌતમભાઈ કાલિદાસ પરમાર, દુકાન નં.૧૬ રામોલ રિંગ રોડ પાસે, શ્રીનંદ હાઈટ્સ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૪૯. ૫. . અરુણા દેવજીભાઈ પરમાર, ૨૨૩ વણકરવાસ, રામોલ ગામ, દસક્રોઈ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૪૯. ધિરાણ ખાતા નંબર LNAHMLAP-11210108454 અને LNAHMLAP-11210108456 | ૦૩-જુલાઈ-૨૦૨૨ | ૨૨-૦૭-૨૦૨૨ | રૂ.૭,૬૦,૫૪૯.૭૯/- (અંકે રૂપિયા સાત લાખ સાઈઠ હજાર પાંચસો ઓગણપચાસ અને પૈસા ઓગણએંસી પૂરા) બાકી નીકળતી મુદ્દલ, એરિયર્સ (મુદતવીતી ચાર્જેસ સહિત) અને ૦૭.૦૭.૨૦૨૨ સુધીના વ્યાજ સહિત મુજબ |
| સ્થાવર મિલકત/ ગિરવે મિલકતોનું વર્ણનઃ ગ્રામપંચાયત ઘર નં. ૩૩૭ધારક માપણી ૪૮ ચો.મી. એટલે કે ૫૧૭ જી ચો.ફીટ, અને બિલ્ટ-અપ એરિયા છે ૪૮ ચો.મી. એટલે કે ૫૧૭ ચો.ફીટ, વણકર વાસ, ભરવાડ વાસ પાસે,મોજેઃ રામોલ ગામ બસ સ્ટેન્ડ, તાલુકોઃ વટવા, જિ. અને પેટા જિલ્લોઃ અમદાવાદ અને સીમાઓ છેઃ પૂર્વેઃ ખુલ્લો પ્લોટ, પશ્ચિમેઃ યુનિટ નં. ૩૩૬, ઉત્તરેઃ યુનિટ નં. ૨૨૩, દક્ષિણે : રોડ. | | | | |
| ૩ | ૧.મયૂરભાઈ જી. પરમાર, C-૬૦૪, રેઈનબો એક્ઝોટિકા, અનુષ્ઠાન બંગલોઝ અને કર્ણાવતી અને ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે, નારોલ-અસલાલી હાઈવે, નારોલ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૦૫. ૨.અતુલ ગોવિંદભાઈ પરમાર, C-૬૦૪, રેઈનબો એક્ઝોટિકા, અનુષ્ઠાન બંગલોઝ અને કર્ણાવતી અને ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે, નારોલ-અસલાલી હાઈવે, નારોલ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૦૫ ૩. જશોદાબેન પરમાર, C-૬૦૪, રેઈનબો એક્ઝોટિકા, અનુષ્ઠાન બંગલોઝ અને કર્ણાવતી અને ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે, નારોલ-અસલાલી હાઈવે, નારોલ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૦૫. ૪.મયૂરભાઈ જી. પરમાર, ૧૫૨૫/૩, નવો વાસ ભાગ-૨, વૈશ્યસભા,રાયખડ, અમદાવાદ સીટી અને જી.પી. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૧. ૫. મયૂરભાઈ જી. પરમાર . C/O શક્તિ ઈલેક્ટ્રિકલ્સ, ૩, રાજરતન કોમ્પ્લેક્સ, ખત્રી પોળ, ગાંધી રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૧. ૬. અતુલ ગોવિંદભાઈ પરમાર, ૧૫૨૫-૩, ઘંટીવાળો મહોલ્લો, વૈશ્યસભા,રાયખડ, અમદાવાદ સીટી, અમદાવાદ, ગુજરાત -૩૮૦૦૦૧. ૭. અતુલ ગોવિંદભાઈ પરમાર, C/O ગીતા ઈલેક્ટ્રિકલ્સ, ૪૭૩, જેઠાભાઈની પોળ, ગોકુલ ચેમ્બર પાસે, ગાંધી રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૧. ૮. જશોદાબેન પરમાર, ૧૫૨૫/૩, મંદિરવાળો ખાંચો, ખાડિયા, અમદાવાદ સિટી અને જી.પી. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૧. ધિરાણ ખાતા નંબર LNAHM0HL-09190060079 અનu LNAHM0HL-09190060078 | ૧૦.૦૭. ૨૦૨૨ | ૨૫-૦૭-૨૦૨૨ | રૂ. ૧૨,૨૨,૬૭૯.૪૫/- (અંકે રૂપિયા બાર લાખ બાવીસ હજાર છસો ઓગણએંસી અને પૈસા પિસ્તાલીસ પુરા) બાકી નીકળતી મુદ્દલ, એરિયર્સ (મુદતવીતી ચાર્જેસ સહિત) અને વ્યાજ સહિત મુજબ |
| સ્થાવર મિલકત/ ગિરવે મિલકતોનું વર્ણનઃ મિલકત તે ક્ર-૬૦૪, રેઈનબો એક્ઝોટિકા, અનુષ્ઠાન બંગલોઝ અને કર્ણાવતી અને ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે, નારોલ-અસલાલી હાઈવે, નારોલ, અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૦૫ના તમામ હક્કહિસ્સા, માપણી ૩૩૬૪ ચો.મી. | | | | |

આથી અત્રે અમે અહી જણાવેલ દેણદારને આ નોટિસની તારીખથી દિન ૬૦માં બાકીની રકમ તેની પર થનાર આગળના વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જેસ, ખર્ચાઓ વગેરે સહિત ચૂકવી જવા જણાવીએ છીએ. એમાં નિષ્ફળ ગયેથી સંપૂર્ણપણે તમારા ખર્ચે અને જોખમે ગિરવે મિલકત જપ્ત કરવા એટલું જ નહીં એનો કબજો લેવા તથા સિક્યોર્ડ અસ્ક્યામતો વેચવા છૂટા છીએ.

મહેરબાની કરીને નોંધ લેશો કે કંપનીની લેખિત પૂર્વમંજૂરી વિના ઉપરોક્ત સિક્યોર્ડ અસ્ક્યામતો વેચાણ, લિઝ કે અન્ય કોઈ રીતે તબદિલ કરવા તમને સરફૈસી કાયદાના સેક્શન ૧૩(૧૩) મુજબ મનાઈ ફરમાવવામાં આવે છે. સદર સેક્શનનો કોઈ પણ રીતે ભંગ થવાથી સરફૈસી કાયદાના સેક્શન ૨૯ અને /અથવા આ સંબંધે અન્ય કોઈ કાયદાની જોગવાઈ અન્વયે તમને સજા થઈ શકે છે.

સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન ૮નીજોગવાઈ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે જો એબીએચએફએલને લેણી થતી રકમ તમામ કોસ્ટ, ચાર્જેસ અને એબીએચએફએલને થયેલ ખર્ચાઓ સહિત વેચાણ કે તબદિલીની નક્કી થયેલ તારીખ અગાઉ એબીએચએફએલને ચૂકવી દેવામાં આવશે તો એબીએચએફએલ સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ કે તબદિલ નહીં કરે અને એબીએચએફએલ દ્વારા સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ કે તબદિલ માટે અન્ય કોઈ પગલા નહીં લેવાય.

તા. ૩૦-૦૭-૨૦૨૨
સ્થળઃ અમદાવાદ

સહી /- અધિકૃત અધિકારી
(આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)

### દિલધડક રેસ્ક્યૂ કરવામાં આવ્યું

# ગાજરણાવાવમાં બોરમાં પડેલી કિશોરીને સુરક્ષિત બહાર કઢાઈ



ગાજરણાવાવનાં ૫૦૦ ફૂટ ઊંડા બોરમાં પડેલી કિશોરીને બચાવી લેવામાં આવી હતી. (તસ્વીર : ફારુક ચૌહાણ - વઢવાણ)

વઢવાણ, તા.૨૯

ધ્રાંગધ્રા તાલુકાના ગાજરણાવાવ ગામે ૧૨ વર્ષીય બાળકી રમતા રમતા ૫૦૦ ફૂટ ઊંડા બોરમાં પડી ગઈ હતી. અનિરુદ્ધભાઈ અરજણભાઈની વાડીએ બોરની અંદર મનીષા નામની બાળકી પડી ગઈ હતી. મામલતદારની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસથી લોકો આવ્યાં હતા તેમજ ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે આવી હતી. આર્મીની બે ટીમ કિશોરીને બહાર કાઢવાની કાર્યવાહી કરી હતી અને દિલધડક રેસ્ક્યૂ કરીને બાળકીને બચાવી લેવામાં આવી હતી. સેનાની બે ટૂકડી દ્વારા કિશોરીને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી છે.

આરોગ્ય વિભાગના

**કિશોરીને હાથ અને પગે ઈજા થઈ**

જલ્પાબેન દ્વારા મહિત્વની ભૂમિકા અદા કરવામાં આવી હતી. ચાર કલાકની ભારે જહેમત પછી બાળાને બહાર કાઢવામાં આવી હતી. બોરમાં પડી ગયેલી બાળકીને માથા અને હાથના ભાગે ઇજા પહોંચી હોવાથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. સુરેન્દ્રનગરના કલેક્ટર કે. સી. સંપતે જણાવ્યું હતું કે, મામલતદાર અને ટીમ પહોંચી ગઈ હતી. બાળકીને ઓક્સિજન આપવામાં આવી રહ્યો છે. ધ્રાંગધ્રાની આર્મીની રેસ્ક્યૂ ટીમ હતી જે રેસ્ક્યૂ માટે એક્સપર્ટ છે. આરોગ્યની ટીમ ત્યાં હાજર છે.

ઉપરાંત ધ્રાંગધ્રા તાલુકાના દુદાપુરની સીમમાં ખેતરમાં મજૂરી કામ કરતા અને મધ્યપ્રદેશમાં રહેતા મુનાભાઈનો દીકરો શિવમ, જેની ઉંમર અંદાજિત બે વર્ષ જેટલી છે. તે રમતાં રમતાં બોરમાં પડી ગયો હતો. બોરવેલમાં ૩૦ ફૂટે બાળક ફસાયેલો હતો. આ ઘટના બનતાં ત્યાં મજૂરીકામ કરતા અને શિવમની માતાને જાણ થતાં ગામના લોકોને વાત કરી હતી. બાદમાં રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ધ્રાંગધ્રા આર્મીની ટીમ આવીને ૪૦ મિનિટમાં જ આ માસૂમ બાળકને રેસ્ક્યૂ કરીને બહાર જીવિત કાઢવામાં સફળતા મળી હતી.



તીર્થગામમાં આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી હતી. (તસ્વીર : માદેવ ગામોટ - વાવ)

### પીએચસી સ્ટાફે કાદવ-કીચડમાં ચાલીને કામ કર્યું

# વાવના તીર્થગામમાં ઘરે ઘરે આરોગ્યલક્ષી કામગીરી કરાઈ

વાવ, તા.૨૯

વાવ તાલુકાના તીર્થગામ સહિત ગામોમાં વધુ વરસાદના કારણે જિલ્લા એપેડેમિક અધિકારી જે. એચ. હરિયાણીની સૂચના અનુસાર તીર્થગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો.ઋષિત આહીર અને મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝર ખેમજી મોરખીયાનાં માર્ગદર્શન હેઠળ તીર્થગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સીએચઓ, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, આશા બહેનો અને તમામ સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ કાદવ-કીચડમાં ગામમાં, શેરીઓમાં, ખેતરોમાં ફરીને મેલેરિયા ડેંન્ગ્યૂના કેસ ના થાય તેના માટે પોરાનાશક અને જે જગ્યાએ વરસાદી પાણી ભરેલ છે ત્યાં આગળ બળેલું ઓઈલ નાંખી બિનજરૂરી પાત્રો જે ભરેલા હતા તેવાં ખાલી કરી તીર્થગામ પીએચસીના ગામોમાં આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરાઈ હતી.

**પાણી ભરાયેલા સ્થળો પર બળેલું ઓઈલ નંખાયુ**

### સલામતિની કામગીરીથી ટ્રસ્ટના વહીવટદારે સંતોષ વ્યક્ત કર્યો

# ગબ્બર રોપ-વે પર ફસાયેલા યાત્રિકોને બચાવવા દિલધડક મૉક ડ્રિલ યોજાઈ

પાલનપુર, તા.૨૯

આગામી ભાદરવી પૂનમના મેળાને અનુલક્ષીને યાત્રિકોની સુરક્ષા અને સલામતીને અનુલક્ષીને અંબાજી ગબ્બર રોપ-વે ઓથોરિટી અને વહીવટીતંત્રના સંકલન દ્વારા ગબ્બર તળેટી ખાતે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજી ખાતે આવનારા સમયમાં દેશનો સૌથી મોટો ભાદરવી પૂનમનો મેળો યોજાવા જઈ રહ્યો છે. ચાલુ વર્ષે કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાના પ્રતિક સમા આ મેળાની આતૂરતાથી રાહ જોવાઇ રહી છે. આ વખતે કરોડોની સંખ્યામાં યાત્રિકો-શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટવાની સંભાવના છે ત્યારે યાત્રિકોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખી અંબાજી ગબ્બર રોપ-વેનું સંચાલન કરતી કંપની દ્વારા મોકડ્રિલ કરવામાં આવી હતી. જેમાં રોપ-વેમાં ફસાયેલા યાત્રિકોનું સુરક્ષા ટીમ દ્વારા દિલધડક લાઈવ રેસ્ક્યુ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

ભાદરવી પૂનમે લાખો કરોડો શ્રદ્ધાળુઓ માં અંબાના દર્શનાર્થે પધારતા હોય છે આવા સમયે રોપ-વે દ્વારા ગબ્બર પર દર્શન કરવા જતાં યાત્રિકો શ્રદ્ધાળુઓ સાથે કોઈ દુર્ઘટના ઘટે તો ગબ્બર રોપ-વે ઓથોરિટી યાત્રિકોની



યાત્રિકોની સુરક્ષા અને સલામતીના ભાગરૂપે અંબાજીના ગબ્બર રોપ-વે પર મૉક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

સલામતી માટે ગમે તેવા કપરા સંજોગોમાં તેમનું રેસ્ક્યુ કરી યાત્રિકોનો જીવ બચાવી શકે છે તેવા હેતુસર આ મોક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોક ડ્રિલ દ્વારા રોપ-વેની સાર-સંભાળ અને સુરક્ષાના સાધનોની ચકાસણી કરવામાં આવી હતી. સમગ્ર મોક ડ્રિલ ગબ્બર રોપ-વેના રેસિડેન્ટ મેનેજર નૈનેશ પટેલના માર્ગદર્શન અને ટેક્નિકલ ટીમની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું. રોપ-વે ઓથોરિટી દ્વારા યાત્રિકોની સુરક્ષાના ભાગરૂપે અવાર-નવાર આવી મોકડ્રિલનું આયોજન કરી સુરક્ષાની ચકાસણી અને ખાતરી કરવામાં આવતી હોય છે.

**ભાદરવી પૂનમે લાખો શ્રધ્ધાળુઓ જગત જનની મા અંબાના દર્શન કરવા આવશે**

મોકડ્રિલના લાઈવ ડેમોસ્ટ્રેશન વખતે ઉપસ્થિત શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર આર. કે. પટેલ અને પ્રાંત અધિકારી સંજય પરમાર સહિતના વહીવટી અધિકારીઓએ રોપ-વે ઓથોરિટીની સુરક્ષા માટેની સતર્કતા અને કામગીરીને બિરદાવી સંતોષ વ્યક્ત કર્યો હતો. મોક ડ્રિલ પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર આર કે. પટેલ, પ્રાંત અધિકારી સુશીલભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

### સુરતમાં એક વિસ્તાર પોટલી નગરથી બદનામ છે

# દારુને હાથ પણ નથી લગાવતા છતાં યુવાનોના લગ્ન થતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૯

યુવકના લગ્ન માટે પાછલા ૧૫ વર્ષથી છોકરી શોધવામાં આવી રહી છે પરંતુ તેનો ક્યાંય મેળ પડી રહ્યો નથી. છોકરો કમાતો ના હોય કે પોતાનું ઘર ના હોય તેવી સમસ્યા જરાય નથી, આમ છતાં તેના લગ્નમાં અડચણો આવી રહી છે. આની પાછળનું જે કારણ છે તે આશ્ચર્યમાં મૂકી દે તેવું છે. કારણ તે જે જગ્યા પર રહે છે તે છે. હવે મુકુલ સપકલેની ઉંમર ૩૬ વર્ષ થઈ જતા તેના ભવિષ્યને લઈને પરિવારને ચિંતા થઈ રહી છે. મુકુલ કુંવારો છે એ તેની પાછળ તેના માટે તે પોતે જવાબદાર નથી પરંતુ તેનો વિસ્તાર જવાબદાર છે. કારણ કે આ વિસ્તાર પોટલી નગરથી બદનામ થયેલું છે. આ કારણે ગુજરાત શું બહારથી પણ છોકરીઓ તેની સાથે લગ્ન કરવા તૈયાર થઈ રહી નથી. જ્યારે લગ્નની વાત શરુ થાય તે પછી જ્યારે ખબર પડે કે જ્યાં મુકુલ રહે છે તે વિસ્તાર 'પોટલી નગર' નામથી પંકાયેલો છે જેથી નામ સાંભળીને જ આવેલા માંગા આગળ વધતા અટકી જાય છે.

**માત્ર ગુજરાતી નહીં પરંતુ મહારાષ્ટ્ર કે અન્ય જગ્યાની છોકરીઓ પણ અહીં લગ્ન પછી રહેવા માટે તૈયાર નથી**

માત્ર ગુજરાતી નહીં પરંતુ મહારાષ્ટ્ર કે અન્ય જગ્યાની છોકરીઓ પણ અહીં લગ્ન પછી રહેવા માટે તૈયાર થઈ રહી નથી.

મુકુલ મૂળ મહારાષ્ટ્રનો છે, તે એકલો જ આ તકલીફથી પીડાતો હોય તેવું નથી, તેની જેમ અન્ય યુવાનો પણ છે કે જેમની લગ્નની ઉંમર થઈ ગઈ છે પરંતુ વાત આગળ વધતા વિસ્તારનું નામ પડતા જ બધું ત્યાં અટકી પડે છે. માત્ર પુરુષોને જ નહીં પરંતુ અહી નાગસેન નગરમાં રહેતી છોકરીઓને પણ જાણે શ્રાપ મળ્યો હોય તેવી સ્થિતિ છે! કારણ કે પુરુષોની જેમ અહીંની છોકરીઓને પણ લગ્ન કરવામાં સમસ્યા થઈ રહી છે. નાગસેન નગર શહેરની સૌથી જૂની સોસાયટીઓમાંથી એક છે. આ વિસ્તારમાં લગભગ ૫૦૦૦ જેટલી વસ્તી છે, જેઓ મોટાભાગના લોકો ટેક્સટાઈલ માર્કેટ અને નજીકની ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. આ વિસ્તાર શહેરના અન્ય વિસ્તારની સરખામણીમાં સસ્તો હોવાથી ઉધના અને પાંડેશરામાં ઈન્ડસ્ટ્રી એરિયામાં કામ કરતા લોકો તેને પસંદ કરે છે, પરંતુ આ જગ્યાએ સામાજિક દુષણ વધી જવાથી અહીં રહેતી બીજા નંબરની પેઢી માટે કે જેઓ દારુને હાથ નથી લગાવતા તેમના માટે જાણે વિસ્તાર નરક બની ગયો છે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભાઈ સોમભાઈ દામોદરદાસ મોદી પરિવાર સાથે શ્રાવણ સુદ એકમના દિવસે વડગામના શ્રી માણીભદ્ર વીર તીર્થસ્થાન ખાતે પધાર્યા હતા. જ્યાં ગાદીપતિ યતિશ્રી વિજય સોમજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં પૂજાવિધિ કરી આશિર્વાદ લીધા હતા, ત્યારબાદ સોમભાઈના પૌત્રની ચૌલક્રીયા વિધિ સંપન્ન કરવામાં આવી હતી. શ્રી માણીભદ્ર વીર તીર્થસ્થાન મગરવાડા દ્વારા સોમભાઈ દામોદરદાસ મોદી પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું.
(તસ્વીર : પુષ્કર ગોસ્વામી - વડગામ)

### બંને વાયરસથી એકસાથે સંક્રમિત થવાના કેસ આવ્યા

# વડોદરામાં કોરોનાની સાથે સ્વાઈન ફ્લૂએ માથું ઊંચક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા, તા.૨૯

શહેરમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે તેની સાથે સ્વાઈન ફ્લૂ પણ માથું ઊંચકી રહ્યો છે. જોકે, સૌથી મોટી ચિંતાની વાત એ છે કે, કોરોનાથી સંક્રમિત દર્દીઓ H1N1 એટલે કે સ્વાઈન ફ્લૂનો પણ શિકાર થઈ રહ્યા છે. આ બંને વાયરસથી સંક્રમિત હોય તેવા બે દર્દીઓના કેસ વડોદરામાં પ્રકાશમાં આવ્યા છે. આ મહિનાની શરૂઆતમાં બે વૃદ્ધ મહિલાઓ બંને વાયરસથી સંક્રમિત થઈ હતી. જોકે, હાલ બંને સ્વસ્થ છે.

**કોરોનાથી સંક્રમિત થયેલા દર્દીઓ સ્વાઈન ફ્લૂની ઝપેટમાં પણ આવી રહ્યા છે : સ્વાઈન ફ્લૂના ૮૭ કેસ નોંધાયા**

સ્વાઈન ફ્લૂના છૂટાછવાયા કેસ ૨૦૨૦ અને ૨૦૨૧માં નોંધાયા હતા પરંતુ એ પછી દર્દીઓ આ બંને વાયરસથી એકસાથે સંક્રમિત થયા હોય તેવા કેસ પ્રકાશમાં નથી આવ્યા. ગત વર્ષની સરખામણી કરીએ તો માત્ર ૧૬ કેસ સ્વાઈન ફ્લૂના નોંધાયા હતા જ્યારે શહેરમાં આ વર્ષે ૨૮ જુલાઈ સુધીમાં જ આ આંકડો ૮૭ પર પહોંચી ગયો છે. ઉપરાંત ૧૫ જૂન બાદ જ આ સંક્રમણમાં વધારો થયો છે.

ટ્વિન વાયરસથી સંક્રમિત થયેલા દર્દીઓમાંથી એકની સારવાર કરનારા ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. ઉદ્ગીથ ઠાકરનું કહેવું છે કે, મહિલા દર્દીને ડાયાબિટીસ હતો અને તેઓ ઉત્તરાખંડ જઈ આવ્યા હતા. તેમને સ્વાઈન ફ્લૂનું સમયસર નિદાન થઈ જતાં ઓસેલ્ટામીવીરથી તેમની સારવાર થઈ હતી. ગત અઠવાડિયે શ્વાચ્છોશ્વાસની ગંભીર તકલીફથી પીડાતા દર્દીનું સારવાર દરમિયાન નિધન થયું હતું, તેઓ પણ સ્વાઈન ફ્લૂથી સંક્રમિત હતા.

૧૬૪ દિવસ બાદ ગુરુવારે ગુજરાતમાં કોરોનાના ૧૧૦૧ કેસ નોંધાયા હતા. ૧૬૩ દિવસ અથવા તો પાંચ મહિના બાદ રાજ્યમાં કોરોનાના નવા કેસનો આંકડો ૧૦૦૦ને પાર પહોંચ્યો હતો. અમદાવાદ શહેરમાં નવા ૩૬૪ કેસ નોંધાયા હતા, જે છેલ્લા ૧૫૦ દિવસમાં સૌથી વધારે છે. શહેરમાં કોરોનાના એક દર્દીનું મૃત્યુ થયું હતું અને આ સાથે આઠ દિવસમાં શહેરમાં કોરોનાથી મૃત્યુ પામનારા દર્દીઓનો આંકડો ૧૦ પર પહોંચ્યો છે.



વિજાપુરના રાધાકૃષ્ણ મંદિર ખાતે યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ મહોત્સવની પૂર્ણાહૂતિ થઈ હતી.
(તસ્વીર : બાબા સૈયદ - વિજાપુર)

# વિજાપુરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ મહોત્સવની પૂર્ણાહૂતિ

વિજાપુર, તા.૨૯

વિજાપુર શહેરના રાધાકૃષ્ણ રામબાગ મંદિર ખાતે ૨૨ જુલાઈથી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ યજમાન સ્વ. ડો. ડાહ્યાભાઈ પુરુષોત્તમભાઈ પટેલ પરિવાર દ્વારા સ્વ.ડો. ડાહ્યાભાઈ પટેલના પુણ્યતિથિ નિમિત્તે યોજાયો હતો.

૨૨ તારીખે કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં વામન જન્મ અને કૃષ્ણ જન્મોત્સવ, કૃષ્ણ બાલ લીલા અને શ્રીકૃષ્ણ મહારાસ લીલા વગેરે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અંતમાં ૨૮ તારીખે ગુરુવારે સાંજે આભારવિધિ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. મિત્તલભાઈ ઠાકર (પિલવાઈ વાળા) દ્વારા સપ્તાહિક કાર્યક્રમમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

## ઈડર કૉલેજમાં સ્વાગત સહ ઓરિએન્ટેશન સમારોહ યોજાયો

ઈડર, તા.૨૯

ઈડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી પરિષદ દ્વારા બી.કોમ. સેમ.૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સહ ઓરિએન્ટેશન સમારોહ યોજાયો હતો. જેમાં કોલેજના આચાર્ય ડો. એ. એમ. પટેલે વિદ્યાર્થીઓને આવકાર્યા અને કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. એસ. વી. દેસાઈએ તેમને સપ્તધારા, સ્પોર્ટ્સ તથા અન્ય પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. કો-ઓર્ડીનેટર ડો. કે. જી. પટેલે એનએએસી ટીમ અંગે માહિતી આપી હતી. ડો. પ્રિયંકાબેન સોલંકીએ વિદ્યાર્થી પરિષદ શું છે અને તેમાં કેવી રીતે પ્રવેશ મેળવી શકાય તેની માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મનુબેન પટેલ અને આભાર વિધિ ડો. એસ. બી. સાગર દ્વારા કરાઈ હતી. આ કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓને કોલેજની લાયબ્રેરી, સ્પોર્ટ્સ, કોમ. લેબ. સહિત તમામ સ્થળોની મુલાકાત કરાવી સંસ્થાની સગવડો અને વ્યવસ્થાથી અવગત કરાવ્યાં હતા. આ કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થી પરિષદના કન્વિનર ડો. એમ. આઈ. લોઢા અને આચાર્યના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### સરકારના ઈ-એફઆઈઆરના નિર્ણયની અસર

# વડગામમાં પાંચ માસ પૂર્વે ચોરાયેલા મોબાઈલની પ્રથમ ઈ-ફરિયાદ નોંધાઈ

છાપી, તા.૨૯

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક વડગામમાં પાંચ માસ પૂર્વે એક વિદ્યાર્થીનો મોબાઈલ ચોરી થયો હતો જેની ઈ-ફરિયાદ વિદ્યાર્થીના પિતાએ સરકારના પોર્ટલ ઉપર નોંધાવતા વડગામ પોલીસે ફરિયાદ નોંધી હતી.

રાજ્યમાં વાહન ચોરી તેમજ મોબાઈલ ચોરીના વધતા બનાવો વચ્ચે પોલીસ દ્વારા ફરિયાદો નોંધવામાં ન આવતી હોવાની બૂમ વચ્ચે ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા નિર્ણય લઈ વાહન તેમજ મોબાઈલ ચોરીની ઈ-ફરિયાદ ઘરે બેઠા નોંધાવી શકે તેવો નિર્ણય લીધો હતો જેના પગલે બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક વડગામ ખાતે પાંચ માસ પૂર્વે પાલનપુર કોલેજ જવા જુના બસ સ્ટેન્ડ ઉપરથી બસમાં ચઢવા જતા જીગર ઠાકોરના ખિસ્સામાંથી ચોર ઈસમે મોબાઈલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો જે સંદર્ભે વડગામ પોલીસ મથકે લેખિત અરજી આપી હતી જો કે પાંચ માસ સુધી એફ.આઈ.આર. નોંધવામાં આવી ન હતી. રાજ્ય સરકારના નવીન અભિગમના પગલે પીડિત વિદ્યાર્થીના પિતા કાનજીભાઈ મુળજીભાઈએ ઈ-એફ.આઈ.આર. નોંધાવતા વડગામ પોલીસે ફરિયાદીનો સંપર્ક કરી વિધિસર એફ.આઈ.આર. નોંધી હતી. જેના કારણે ચોરી થયેલ મોબાઈલ બાબતે વડગામ પોલીસે તપાસ હાથ ધરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે. સરકારના પ્રજાભિમૂખ નિર્ણયને બિરદાવવામાં આવ્યો છે.

**પ્રજાભિમૂખ નિર્ણયને આવકાર મળ્યો**

રાજ્ય સરકાર દ્વારા વાહનો તેમજ મોબાઈલ ચોરીની ઈ-ફરિયાદ નોંધાવવાનો મહત્વ પૂર્ણ જે નિર્ણય લીધો છે. તે બાબતે વડગામ જિલ્લા પંચાયત સદસ્ય ફલજીભાઈ પટેલે જણાવ્યું હતું કે તેનાથી વાહન તેમજ મોબાઈલ ચોરીની ફરિયાદ નોંધાવા પોલીસ મથકે પીડિતોને વારંવાર ધક્કા ખાવા પડતા હતા જેનાથી છુટકારો મળશે અને ફરિયાદ નોંધાવવામાં સરળતા રહેશે.

### મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં

# વડાલી શાળા નં.૪માં ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો

વડાલી, તા.૨૯

વડાલી તાલુકા શાળા નંબર-૪માં ગુરુ વંદના કાર્યક્રમ હસમુખભાઈ એન. સુથારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં વડાલી તાલુકા શાળા નંબર-૪ના આચાર્ય ગિરીશભાઈ બ્રહ્મભટ્ટ એ સ્વાગત-પ્રવચન કર્યું હતું.ત્યારબાદ તમામ મહેમાનોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. હસમુખભાઈ સુથારે ગુરુ વિશે વક્તવ્ય આપ્યું હતું. વડાલી તાલુકા પ્રાથમિક શૈક્ષીક મહાસંઘના મહિલા અધ્યક્ષ તરીકે આજ શાળાના ઉપશિક્ષક ધરતીબેન એન. સુથારની વરણી થતા શાળા સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં સભ્યો તથા ગ્રામજનો હાજર રહ્યાં હતા. એસએમસી કાર્યક્રમના અંતે શાળાનાં શિક્ષિકા જ્યોતિકાબેન રાવલ દ્વારા તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.



પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાંની સાથે ડીસા શહેરમાં ગરમાગરમ મગફળીનું આગમન થઈ ગયું છે જેની સાથે બજારોમાં અનેક જગ્યાઓ ઉપર ગરમાગરમ મગફળીની લારીઓ જોવા મળી રહી છે. પવિત્ર શ્રાવણ માસમાં શંકર ભગવાનના ભક્તો આખો મહિનો ભગવાનની પૂજા-અર્ચના કરી એક માસનો ઉપવાસ રાખતા હોય છે. તેઓ આ સમયે ગરમાગરમ મગફળીનો અનેરો સ્વાદ માણતા હોય છે. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)



પાલનપુરમાં ત્રણબત્તી થી નાની બજારથી કમાલપુર સુધીનો રોડ તાજેતરમાં બનાવ્યો હતો જે વરસાદના પાણીથી ધોવાઈ જતાં અને ખાડા પડતા વાહનચાલકોને મુશ્કેલી થઈ રહી છે. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં ધમધમતા દેશી દારૂના અડ્ડા પર પોલીસ ત્રાટકશે

મોડાસા, તા.૨૯

બરવાળામાં ઝેરી દારૂ પછી લઠ્ઠાકાંડમાં ૪૦ વ્યસનીઓના મોત નિપજવાના ગંભીર અને ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. દારૂ મુદ્દે ડ્રાઈવ કરવાના આદેશ અપાતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં રાત-દિવસ ધમધમતા દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ ઉપર પોલીસ ડ્રાઈવ સાથે તવાઈ બોલાવવાનાં મૂડમાં છે. લઠ્ઠાકાંડ પછી અનેક વિસ્તારોમાં તો પોલીસે રેડની કાર્યવાહી શરૂ કરી દીધી છે. અરવલ્લી જિલ્લામાં દેશી દારૂના ૩૫ ગુના નોંધાયા હતા. જેમાં સૌથી વધુ ૧૦ ગુના મોડાસા રૂરલ પોલીસ મથકે નોંધાયા હતા. તેમજ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ૪, મેઘરજમાં ૩, ઈસરીમાં ૨, માલપુરમાં ૨, ધનસુરામાં ૫, ભિલોડામાં ૨, બાયડમાં ૩, સાઠંબામાં ૩ અને શામળાજી પોલીસ મથકે ૧ મળી દારૂની ૩૫ ફરિયાદો દાખલ થઈ હતી. અરવલ્લી જિલ્લામાં પોલીસે દેશી દારૂના ૧૨થી વધુ સ્થળે રેડ કરી દેશી દારૂ ઝડપી લેવાયો હતો. પોલીસના દરોડા દરમિયાન બુટલેગરો ઘરેથી ભાગી છૂટ્યા હતા, પરંતુ દારૂ ગાળવાનો વૉશ ૬૫૦ લીટર અને દેશી દારૂ ૬૨ લીટરનો જથ્થો પોલીસે કબ્જે કર્યો હતો.

**અરવલ્લી જિલ્લામાં દેશી દારૂના ૩૫ ગુના નોંધાયા હતાં જેમાં સૌથી વધુ ૧૦ ગુના મોડાસા રૂરલ પોલીસ મથકે નોંધાયા હતા**

અરવલ્લી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, રાજ્યના ડીજીપીના આદેશ બાદ જિલ્લામાં દારૂની સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરી હતી અને દારૂ અંગેના કેસ કર્યા છે. ઝેરી દારૂ બનાવવામાં મિથેનોલનો ઉપયોગ થાય છે. જ્યારે બંને જિલ્લામાં દેશી દારૂને વધુ નશીલો બનાવવા માટે વર્ષોથી નવસાર અને રાસાયણિક ખાતરનો ભરપૂર ઉપયોગ કરાય છે. કેટલાક વિસ્તારોમાં અખાદ્ય ગોળ, મહુડામાં ગાંડા બાવળની છાલ અને થૂવેરનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

બરવાળા લઠ્ઠાકાંડ બાદ દારૂ મુદ્દે ડ્રાઈવના આદેશથી બંને જિલ્લાના દારૂના અડ્ડાઓ ઉપર પોલીસ તવાઈ બોલાવશે.

**એમ.એસ.ડબ્લ્યુ. કોલેજ મોડાસાનું ૧૦૦ ટકા પરિણામ**

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ યાને કોલેજ કેળવણી મંડળ મોડાસા સંચાલિત એમ.એસ.ડબ્લ્યુ. કોલેજ, મોડાસામાં ચાલુ સાલે કોલેજનું ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. જે બદલ છાત્રો અને સ્ટાફને પ્રિન્સિપાલ રાકેશકુમાર પ્રજાપતિ, મંડળના પ્રમુખ નવીનચન્દ્ર મોદી અને પ્રભારી માનદ્ મંત્રી ડો. ઘનશ્યામભાઈ શાહે શુભેચ્છા પાઠવી હતી.

### માળખાની રચનાનો રિવ્યૂ કરવા માંગ

# ઉત્તર ગુજરાતમાં પાલિકાના વિકાસ કામો ખોરંભે પડ્યા હોવાનું તારણ

મોડાસા, તા.૨૯

રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૮માં નગરપાલિકાઓ ઉપરનું નિયંત્રણ અને જરૂરી ઠરાવની મંજૂરી સહિતના કામો રાજ્યમાં ૪ ઝોન રચી પ્રાદેશિક કમિશ્નરને હવાલે કરાયાં છે. પરંતુ અગાઉ જિલ્લા કલેક્ટર હસ્તકનું નિયંત્રણને સત્તાનું કેન્દ્રિકરણ કરી ઝોન કક્ષાએ કરાતાં કેટલીય નગરપાલિકાઓમાં વિકાસના કામો ટલ્લે ચડ્યા હોવાથી જરૂરી સમયમાં વહીવટી, તાંત્રિક મંજૂરી અને ટેન્ડરીંગ પ્રક્રિયા ઉપલી કચેરીમાં કામના ભારણને લઈ હાથ નહીં ધરાતી હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી હતી. આમ વિકાસ કામોની મંજૂરીમાં વિલંબ થતો હોઈ નગરનો વિકાસ રૂંધાય છે.

જે ઉદ્દેશથી રાજ્ય સરકારે આ નવીન માળખું રચ્યું હતું કે, ઉદ્દેશ બર નહીં આવી રહ્યો હોવાની ઉઠેલી વ્યાપક ફરિયાદને પગલે આ સત્તાના કેન્દ્રીકરણ સમા માળખાની રચનાનું પુનઃ વિચારણા કરી રિવ્યૂ કરવું જોઈએ તેવી પાલિકા વહીવટકર્તાઓની માંગ ઉઠી છે. અગાઉ વિકાસ કામોની મંજૂરીથી લઈ ભરતી, ખરીદી, મહેકમ મંજુરી સહિતના તમામ કામો, વિકાસ કામોની તાંત્રિક કે વહીવટી મંજૂરી અને ટેન્ડરીંગ સ્થાનિક કક્ષાએ કલેક્ટર પાસે રહેતી હોવાથી કલેક્ટરનું સીધુ નિયંત્રણ રહેતું હતું તેથી વિકાસ કામો અને બીજા વહીવટી કામો ઝડપથી હાથ ધરાતા હતા.

**વિકાસ કામોની મંજૂરીમાં વિલંબ થઈ રહ્યો છે**

ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લાની ૨ પાલિકા, સા.કાંઠા જિલ્લાની ૭ પાલિકા, મહેસાણા જિલ્લાની ૬ પાલિકા, પાટણ જિલ્લાની ૫ પાલિકા, બનાસકાંઠા જિલ્લાની ૬ પાલિકા અને ગાંધીનગર જિલ્લાની ૩ મળી કુલ ૨૯ નગરપાલિકાઓ પ્રાદેશિક કમિશ્નર ગાંધીનગરને હવાલે કરાઈ છે. જેથી સત્તાના કેન્દ્રીયકરણથી પાલિકાના વિકાસ કામો અને વહીવટી કામો ખોરંભે પડ્યા છે. માટે નગરપાલિકાઓનો વિકાસ રૂંધાયો હોવાની ફરિયાદો ઉઠી છે.



ડાકોરમાં બાળકોને અમૃત સમાન સુવર્ણ પ્રાશનના ટીપા આપવામાં આવ્યાં હતાં. (તસ્વીર : મુકુંદ જોષી - ડાકોર)

### ૭૫ બાળકોએ શક્તિવર્ધક ટીપા લીધા

# ડાકોરમાં બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા આપવામાં આવ્યાં

ડાકોર, તા.૨૯

ડાકોરમાં વૈદ્ય પુષ્પેન્દ્રભાઈ દવેના સ્મારણાર્થે તથા ઝંડુ ફાર્માસ્યુટીકલ મુંબઈ તથા લાયન્સ ક્લબ ડાકોર પિલગ્રિમના સહયોગમાં ૧૨વર્ષથી નાના બાળકોને પુષ્ય નક્ષત્રમાં મન અને તનની તંદુરસ્તી વર્ધક સુવર્ણ પ્રાશનના ટીપા ડાકોરની જુદી જુદી શાળાઓના બાળકોને પીવડાવવામાં આવ્યાં હતા.

કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય રણછોડરાય મંદિરના ભંડારી મહારાજ, ક્લબના પ્રમુખ વિજયભાઈ પટેલ, ડો. યોગેશભાઈ દવે તેમજ વિશેષ મહેમાન તરીકે ડિસ્ટ્રિક્ટ ગવર્નર રસિકભાઈ પટેલ, ડાકોરનાં વેપારી વિનોદભાઈ સુખડીયા ઉપસ્થિત રહ્યાં હતા. અંદાજિત ૭૫ બાળકોએ શક્તિવર્ધક સુવર્ણ પ્રાશન ટીપા લીધા હતા.

### અરવલ્લી જિલ્લા વન વિભાગની

# મેઘરજ નોર્મલ રેન્જ દ્વારા પ્રાણીનો શિકાર કરનાર આરોપીને ઝડપી લેવાયો

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લા વન વિભાગની મેઘરજ નોર્મલ રેન્જ દ્વારા વનચર પ્રાણીનો શિકાર કરી બાઈક અને મુદ્દામાલ છોડી ભાગી ગયેલા શિકારી આરોપીને દોઢ માસ બાદ ઝડપી પોલીસ હવાલે કરાયો હતો. આ શિકારી અને તેના સાગરીતો દ્વારા ૫ માંદા અને ૪ નર પ્રાણીનો શિકાર કરી વન વિભાગના સકંજાથી બચવા બાઈક સહિતનો મુદ્દામાલ કદવાડી ગામની સીમમાં છોડી દેવાયો હતો અને શિકારી આરોપી ભાગી ગયા હતા. તે આરોપીઓ વિરુધ્ધ વન્ય પ્રાણી અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.વન વિભાગે મેઘરજ તાલુકાના કડવાડી ગામની સીમમાં ાવેલા નવાગામ-કસાણા રોડ ત્રણ રસ્તા નજીક વૉચ ગોઠવી હતી તે દરમિયાન વન્ય પ્રાણી વણીયર (વીજ)નો શિકાર કરી રાસાયણિક પ્લાસ્ટીક થેલીમાં ભરી બાઈક ઉપર લઈ જતા હોવાની બાતમીના આધારે બાઈકચાલક અને સવાર બાઈક છોડી ભાગી ગયા હતા તે શિકારી પુનમનાથ જાફરનાથને ઝડપી ધરપકડ કરી હતી.

**બાઈક સહિતનો મુદ્દામાલ કદવાડી ગામની સીમમાં છોડી દેવાયો હતો**

**મોડાસામાં ઈએફઆઈઆર વિશે સમજ આપતો કાર્યક્રમ યોજાયો**

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા નગરમાં કોલેજ કેળવણી મંડળ, મોડાસા અને અરવલ્લી પોલીસના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસમાં ઈ-એફઆઈઆર સાયબર ક્રાઈમ અને રોડ સેફ્ટી વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં જિલ્લા કલેક્ટર ડો.નરેન્દ્રકુમાર મીના, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અને કોલેજ મંડળના ઉપપ્રમુખ તથા પાલિકાના પૂર્વ પ્રમુખ સુભાષભાઈ શાહ સહિતના અગ્રણીઓ હાજર રહી કેમ્પસના વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અને રોડ સેફ્ટી અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે લૉ કોલેજ, મોડાસાના પ્રિન્સિપાલ ડો.રાજેશ વ્યાસ સૌને આવકાર્યા હતા અને લૉ ફેકલ્ટીના ડીન ડો.અશોક શ્રોફે આભારવિધિ કરી હતી.

આ સાથે અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા ઈ-એફઆઈઆર અને સાયબર ક્રાઈમ અવેર્નસ કાર્યક્રમ મોડાસા હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ડીવાયએસપી એન. વી. પટેલ, ટાઉન પી.આઈ. એમ. બી. તોમર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા તેમજ મોડાસા હાઈસ્કૂલના આચાર્ય એમ. આઈ. જોષી અને મંડળના ઉપપ્રમુખ કે. એમ. શાહ ઉપસ્થિત હતા. આ પ્રસંગે ડિજિટલ યુગના ફાયદા-ગેરફાયદા અને સ્માર્ટ ફોન કેવી રીતે ઉપયોગ કરવો તથા ટ્રાફિક સાવચેતીની સમજ આપવામાં આવી હતી.

### આરોગ્ય ખાતાની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી

# વિજાપુરમાં ચકાસણી વેળા ૯૮ પાત્રોમાંથી મચ્છરના પોરા મળ્યાં



વિજાપુરમાં ચકાસણી વેળા ૯૮ પાત્રોમાંથી મચ્છરના પોરા મળ્યાં હતાં. (તસ્વીર : બાબા સૈયદ - વિજાપુર)

વિજાપુર, તા.૨૯

મચ્છરજન્ય રોગચાળો મેલેરિયા, ડેંન્ગ્યુ, ચિકનગુનિયા અટકાવવા વિજાપુર ઓ.જી. વિસ્તારમાં પ્રા.આ.કે. લાડોલ દ્વારા આરોગ્ય કર્મચારીની ૧૩ ટીમો તેમજ ૪ સુપરવાઈઝર દ્વારા વિજાપુરની જુદી જુદી સોસાયટીમા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૩૮૬ ઘરોમાં કુલ ૫૪૮૭ વસ્તી આવરી લેવામાં આવી જેમાં તાવના કુલ ૧૮ કેસની લેબ તપાસ કરવામાં આવી હતી. ૩૦૨૧ પાણી ભરેલા પાત્રોની તપાસ કરવામાં આવી તેમાંથી ૯૮ પાત્રોમા મચ્છરના પોરા જોવા મળેલ અને તેનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

**મચ્છરજન્ય રોગચાળો અટકાવવા વિવિધ સ્થળો પર પાત્રોની ચકાસણી કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું**

તેમજ ઓ.જી. વિસ્તારની બાંધકામ સાઈટ અને શોપિંગ સેન્ટરના કોમ્પ્લેક્સ તેમજ ફેકટરીઓની તપાસ કરવામાં આવી હતી અને પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. લોકોને મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઘરની અંદર તેમજ ઘરની બહાર, ટાંકી, હોજ વગેરેમાં વરસાદી પાણી ભરાવાથી મચ્છર ઉતપન્ન થાય છે. તો તેમાં બળેલુ ઓઈલ, પાણીનો નિકાલ કરવો, ભંગારનો નિકાલ કરવો તેમજ આ પાણી ભરાયેલ પાત્રોની ચકાસણી કરવી અને એમાં પોરા જોવા મળે તો નાશ કરવા માટે સમજાવવામાં આવ્યાં હતાં. તમામ ટીમનું મોનિટરિંગ અને સુપરવિઝન તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિજય જે. પટેલ અને તાલુકા હેલ્થ સુપરવાઈઝર મુકેશ ચૌહાણ તેમજ લાડોલ સુપરવાઈઝર એમ. બી. વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.



પાલનપુરના ગોબરી રોડ સહિત વિવિધ વિસ્તારમાં જીવદયાપ્રેમી ઠાકોરદાસ ખત્રી અને જીવદયા ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદોને ખાદ્યા-ખોરાકીની વસ્તુ આપવામાં આવી હતી. આ સેવા કાર્યમાં દેવસિંહ પુરોહિત વગેરે હાજર રહ્યાં હતાં. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

### મહિલા સૌરાષ્ટ્ર મેલમાં મુસાફરી કરતી હતી

# સુરેન્દ્રનગર રેલવે મથક પરથી વૃધ્ધાનો મોબાઈલ અને રોકડની ચોરી

વઢવાણ, તા.૨૯

સુરેન્દ્રનગરના રેલ્વે સ્ટેશન ઉપર સૌરાષ્ટ્ર મેલમાં મુસાફરી કરી રહેલ મહિલાની રૂા. ૨,૦૦૦/-ની રોકડ તેમજ મોબાઈલ મળી રૂા.૭૦૦૦/-ના મુદ્દામાલની ચોરી થયાની ફરિયાદ સુરેન્દ્રનગર રેલવે પોલીસમાં નોંધવામાં આવી હતી.

પોરબંદર થી સૌરાષ્ટ્ર મેલમાં ડાકોર ખાતે જઈ રહેલા વૃદ્ધાનું સૌરાષ્ટ્ર મેલમાં સુરેન્દ્રનગર રેલવે જંકશન ઉપર રોકડ રકમ ભરેલ ૨૦૦૦/- રૂપિયાનું પાકીટ તેમજ મોબાઈલ ચોરી થવાની ઘટના સામે આવી છે. મહિલાને જાણકારી મળતા સુરેન્દ્રનગર રેલવે પોલીસ મથકમાં મહિલાએ ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો અનુસાર ડાકોરની મહિલા પોરબંદર પોતાના કામઅર્થે ગઈ હતી અને પરત ફરી રહ્યાં હતા ત્યારે સૌરાષ્ટ્ર મેલમાં સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન ઉપર પહોંચતા સમયે એક મહિલાએ આ વૃદ્ધાનો મોબાઈલ તેમજ પાકીટ લઈ અને સુરેન્દ્રનગર બે ગઠીયા ઉતરી ગયા હોવાનું જણાવ્યું. મહિલાએ તપાસ કરતા પાકીટમાં રહેલ ૨,૦૦૦/- રૂપિયા રોકડ તેમજ મોબાઈલ ચોરી થઈ ગયો હતો. સવિતાબેન પોપટલાલ નામની વૃદ્ધાએ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે ત્યારે રેલવે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

**ડાકોરની મહિલા પોરબંદર કામઅર્થે ગઈ હતી**

**લીંમડીમાં વૃધ્ધનો આત્મહત્યાનો પ્રયાસ**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંમડી ગામે વાલ્મિકી નગરમાં રહેતા શખ્સે ઝેરી દવા ગટગટાવી લેતા પરિવારજનો દ્વારા તેમને લીમડી હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં હતા જયાંથી વધુ સારવારની જરૂરિયાત જણાવતા સુરેન્દ્રનગર મેડિકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યાં છે.લીંમડી પોલીસ વાલ્મિકી નગરમાં જઈ આજુબાજુના વ્યક્તિઓના નિવેદન લઈ તપાસ હાથ ધરી રહી છે. જાણવા મળતી વિગતો અનુસાર લીંમડી વાલ્મિકી નગરમાં રહેતા વાલ્મિકી સમાજના ભગવાનભાઈ ટપુભાઈ પરમારે પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી અને આત્મહત્યાની કોશિશ કરી છે. લીમડી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

**પાણસીણા પાસે ટ્રક અને કાર વચ્ચેના અકસ્માતમાં એકનું મોત**

વઢવાણ, તા.૨૯

લીંમડી તાલુકાના પાણસીણા ગામ પાસે કન્ટેનર અને કાર વચ્ચે અકસ્માત થતાં એકનું મોત, ત્રણને ઈજા થતાં લીંમડી સારવાર આપી અને રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

લીંમડી તાલુકાના પાણશીણાં પાસે કન્ટેનર સાથે કારને થતાં મેહુલ હરેશકુમાર નામના વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે ગાડીમાં ત્રણ વ્યક્તિઓને ઈજા થતા તેમને લીમડી સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે અને પાણશીણા પોલીસે ઘટના સ્થળ ઉપર પહોંચી તપાસ હાથ ધરી છે.

**સુરેન્દ્રનગરમાં દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરાશે**

વઢવાણ, તા.૨૯

સુરેન્દ્રનગર શહેરના આપ પાર્ટીના અધ્યક્ષો દ્વારા સુરેન્દ્રનગર શહેરના કલેકટર તેમજ સુરેન્દ્રનગર ડી.એસ.પી. સહિતનાઓને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લા અને તાલુકા મથકોએ તેમજ સુરેન્દ્રનગર, વઢવાણમાં જ્યાં જ્યાં દેશી દારૂ વેચાય છે તેવા સ્થળો ઉપર જનતાને સાથે રાખી અને જનતા રેડ કરવામાં આવશે. જો ત્રણ દિવસમાં દારૂની હાટડીઓ બંધ ન થાય તો આપ પાર્ટી દ્વારા જુદા જુદા વિસ્તારોમાં રેડ કરી અને પોલીસની કામગીરી કેવા પ્રકારની છે અને કઈ રીતે કામગીરી કરી રહ્યાં છે તે તમામ જનતા સમક્ષ લાવવામાં આવશે.



સમતા શૈક્ષણિક સંકુલ પાલનપુરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

### બનાસકાંઠા જિલ્લા મંડળ સંચાલિત

# સમતા શૈક્ષણિક સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૨૯

બનાસકાંઠા જિલ્લા વણકર સમાજ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત સમતા શૈક્ષણિક સંકુલના મેદાનમાં બાગ-બગીચા સમિતિ દ્વારા બાલમંદિરના બગીચા માટેની બોર્ડર માટે લાલ મેંદી અને પીળી મેંદીની રોપણી કરવામાં આવી તથા શાળાના કોટની ફરતે બોગનવેલ, આસોપાલવ તથા અન્ય છોડ-વૃક્ષ કુલ ૪૦૦ છોડનું બાગ-બગીચા સમિતિના કન્વીનર તથા ઉપપ્રમુખ હરિભાઈ ડી. મગરવાડીયા તથા તેમની ટીમના સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ બાબુભાઈ પી. સોલંકીએ બાગ-બગીચા સમિતિના કાર્યને બિરદાવ્યું હતું.

### હેબતપુરની પરિણીતાને તલાક આપ્યાં હતા

# પાલનપુરમાં તલાક આપનાર પતિને નોકરીમાંથી સસ્પેન્ડ કરાયો

પાલનપુર, તા.૨૯

પાલનપુરમાં ટ્રિપલ તલાક આપનાર પતિને પાણી પુરવઠા વિભાગના ઉપ સચિવ દ્વારા સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. ત્રણ વર્ષ અગાઉ હેબતપુરની પરણીતાને તલાક આપવામાં આવ્યો હતો. જે બાદ પરણીતાએ કોર્ટના દ્વાર ખખડાવ્યાં હતાં. જેમાં કોર્ટે આરોપી પતિને ત્રણ વર્ષની સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ પીડિત પત્નીએ આરોપી પતિને ક્લાસ ટુ અધિકારીના હોદ્દા પરથી દૂર કરવાની માંગ સાથે ન્યાયની માંગ કરી હતી. જે બાદ પાણી પુરવઠા વિભાગના ઉપ સચિવ દ્વારા દાંતીવાડા નાયબ કાર્યપાલક ઈજનેર એસ.એમ. બિહારીને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ સમગ્ર મામલામાં ક્લાસ-૨ અધિકારીને પત્નીને છોડવાની ભારે સજા ભોગવવી પડી છે સાથે સમાજના અન્ય લોકો માટે કોર્ટે બાદ પાણી પુરવઠા વિભાગે હુકમ કર્યો છે.

## પોતાના ખેતરને રળિયામણું બનાવ્યું

# અજાપુર વાંકામાં ૫૦ વીઘા જમીનમાં ચંદનની સુગંધીદાર ખેતી કરતા ૮૫ વર્ષના ખેડૂત

પાલનપુર, તા.૨૯

સાહસિકતાનો ગુણ ગુજરાતી પ્રજાના જનીનમાં રહેલો છે. કોઈ નવીન સાહસ, નવી પહેલ કરવામાં ગુજરાતીઓ હંમેશા અગ્રેસર રહેતા હોય છે. પોતાની મહેનત, ખંત અને ધીરજ થકી ગુજરાતીઓ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવી સમૃદ્ધિની કેડી કંડારતા હોય છે. ખેતીએ પરંપરાગત વ્યવસાય અને ગ્રામીણ અર્થતંત્રનો આધાર સ્તંભ છે. પરંતુ વર્તમાન સમયમાં બદલાતા પ્રવાહોમાં ખેતીમાં આધુનિકતા અને ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતના ખેડૂતો અપગ્રેડ બન્યા છે અને પરંપરાગત પાકોને ત્યજીને નવીન પાકોની પ્રયોગશીલ ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણા અને પથદર્શક બની રહ્યાં છે.

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના અજાપુર વાંકા ગામના મૂળજીકાકાએ આ ઉંમરે "ખુશ્બૂની ખેતી" કરી આખા પંથકમાં ચંદનની સુવાસ ફેલાવી છે. મુળજીભાઈ વીરસંગભાઈ દેસાઈ (ઉ.વ.૮૫) પાલનપુર તાલુકાના જગાણાના વતની. શિક્ષક તરીકેની તેમની કારકિર્દી અને જગાણા ગામમાં બે વાર સરપંચ રહી ચૂક્યા છે વળી સામાજિક રીતે તેમનું નામ આગળ પડતું એટલે મૂળજીકાકા આ પંથકના જાણીતા વ્યક્તિ તરીકેની ઓળખ ધરાવે છે. નિવૃતિ પછી પ્રવૃત્તિ ઘટી જતી હોય છે અને બાકીનું જીવન ભક્તિભાવ કે અન્ય ધાર્મિક ક્રિયાઓમાં પસાર થતું હોય છે ત્યારે મૂળજીભાઈએ દક્ષિણના રાજ્યોની ઓળખ સમા ચંદનની ખેતી કરવાનું સાહસિક પગલું ભરી સમગ્ર પંથકમાં ચંદનની ખેતી કરતા ખેડૂત તરીકેની આગવી નામના મેળવી છે.

ચંદનનું વૃક્ષ એ દક્ષિણ ભારતીય રાજ્યોની નૈસર્ગિક સંપત્તિ છે પરંતુ ગુજરાતમાં કેટલાક સમૃદ્ધ અને સાહસિક ખેડૂતોએ આ ખેતી અપનાવી નવીન પહેલની આધારશીલા મૂકી છે. ગુજરાતમાં ચંદનનું વાવેતર ભારતના કુલ વાવેતરના ૦.૪૫ ટકા છે. જે કુલ વિસ્તાર ૧૭,૪૩૨ હેકટરમાંથી માત્ર ૮૦ હેકટર છે. મુળજીકાકાએ અજાપુર વાંકા ગામના પોતાના ખેતરમાં ૫૦ વીઘા જમીનમાં ચંદનના ૧૦ હજાર વૃક્ષો વાવી લાંબાગાળાની આવકનું આયોજન કર્યુ છે. વર્ષ ૨૦૧૨માં તેમણે કર્ણાટકથી ચંદનના ૫૦૦ રોપાઓ લાવી ચંદનની ખેતીનો પ્રારંભ કર્યો હતો અને તેમની જમીનના ૫૦ વીઘા વિશાળ ફાર્મમાં દસ હજાર વૃક્ષો સમગ્ર પંથકમાં પોતાની સુવાસ ફેલાવી રહ્યા છે.



**ચંદનના મુખ્ય બે પ્રકાર છે. એક સુખડ અને બીજું રક્ત ચંદન. બંને પ્રકારના ચંદનની ખૂબ માંગ છે. ચંદનનું લાકડું અનેક રીતે ઉપયોગી છે. કોતરણી, ટર્નરી, ફર્નિચર, દવા, પાવડર, ધૂપ, અગરબત્તી, હેન્ડીક્રાફ્ટ, તેલ, અત્તર, પરફ્યુમ, સાબુ વગેરેમાં ચંદન વપરાય છે. રક્ત ચંદનની માંગ પરદેશમાં ખાસ કરીને ચીન, જાપાન, સિંગાપોર, મલેશિયા, યુએઈમાં છે. ચંદનના વૃક્ષની બાજુમાં ઉછેરવામાં આવતા મિલિયા ડુબીયામાંથી ઊંચી કક્ષાનું પ્લાયવુડ બનતું હોવાથી તેના ઘનફૂટ દીઠ સારા ભાવ મળે છે. ચંદનની ખેતી સર્વથા, સદાય, સરળ અને નિર્દોષ છે, કોઈને માટે હાનિરૂપ નથી તે ફાયદાકારક જ છે અને દર પંદર વર્ષે પુનઃપ્રાપ્ય છે.**

(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

સ્પોર્ટ્સ શૂઝમાં સજ્જ કોઈ યુવાનને શરમાવે એવી સ્ફૂર્તિ અને ઉત્સાહવાળા મુળજીકાકાના ચંદનના ફાર્મની મુલાકાત લેવા જેવી છે. તેમની કુલ ૭૫ વીઘા જમીનમાંથી ૫૦ વીઘા જમીનમાં તેમણે ચંદનના ૧૦ હજાર વૃક્ષો વાવીને પોતાના ખેતરને કર્ણાટકના જંગલ જેવું સુંદર અને રળિયામણું બનાવી દીધું છે. ચંદનના કિંમતી વૃક્ષોના રક્ષણ માટે સમગ્ર ફાર્મને સીસીટીવી કેમરાથી સજ્જ કરવામાં આવેલું છે.

### પર્યાવરણ, શુધ્ધિકરણ અને આવક એટલે ચંદનની ખેતી

મુળજીકાકાએ ચંદનની ખેતી વિશે માહિતી આપતા જણાવ્યું કે, ચંદનની એક ખાસિયત છે કે, એ પરોપજીવી વૃક્ષ છે એટલે કે તમે જેટલાં ચંદનના વૃક્ષ ઉછેરો એટલા બીજા ઝાડ એની પાસે તેના ખોરાક માટે રોપવા પડે. મુળજીકાકા સેન્ડલવુડ સોસાયટી ઓફ ઇન્ડિયા (રજી.) બેંગ્લોરનું સભ્યપદ ધરાવે છે. તેઓ પોતાની ચંદનની સફળ ખેતી માટે રાજ્ય સરકારની નીતિ અને રામકુમાર, અગ્ર મુખ્ય વન સંરક્ષક જેવા અધિકારીઓના માર્ગદર્શન અને પ્રેરણાને આભારી ગણાવે છે.



શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ ધનસુરાને સ્વચ્છ સ્કૂલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. (તસ્વીર : અતુલ બ્રહ્મભટ્ટ - ધનસુરા)

## સ્વચ્છ ભારત મિશન અંતર્ગત

# શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ ધનસુરાને સ્વચ્છ સ્કૂલ એવોર્ડ અપાયો

ધનસુરા, તા.૨૯

શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ ધનસુરાને ત્રણેય સ્તરે સ્વચ્છ સ્કૂલ એવોર્ડ આપવામાં આવ્યાં હતા. અરવલ્લી જિલ્લા કક્ષાએ શૈક્ષણિક, સહાભ્યાસિક, સાથે રમત-ગમત ક્ષેત્રે વિશિષ્ટ નામના ધરાવતી શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ ધનસુરાને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લા કક્ષાની અગ્રેસર સ્વચ્છ શૈક્ષણિક સંસ્થાઓમાં સંપૂર્ણ

### વિદ્યાર્થીઓ માટે ફિલ્ટર વૉટર વગેરેની સગવડ ઉભી કરાઈ

સ્વચ્છ સંકુલ તથા શાળાના વિદ્યાર્થીઓ માટે પીવા માટે આરો પ્લાન્ટ સાથેનું ફિલ્ટર વોટર તેમજ સુઘડ અને સ્વચ્છ ટોયલેટરી સુવિધા માટે જિલ્લાના વહીવટી તંત્ર તરફથી ત્રિવિધ એવોર્ડ મળ્યાં છે.

ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલ અને સર્વે હોદ્દેદારોએ શાળાના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ અને શિક્ષક મિત્રોને સ્વચ્છ સંસ્થા માટેની પ્રતિબદ્ધતા માટે સિધ્ધિજન્ય કર્તવ્યતા માટે બિરદાવવામાં આવ્યાં હતાં.

## હાઈવે પર પડેલા મસમોટા ગાબડાને લઈ

# અંકલેશ્વર, ખરોડ, ધામરોડ પાટિયા વચ્ચે પુનઃ ટ્રાફિકની સમસ્યા સર્જાઈ

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર, ખરોડ, ધામરોડ પાટીયા વચ્ચે પુનઃ વાહનોની કતાર જામી જવા પામી છે. હાઈવે પર પડેલા ગાબડા અને ખરોડ ચોકડી પર બ્રિજના નિર્માણને લઈ અંકલેશ્વર - ખરોડ ચોકડીથી રાજપીપળા ચોકડી આગળ ૧૮ કિ.મી.ની લાઈન થઈ હતી. ખરોડ ચોકડીથી સુરતના ધામરોડ પાટીયા આગળ ૭ કિ.મી. વાહનોની કતાર જામી હતી. છેલ્લા એક મહિનામાં રોજ-બરોજ ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે.

અંકલેશ્વરમાં છેલ્લા એક મહિના સતત નેશનલ હાઈવે નંબર-૪૮ પર ચક્કાજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે જેમાં સુરત તરફ જતા ટ્રેક પર વાહનોની કતાર જામી જાય છે. જેને લાઈન ખરોડ ચોકડીથી શરૂ થતા ૧૮ થી ૨૦ કિલોમીટર દૂર રાજપીપળા ચોકડીથી આગળ નીકળી જાય છે. તો સુરત તરફ ખરોડ ચોકડીથી બોરસરા પાટિયા સુધી પહોંચી જાય છે. એક તરફ વરસાદને લઈ સત્તત માર્ગ પર ગાબડાં પડી રહ્યા છે તો બીજી તરફ ખરોડ ફ્લાય ઓવરની કામગીરીને લઈ ત્યાં આપવામાં આવેલ ડાયવર્ઝન માર્ગ બિસ્માર અને કાચો હોવાથી ટ્રાફિક અવરોધાય રહ્યો છે. જેને લઈ જિલ્લા ટ્રાફિક તેમજ સ્થાનિક

### છેલ્લા એક માસથી ટ્રાફિકની સમસ્યાને લઈ વાહનચાલકોમાં રોષ ફેલાયો

પોલીસ દ્વારા જહેમત ઉઠાવી પડી રહી છે. એટલું જ નહિ માર્ગ પર વાહનો કતારને લઈ વાહનમાંથી નીકળતા પ્રદૂષણને લઈ વાતાવરણમાં દૂષિત બની રહ્યું છે. તો ઈંધણના વ્યય સાથે નાણાંનો વ્યય અને સમયનો વ્યય થતા ટ્રાન્સપોર્ટરોની હાલત કફોડી બની છે. ટ્રાન્સપોર્ટરો સમયસર માલ-સામાન ના પહોંચાડી શકતા આર્થિક ફટકો પડી રહ્યો છે. તો સ્થાનિક પાનોલી અને અંકલેશ્વર સહિત જિલ્લાના ઉદ્યોગો પર તેની અસર વર્તાઈ રહી છે. પાનોલી ઔદ્યોગિક વસાહતના ૩૫૦થી વધુ ઉદ્યોગ અને પ્રોડક્શન લોસ થઈ રહ્યું છે. આ અંગે પાનોલી ઔદ્યોગિક મંડળ દ્વારા જિલ્લા કલેક્ટર તેમજ હાઈવે ઓથોરિટી ડાઈવર્ઝન માર્ગ આર.સી.સી. કરવા અંગે માગ કરી છે.

## નામાંકિત બિલ્ડર એક પુત્રનો પિતા

# વડોદરામાં પરિણીતા બિલ્ડર વિરુધ્ધ કોલેજીયન યુવતી પર દુષ્કર્મ કર્યાની ફરિયાદ

વડોદરા, તા.૨૯

વડોદરા શહેરના કાન્હા ગ્રુપ સાથે સંકળાયેલ બિલ્ડરે તેનાથી અડધી ઉંમરની કોલેજમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય યુવતીને પ્રેમમાં ફસાવીને લગ્ન કરવાની લાલચ આપી તેની પર અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું જેની જાણ યુવતીના પિતાને થતાં જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બિલ્ડર નવલ ઠક્કર સામે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. જો કે આરોપીને પોતાની સામે દુષ્કર્મની ફરિયાદની ખબર થઈ જતાં તે ભૂગર્ભમાં ઉતરી ગયો હતો.

વડોદરા શહેરના ઈલોરાપાર્ક આમ્રકુંજ સોસાયટીમાં રહેતો અને કાન્હા ગ્રુપનો ભાગીદાર નવલ ઠક્કરને કોલેજમાં ભણતી ૧૯ વર્ષીય યુવતીનો પરિચય થયો હતો અને અવાર-નવાર પ્રસંગોમાં મળતાં હતાં અને યુવતી સાથેનો પરિચય પ્રેમમાં

### ફરિયાદ થયાની જાણ થતાં આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયો

પરિણમ્યો હતો. યુવતીને પોતાની મોહજાળમાં ફસાવીને અને લગ્ન કરવાની લાલચ આપી વારંવાર યુવતી સાથે દુષ્કર્મ આચરતો હતો. આમ યુવતીનો વિશ્વાસ જીતવા પોતે પરણિત હોઈ એક બાળકનો પિતા હોવા છતાં યુવતીને લગ્ન કરીશ તેવો વિશ્વાસ આપીને છેલ્લા ઘણા સમયથી યુવતી સાથે ફરતો હતો.

દરમિયાન એકવાર યુવતીના પિતાના હાથમાં પુત્રીનો મોબાઈલ આવતાં અને મોબાઈલ ચેક કરતાં બિલ્ડર નવલ ઠક્કરના મેસેજો જોતાં તેઓ ચોંકી ઊઠયા હતા અને પુત્રીને આ બાબતે પૂછપરછ કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. આમ આરોપી બિલ્ડર નવલ ઠક્કર પોતે પરણિત હોઈ અને એક સંતાન હોવા છતાં યુવતીને લગ્ન કરવાની લાલચ આપી યુવતી સાથે અવાર-નવાર શારીરિક સંબંધ બાંધ્યો હોવાની બાબતને લઈને પિતાએ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી બિલ્ડર સામે દુષ્કર્મનો ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.



ધનસુરામાં મહાદેવના દર્શન કરવા શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. (તસ્વીર : અતુલ બ્રહ્મભટ્ટ - ધનસુરા)

## બિલીપત્ર અને દૂધ ચડાવવામાં આવ્યું

# ધનસુરામાં શ્રાવણ માસના પ્રથમ દિવસે શ્રધ્ધાળુઓ વિવિધ શિવાલયમાં ઉમટ્યા

ધનસુરા, તા.૨૯

ધનસુરામાં શ્રાવણ માસના પ્રથમ દિવસે લોકો મોટી સંખ્યામાં મહાદેવજીના દર્શન કરવા ઉમટ્યા હતાં.

શ્રાવણ માસનું ભારતીય સંસ્કૃતિમાં અનેરું મહત્વ છે. રાજ્યમાં શ્રાવણ માસની શરૂઆત થઈ છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં શ્રાવણ માસના પ્રથમ દિવસે શિવાલયોમાં ભક્તોએ ભગવાન મહાદેવજીના દર્શન કર્યા હતા. ધનસુરામાં આવેલ પૌરાણિક મંદિર દેવીયા મહાદેવ અને શુળપાણેશ્વર મહાદેવ મંદિર સહિત તાલુકાના વિવિધ શિવાલયોમાં ભક્તો દર્શન માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

### દેવીયા મહાદેવનું મંદિર અતિ પૌરાણિક છે

ધનસુરામાં આવેલ દેવીયા મહાદેવજીનું મંદિર પૌરાણિક મંદિર છે. આ મંદિર પાંડવોના સમયનું છે જ્યાં સ્વયંભૂ શિવલિંગ આવેલું છે. અહીં શ્રાવણ માસના પ્રથમ દિવસે લોકો મોટી સંખ્યામાં દર્શન માટે આવ્યાં હતા. ભક્તોએ બિલિપત્ર અને દૂધ ચડાવી ભગવાનની પૂજા-અર્ચના કરી હતી. ધનસુરા તાલુકાના શિવાલયોમાં દર્શન માટે લોકો મોટી સંખ્યામાં આવ્યા હતા અને શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજી ઉઠ્યા હતાં.



**અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા સંદર્ભે કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષ પદે બેઠક યોજાઈ હતી.**

(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

## બે થી ત્રણ લાફા ઝીંકી દીધા

# ઈસરી પોલીસ મથકમાં કોન્સ્ટેબલે પત્રકાર પર હુમલો કરતા ફરિયાદ

મોડાસા, તા.૨૯

મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ મથકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ અજીતભાઈ સુરજીભાઈ નામના પોલીસ કોન્સ્ટેબલે મેઘરજ તાલુકામાં ફરજ બજાવતા હિતેન્દ્ર પટેલ નામના પત્રકારને લાફો મારી દેતા પત્રકાર આલમમાં રોષ ફેલાયો હતો. જેને લઈને ફરિયાદી પત્રકારે ઈસરી પોલીસ મથકે લેખિતમાં અરજી આપી છે.

ફરિયાદમાં જણાવ્યું છે કે, પત્રકાર હિતેન્દ્ર પટેલ ઈસરી પોલીસ મથકે સમાચાર માટે ફરિયાદની માહિતી લેવા માટે પહોંચ્યા હતા તે સમય દરમિયાન પી.એસ.ઓ.ના ટેબલ નજીક બેઠેલા હતા ત્યારે અચાનક અજીત નામનો પોલીસ કોનમ્સ્ટેબલ પત્રકાર પાસે આવીને કહેવા લાગ્યો કે, બધા પત્રકારો બહુ ફોર્મમાં ચાલો છો. એટલું જ નહીં પિત્તો ગુમાવનાર પોલીસ કોન્સ્ટેબલ કહેવા લાગ્યો કે, સસ્પેન્ડેડ પોલીસ કર્મચારી સંજય પત્રકારોને લીધે જ સસ્પેન્ડ થયો છે. આટલું કહીને પિત્તો ગુમાવનાર પોલીસ કોન્સ્ટેબલ અજીત ઉશ્કેરાઈ ગયો અને પત્રકારને માથાના ભાગે બે થી ત્રણ લાફા ઝીંકી દીધા અને અપશબ્દ બોલવા લાગ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને ફરિયાદી પત્રકારે ઈસરી પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### લંમ્પી વાયરસથી મૃત્યુ પામતા પશુના માલિકોને સહાય ચૂકવવા માંગ

પાલનપુર, તા.૨૯

બનાસકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં પશુઓને લંમ્પી વાયરસના કારણે મોત થઈ રહ્યાં છે ત્યારે પશુપાલકોના પશુઓના મોત થતાં નિરાધાર બનતા બનાસકાંઠા જિલ્લા કિસાન કોંગ્રેસ સમિતિ ચેરમેન ઠાકરશીભાઈ રબારીએ રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી કે, જે પશુઓનાં મૃત્યુ થઈ રહ્યાં છે તે પશુઓનું વળતર ચૂકવવા આવે તેવી માંગ કરી છે. કેટલાક વિસ્તારોમાં એક પશુપાલકના પાંચ પશુઓના મૃત્યું થયા છે ત્યારે પશુપાલકો નિરાધાર બન્યા છે તેમની પાસે પૂરતી જમીન ના હોવાથી તેમજ અન્ય સહારો ના હોવાના કારણે કપરી પરિસ્થિતિનો સામનો કરવાની નોબત આવી છે તેવા સમયે રાજ્ય સરકારે કુદરતી આફતમાં મૃત્યુ સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી.

## અરવલ્લીના કોરોના પોઝિટિવના ૬ કેસ

# સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનાં કેસમાં ઉછાળો

મોડાસા, તા.૨૯

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસમાં સતત ઉછાળો થઈ રહ્યો છે. જિલ્લાના હિંમતનગર તાલુકા અને શહેરમાં ગુરુવારના રોજ કોરોના પોઝિટિવના નવા વધુ ૧૬ અને ઈડરમાં ૧ મળી કુલ ૧૭ કેસ સામે આવ્યાં છે. જિલ્લામાં ૧૨ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ કરાયાં છે. હાલ એક્ટિવ કસોની સંખ્યા ૮૫ એ પહોંચી છે. આ ૧૭ કોરોના દર્દીઓમાંથી પાંચ શહેરી વિસ્તારના છે અને ૧૨ ગ્રામ્ય વિસ્તારના છે. તેમાં ૩ યુવતીઓ અને યુવક પાંચ છે તથા ૦૯ પુરુષો કોરોના સંક્રમણમાં સપડાયા છે તેમ છતાં એક પણ મૃત્યુ થયું નથી.

જ્યારે અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટિવના છ કેસો નોંધાયા છે. જેમાં મોડાસા, બાયડ અને ભિલોડા તાલુકામાં ૬ કોરોના સંક્રમણના કેસ જણાતા તમામ દર્દીઓને હોમ ક્વોરન્ટાઈન થયા છે. તેમાંથી ૧ દર્દીનું મોત નિપજ્યું હતું. હાલ ૨૧ એક્ટિવ કેસ છે. તમામ ૬ દર્દીઓ ગ્રામ્ય વિસ્તારના છે.

### માથાસુલીયામાં જીવન ઉપયોગી વસ્તુઓ પરના જી.એસ.ટી. દરનો વિરોધ કરાયો

મોડાસા, તા.૨૮

કેન્દ્ર સરકાર દ્વારા સ્ટેશનરી, દહીં વગેરે પર જી.એસ.ટી.નો પાંચ ટકાનો અમલ કરવામાં આવતા આ નિર્ણયનો વિરોધ થયો હતો. દરમ્યાન ગુજરાત કિસાન સભા અને સીઆઈટીયુ (સામ્યવાદી)ની રાહબરી હેઠળ મોડાસાના માથાસુલીયામાં સૂત્રોચ્ચાર કરી દેખાવો યોજાયા હતા. ગુજરાત કિસાન સભાના જિલ્લા પ્રમુખ ભલાભાઈ ખાંટ અને સીઆઈટીયુના પ્રદેશમંત્રી ડી.આર. જાદવ સહિતના કાર્યકરો, પશુપાલકો અને યુવાનો દ્વારા જી.એસ.ટી.ના નવા દર લાગુ કરવા સામે વિરોધ વ્યક્ત કરી દેખાવો યોજાયા હતા અને જી.એસ.ટી. પરત લેવા માંગ કરી હતી.

## એસ.ટી. બસ સેવા અને સુરક્ષા અંગે નિરીક્ષણ કરાયું

# ભાદરવી પૂનમના મેળા સંદર્ભે કલેક્ટરના અધ્યક્ષ પદે બેઠક યોજાઈ

પાલનપુર, તા.૨૯

આગામી ભાદરવા મહિનામાં અરવલ્લીના ડુંગરાઓમાં અખંડ શ્રધ્ધા, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો તા.૫ થી ૧૦ સપ્ટેમ્બર-૨૦૨૨ દરમિયાન યોજાનાર છે. આ મહામેળાના આયોજન માટે શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટર આનંદ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ હાથ ધરીને કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારી હાથ ધરવામાં આવી

ભાદરવી પૂનમના મેળાની વ્યવસ્થા જાળવવા માટે કલેક્ટર આનંદ પટેલ દ્વારા સ્વચ્છતા, કાયદો અને વ્યવસ્થા સહિત જુદી જુદી ૨૮ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ સમિતિઓ પૈકી સમિતિઓની બેઠક અંબાજી ખાતે યોજાઈ હતી જેમાં મેળા સંદર્ભે કરવાની કામગીરીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટર સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ અંબાજીમાં મેળા દરમિયાન પાર્કિંગ, એસ.ટી. બસસેવા અને તેનું પાર્કિંગ, યાત્રાળુઓની સુરક્ષા માટે અંબાજી આસપાસના વિસ્તારોની જાત મુલાકાત લઈ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, પ્રાંત અધિકારી સુશીલ પરમાર સહિત વિવિધ સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાકિસ્તાનમાં પૂરને કારણે બલૂચિસ્તાનમાં ૧૧૧ના મોત

ઈસ્લામાબાદ, તા.૨૯

પાકિસ્તાનમાં મુશળધાર વરસાદ લોકો માટે મોટી આફત બની ગયો છે. પાડોશી દેશમાં ભારે વરસાદ બાદ પૂરની ગંભીર સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે નાગરિકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ૧ જૂનથી શરૂ થયેલા ચોમાસાના વરસાદને કારણે બલૂચિસ્તાનમાં અત્યાર સુધીમાં ૧૧૧ લોકોના

**પાક.ના બલૂચિસ્તાનમાં ભારે વરસાદને કારણે ઓછામાં ઓછા ૬૦૭૭ મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા છે**

મોત થયા છે. દેશના મુખ્ય સચિવ અબ્દુલ અઝાઈ અકીલીએ કહ્યું કે, બલૂચિસ્તાનમાં ભારે વરસાદને કારણે ઓછામાં ઓછા ૬૦૭૭ મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. જ્યારે ૧૦ હજારથી વધુ મકાનોને નુકસાન થયું છે.

અકિલીએ વધુમાં જણાવ્યું હતું કે, વરસાદ દરમિયાન ૧૬ ડેમને ભારે નુકસાન થયું છે. કેટલાક ડેમને વધુ તો કેટલાકને ઓછું નુકસાન થયું છે. જ્યારે બે એકરમાં પથરાયેલી જમીનમાં ઉગાડવામાં આવેલ પાક અને બગીચા બરબાદ થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે, ચોમાસા દરમિયાન અગાઉની સરખામણીમાં ૫૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. હાલ પાકિસ્તાનમાં બલૂચિસ્તાનના લગભગ ૧૦ જિલ્લા ભારે વરસાદથી પ્રભાવિત છે. સાથે જ વરસાદને કારણે ૬૫૦ કિમી સુધીના રસ્તાઓને પણ નુકસાન થયું છે.



વરસાદી પાણીનો નિકાલ ન થવાના કારણે રસ્તાઓ અને શેરીઓમાં પાણી ભરાઈ ગયા છે. જેના કારણે પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ છે.

જમ્મુ-કાશ્મીરમાં આફતના વરસાદે હાહાકાર મચાવ્યો છે. જમ્મુ-કાશ્મીરના મોટાભાગના વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. પુંછ, રાજૌરી, ડોડા અને કઠુઆમાં લોકોના ઘરોમાં ચાર ફૂટ સુધી પાણી ભરાઈ ગયા છે. તો કઠુઆમાં કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. શહેરના મોટાભાગના માર્ગો પાણીમાં ગરકાવ છે. શાળાના મેદાન સહિત. શેરીઓ, રસ્તાઓ પાણીથી તરબોળ બની ગયા છે. જેને કારણે રસ્તાઓ પર લાંબા જામ જોવા મળી રહ્યા છે. પરંતુ આ આફત હજુ અટકવાનું નામ નથી લઈ રહી. રાજ્યમાં વરસાદને લઈને ઘણી જગ્યાએ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં મળેલી સ્કો (શાંઘાઈ કોઓપરેશન-ઓર્ગેનાઈઝેશન)ના વિદેશ મંત્રીઓની બેઠક શરૂ થતાં ભાગ લઈ રહેલા દેશોના વિદેશ મંત્રીઓના લીધેલા ગૃપ પોઝના ડાબેથી એસ જયશંકર (ભારત) મુખ્તાર તિલેબેર્ડી (કઝાકિસ્તાન), ઝહીન બેક કુલુઆએવ (કિર્ગિસ્તાન) વાંગ પી (ચીન), વ્લાદિમિર નોરોય (ઉઝબેકિસ્તાન), સર્ગર્ય લાવરોવ (રશિયા) બિલાવલ ભુટ્ટો (પાકિસ્તાન), સિરોજિદ્દીન આસ્લોવ (તાજિકિસ્તાન) અઅને સ્કોના સેક્રેટરી જનરલ ઝહાંગ મિંગ નજરે પડે છે.

### ચીનની અમેરિકાને એકવાર ફરીથી ધમકી

# જો તાઈવાન મામલે દખલ કરી તો પરિણામ ભોગવવું પડશે

બીજીંગ,તા.૨૯

પોતાના વિસ્તારવાદી વલણના કારણે દુનિયા માટે જોખમ બની રહેલું ચીન હવે દુનિયાના એકમાત્ર સુપરપાવર અમેરિકાને પણ ધમકાવી રહ્યું છે. તેણે અમેરિકાને એકવાર ફરીથી ધમકી આપી કે જો તેણે તાઈવાન મામલે ટાંગ અડાવી તો તેને ખુબ ભારે પડશે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ગુરુવારે ટેલિફોન પર થયેલી વાતચીતમાં ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે ધમકીભર્યા શબ્દોનો ઉપયોગ કરતા કહ્યું કે તાઈવાન મામલો ઉઠાવીને અમેરિકા આગ સાથે ખેલી રહ્યું છે અને તેના પર ચીન ચૂપ બેસશે નહીં. જિનપિંગની ખુલ્લી ધમકી છતાં બાઈડેન ચૂપચાપ સાંભળતા રહ્યા અને વેપારી સંબંધો વધારવા પર ભાર મૂકતા રહ્યા.



જો બાઈડેન સાથે લગભગ સવા બે કલાક ચાલેલી વાતચીતમાં શી જિનપિંગે કહ્યું કે તાઈવાન ચીનનું જ એક અંગ છે અને તે તાઈવાનની સ્વતંત્રતાને સપોર્ટ કરનારી તાકાતોનો વિરોધ કરે છે. ચીની રાષ્ટ્રપતિએ કહ્યું કે ચીનના સાર્વભૌમત્વ અને ક્ષેત્રીય અખંડિતતાની સુરક્ષા કરવી એ ચીનના દોઢ અબજ લોકોની દ્રઢ ઈચ્છા છે. આ દ્રઢ ઈચ્છાને કોઈ પણ રીતે ટાળી શકાય નહીં. જિનપિંગે અમેરિકી સંસદના સ્પીકર નેન્સી પેલોસીના આગામી તાઈવાન પ્રવાસનો ઉલ્લેખ કરતા કહ્યું કે આમ કરીને અમેરિકા આગ સાથે ખેલી રહ્યું છે અને ઈતિહાસ સાક્ષી છે કે જે આગ સાથે ખેલે છે તે તેનાથી જ નષ્ટ થઈ જાય છે. જો બાઈડનને સલાહ આપતા શી જિનપિંગે કહ્યું કે આશા છે કે અમેરિકા નેન્સી પેલોસીના મામલાને જોશે અને પોતાની એક ચીનની નીતિથી કોઈ પણ હાલતમાં તે પાછળ હટશે નહીં. ચીને કહ્યું કે જો પેલોસી તાઈવાનના પ્રવાસે જશે તો તે એક ઉશ્કેરણીજનક કાર્યવાહી ગણશે અને અમેરિકાએ તેના ગંભીર પરિણામ ભોગવવા પડશે.

ચીની રાષ્ટ્રપતિએ કહ્યું કે હાલના સમયમાં દુનિયામાં અશાંતિ અને બદલાવનો દોર ચાલુ છે. આવામાં દુનિયાભરના લોકો આશા રાખે છે કે ચીન અને અમેરિકા મળીને વિશ્વ શાંતિને જાળવી રાખવામાં મદદ કરશે અને વૈશ્વિક આર્થિક વિકાસને આગળ વધારશે. બંને દેશોએ આ વૈશ્વિક જવાબદારીને ગંભીરતાથી ઉઠાવવી જોઈએ. શીએ કહ્યું કે તાઈવાનના મુદ્દે ચીનનો દ્રષ્ટિકોણ દુનિયા જાણે છે અને તેને વારંવાર દોહરાવવાની જરૂર નથી. ફોન કોલ દરમિયાન બંને નેતાઓએ અમેરિકા અને ચીનના સંબંધને આગળ વધારવાની વાત કરી. આ સંવાદ અમેરિકાની ભલામણ પર કરાયો હતો. આ અગાઉ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા પ્રવક્તા જહોન કિર્બીએ બુધવારના રોજ બંને દશોના સંબંધો વિશે જાણકારી આપી હતી.



# અમેરિકાના વેનેઝુએલામાં બસ ખીણમાં ખાબકતા ૧૩ લોકોના મોત

વેનેઝુએલા,તા.૨૯

અમેરિકાના વેનેઝુએલાનામાં એક ગમ્ખવાર અખસ્માત સર્જાયો છે, એક બસ ખીણમાં પડી જતા આ અકસ્માત થયો હતો, આ બસમાં સવાગ ૧૩ લોકોનું ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા,આ બસને ટક્કર વાગતા તે ખીણમાં ખાબકી હતી,અકસ્માત થતાં આજુબાજુના લોકો સત્વરે મદદ માટે દોડી આવ્યા હતા અને સત્વરે પોલીસને જાણ કરી હતી, પોલીસ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી અને જે લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મધ્ય અમેરિકન દેશની પોલીસે વેનેઝુએલાના ૧૩ લોકો રોડ ટ્રાફિક અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. તેઓ જે બસમાં મુસાફરી કરી રહ્યા હતા તે ઉત્તર-પૂર્વ નિકારાગુઆમાં એક ખીણમાં પડી હતી,બસની પહેલા એક વાહન સાથે ટક્કર થઈ હતી, ત્યારબાદ આ અકસ્માત થયો હતો.

પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ઘટના નિકારાગુઆના એસ્ટેલી પ્રાંતમાં પાન-અમેરિકન હાઈવે પર બની હતી. અહીં બસ ઝડપથી જઈ રહી હતી. બુધવારે સાંજે અચાનક બીજું વાહન આવ્યું, જેના કારણે બંને વચ્ચે ટક્કર થઈ, ત્યારબાદ બસ ખાડીમાં પડી.

# વિશ્વનો સૌથી મુશ્કેલ રસ્તો, સ્થાનિક ચાલક ન હોય તો ભલભલા પડી જાય છે ભૂલા

બેઈજીંગ,તા.૨૯

દુનિયામાં સેંકડો દેશો છે અને અહીં વસ્તુઓ તેમના પોતાના અનુસાર બનાવવામાં આવી છે. ખાસ કરીને જ્યારે ટ્રાફિક નિયમો અને રસ્તાઓની ડિઝાઈનની વાત આવે છે, ત્યારે તે દરેક જગ્યાએ અલગ અલગ રીતે બનાવવામાં આવ્યા છે. આપણે જ્યાં પણ ફરવા જઈએ છીએ ત્યાં ઘણી વાર આપણે પોતાના વાહનો આપડી સાથે લઈ જઈએ છીએ, પરંતુ આજે અમે તમને તે માર્ગ વિશે જણાવવા જઈ રહ્યા છીએ



આ રસ્તો એવી રીતે બનાવવામાં આવ્યો છે કે કોઈ અજાણી વ્યક્તિ તેના પરથી પસાર થવાના આગલા વળાંક સુધી ક્યાંથી પસાર થયો હતો તે ભાગ્યે જ યાદ કરી શકશે. તેથી જ તેને વિશ્વનો સૌથી મુશ્કેલ રસ્તો કહેવામાં આવે છે. ચીનના ચોંગકિંગમાં બનેલો હુઆંગજુવાન ઓવરપાસ બોલવામાં અઘરો છે તેના કરતાં વધુ મુસાફરી કરવી મુશ્કેલ છે. આ ઓવરપાસમાં એટલા બધા વળાંક છે કે વ્યક્તિનું મગજ ફરી જાય છે.

હુઆંગજુવાન ઓવરપાસની તસવીરો ઘણીવાર ઈન્ટરનેટ પર વાયરલ થાય છે. જ્યારે દુનિયાભરના લોકોએ ૫ વર્ષ પહેલા તેની તસવીરો જોઈ તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. અહીંથી કોઈ પસાર થશે તે વાત ચાલકો માટે અવિશ્વસનીય હતી. આ સમગ્ર ઓવરપાસમાં ૨૦ રેમ્પ છે, જે એકબીજા સાથે જોડાયેલા છે.

ત્યાં ૫ જુદા જુદા લિવર છે, જે ૩ એક્સપ્રેસવે દ્વારા જોડાયેલા છે. જો કોઈ અણઘડ ડ્રાઈવર હોય તો અહીંથી નીકળવું તેના બસની વાત નથી અને અનુભવ ધરાવતા ડ્રાઈવરો માટે પણ મુશ્કેલ કામ છે. ઓવરપાસના ચિત્રો જોઈને તમે ચોંકી જશો, જોકે ડિઝાઈનરો કહે છે કે વાસ્તવિકતામાં તે દેખાય છે તેટલું મુશ્કેલ નથી.

આ ઓવરપાસનું કામ વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થયું હતું. એન્જિનિયરોને તેના આયોજન માટે ૫ વર્ષ લાગ્યા હતા, જ્યારે તેને બનાવવામાં કુલ ૭ વર્ષ લાગ્યા હતા. ઓવરપાસ વિશ્વમાં સ્થાપત્યના સૌથી અદભૂત નમૂનાઓ ધરાવે છે. પીપલ્સ ડેઈલી સાથે વાત કરતા, લિયુ બંગજુન સમજાવે છે કે ઓવરપાસમાં બનેલા ૨૦ રેમ્પ રસ્તો શોધવાનું સરળ બનાવે છે.

૩ એક્સપ્રેસ વે તેની સાથે જોડાયેલા હોવાથી ડ્રાઈવરોને વધુ રેમ્પ આપવામાં આવ્યા છે. જો તેઓ ખોટી લેનમાં ગયા હોય તો તેમને ૧૦ મિનિટમાં પરત ફરવાનો વિકલ્પ મળે છે અને ચિન્હો પણ મૂકવામાં આવ્યા છે. માર્ગ દ્વારા, ચીન તેના આર્કિટેક્ચર અને વિચિત્ર ઓવરપાસ માટે પ્રખ્યાત છે, જેમાંથી આ ઓવરપાસ સૌથી મુશ્કેલ છે.

**ચીનના બનેલો હુઆંગજુવાન ઓવરપાસ પસાર કરતા મગજ ચઢે છે ચકરાવે-ક્યાંથી પ્રવેશ્યા અને ક્યાંથી નિકળવુ..?**

# પરિવાર સાથે જ્વાળામુખી જોવા ગયેલી યુવતીનું પીગળી ગયુ આખું શરીર!

વેલિંગ્ટન,તા.૨૯

લોકોના મનોરંજન માટે દુનિયામાં ઘણી વસ્તુઓ છે. ક્યારેક લોકો કુદરતી સ્થળની મુલાકાત લેવા જાય છે તો ક્યારેક માનવ નિર્મિત વસ્તુઓ તેમનું ધ્યાન આકર્ષિત કરે છે. લોકો આ રજાઓના તેમના મજાના અનુભવો સોશિયલ મીડિયા પર શેર કરે છે. ઘણા લોકો સાહસિક છે. તેઓ એવી જગ્યાઓ પર જવાનું પસંદ કરે છે જે થોડી જોખમી હોય.



પરંતુ ક્યારેક આ સાહસ લોકોને મોંઘુ પડી જાય છે. સોશિયલ મીડિયા પર ઓસ્ટ્રેલિયાથી તેના પરિવાર સાથે આવા સાહસ પર ગયેલી એક છોકરીએ તેની સાથે થયેલા ભયાનક અકસ્માતની યાદ તાજી કરી.

હાલમાં જ ઓસ્ટ્રિયાની રહેવાસી સ્ટેફની બ્રોવિટે ઓસ્ટ્રેલિયન ટીવી ચેનલ પર પોતાનું દર્દ શેર કર્યું હતું. વર્ષ ૨૦૧૯માં તે તેની બહેન અને પિતા સાથે ન્યૂઝીલેન્ડના વ્હાઈટ આઈલેન્ડ વોલ્કેનો જોવા ગઈ હતી. પરંતુ તેનો આખો પરિવાર તેમાં વિસ્ફોટની ઝપેટમાં આવી ગયો હતો. આ અકસ્માતમાં ટાપુ પર હાજર ૪૭ લોકોમાંથી ૨૨ લોકોના મોત થયા હતા. બાકીના લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. આ અકસ્માતમાં સ્ટેફનીએ તેના પિતા અને બહેનને ગુમાવ્યા હતા. તે જ સમયે, સ્ટેફનીનું શરીર પોતે લગભગ ઓગળી ગયું હતું. પરંતુ તેનો જીવ બચી ગયો હતો. ટીવી શોમાં જોવા મળેલી સ્ટેફનીએ આ ઘટનાને લોકો સાથે શેર કરી હતી. મૃતકોમાં તેની ૨૧ વર્ષની બહેન ક્રિસ્ટલ અને પિતા પોલ પણ સામેલ છે. જ્યારે સ્ટેફની પોતે બે અઠવાડિયાથી કોમામાં હતી. તેનું શરીર ૭૦ ટકા બળી ગયું હતું. તે તેના આખા પરિવાર સાથે બોટ પર ટાપુ પર ગઈ હતી. તેની માતા અકસ્માતમાં બચી ગઈ હતી. તેણે ટાપુ પર જવાની ના પાડી દીધી હતી. તે હોડીમાં જ બેઠી તેની રાહ જોઈ રહી હતી. આ દરમિયાન અચાનક વિસ્ફોટ થયો અને બધા તેમાં ફસાઈ ગયા. બે વર્ષ પછી પણ સ્ટેફની આ અકસ્માતમાંથી બહાર આવી નથી. મેલબોર્ન સ્થિત સ્ટેફનીએ તેની ભાવિ યોજના લોકો સાથે શેર કરી. તેણે કહ્યું કે આ બધું ભૂલી જવું તેના માટે ઘણું મુશ્કેલ છે. લાંબા સમય સુધી, સ્ટેફનીએ તેના ઘાને કપડાંથી ઢાંકવા પડ્યા. પરંતુ હવે તેના ઘા લગભગ રૂઝાઈ ગયા છે. હવે તે બાળપણથી જોયેલું પોતાનું સપનું પૂરું કરવા માંગે છે. તેણે મીડિયા અને આર્ટ્સમાં તેની ડિગ્રી પૂર્ણ કરી છે.

**આ અકસ્માતમાં ટાપુ પર હાજર ૪૭ લોકોમાંથી ૨૨ લોકોના મોત થયા હતા. બાકીના લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા**



ગ્લોબલ વોર્મિગના કારણે આ વરસે પણ તાપમાનનો પારો અસાધારણ ઉંચો જશે તો સ્વિત્ઝરલેન્ડમાં ગ્લેશિયરો પીગળી જવાના ભય વચ્ચે સ્વિત્ઝરલેન્ડમાં લેસ કાઆ બ્લેરેટ્સ ઉપર આલ્પાઈન રિસો ગ્લેસિયર ૩૦૦૦ ખાતે ગ્લોબલ વોર્મિગના કારણે પીગળવા માંડતા સસેક્સ રોઘ ગ્લેશિયયર અને સાન્ફલેરોન ગ્લેશિયર આગળથી બે પર્વતયાત્રીઓ પસાર થઈ રહેલા દ્રશ્યમાન થાય છે.

### નાઈજીરીયામાં સૈનિકોએ ૨૦ આંતકવાદીઓનો સફાયો કર્યો

અબુજા,તા.૨૯

નાઈજીરીયાના ઉત્તરપૂર્વીય વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી હાથ ધરતા સૈનિકો દ્વારા છેલ્લા બે અઠવાડિયામાં ઓછામાં ઓછા ૨૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. નાઈજીરિયાની સેનાએ આ માહિતી આપી હતી.આ સમયગાળા દરમિયાન કુલ ૨,૦૧૬ આતંકવાદીઓ અને તેમના પરિવારોએ ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં વિવિધ સ્થળોએ સૈનિકો સમક્ષ આત્મસમર્પણ કર્યું છે, સેનાના પ્રવક્તા બર્નાર્ડ ઓન્યુકોએ નાઈજિરિયાની રાજધાની અબુજામાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં પત્રકારોને જણાવ્યું હતું.

# ઓસ્ટ્રેલિયામાં સફાઈ કામદારોને વર્ષનું પગાર પેકેજ રૂા. ૧ કરોડ!

સિડની,તા.૨૯

ભલે આપણા દેશમાં સફાઈ કામ બીજા ધોરણનું માનવામાં આવે છે, પરંતુ ઑસ્ટ્રેલિયામાં સફાઈ કામદારોની એટલી માંગ છે કે તેમનો પગાર ભારતીય ડોકટરો અને એન્જિનિયરો કરતાં પણ આગળ છે. તેની પાછળનું મુખ્ય કારણ ઓસ્ટ્રેલિયામાં સ્વચ્છતા કર્મચારીઓની અછત છે.

આવી સ્થિતિમાં કંપનીઓ કલાકો સુધીનો તેમનો પગાર દર વધારી રહી છે અને તેમનું સેલરી પેકેજ એક કરોડ સુધી પહોંચી રહ્યું છે. ઑસ્ટ્રેલિયામાં ક્લીનર્સ શોધવાનું સરળ નથી. આવી સ્થિતિમાં ઘણી કંપનીઓએ સફાઈ કામદારોનો પગાર પ્રતિ કલાકના આધારે એટલો વધારી દીધો છે કે તેમને દર મહિને સરેરાશ ૮ લાખ રૂપિયાનો પગાર મળી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આમ છતાં દેશમાં સફાઈ કામદારોની અછત છે. તેમનું સરેરાશ સેલરી પેકેજ રૂા. ૭૨ લાખથી રૂા.૮૦ લાખ સુધીનું છે, જ્યારે ઘણી કંપનીઓ તેને વધારીને ૯૮ લાખ કરવા માટે પણ તૈયાર છે.

**આશ્ચર્યની વાત એ છે કે આમ છતાં દેશમાં સફાઈ કામદારોની અછત છે**

અહેવાલ મુજબ, સિડની સ્થિત સફાઈ કંપની એબ્સોલ્યુટ ડોમેસ્ટિક્સના મેનેજિંગ ડિરેક્ટર જો વેસના જણાવ્યા અનુસાર, કર્મચારીઓનો પગાર વધારવો પડશે, કારણ કે લોકો સફાઈ માટે ઉપલબ્ધ નથી. હવે સફાઈ વિભાગનો પગાર વધારીને ૪૫ એટલે કે રૂા.૩૬૦૦/કલાક કરવામાં આવ્યો છે. ઑસ્ટ્રેલિયામાં ૨૦૨૧ થી સ્વચ્છતા કર્મચારીઓની અછત છે. લગભગ એક વર્ષ પહેલા જ્યાં તેને ૨૭૦૦ રૂપિયા/કલાક મળતા હતા, હવે તેને ૩૫૦૦-૩૬૦૦ રૂપિયાની ઓફર કરવામાં આવી રહી છે. ઑસ્ટ્રેલિયાની અન્ય કંપનીઓની પણ આ જ સ્થિતિ છે અને દરેક જગ્યાએ સફાઈ કામદારોનો પગાર ૩૦૦૦ રૂપિયા/કલાકથી ઉપર છે.






ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં ૨૨ મી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ ના યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સે મહારાણી એલિઝાબેથનો સંદેશ વાંચ્યો હતો.અને રમતો નો શુભારંભ કરાયો હતો.૧૧ દિવસ ચાલનારા આ ખેલ મહાકુંભના પ્રારંભ પૂર્વે યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં ૩૦ હજારથી વધુ દર્શકોને ગેમ્સમાં ભાગ લઈ રહેલા દેશોના સાંસ્કૃતિ ઝાંખી કરાવી હતી.તસ્વીરોમાં ડાબેથી ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન ગેમ્સમાં ભાગ લઈ રહેલા દેશોના ખેલાડીઓની ટીમની યોજાયેલી પરેડ દરમિયાન ભારતીય ટીમની યોજાયેલી પરેડ દરમિયાન ભારતીય ટીમની પીવી સિંધુ અને મનપ્રીત સિંહે તિરંગો લઈને મેદાનમાં એન્ટ્રી કરતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભારતીય દર્શકોએ ચીયર્સથી એલેકઝાંડર સ્ટેડિયમ ગુંજી ઉઠયું હતું. પછીની તસ્વીરમાં ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાકારો પરફોર્મ કરી રહયા છે.ત્રીજી અને અંતિમ તસ્વીરમાં ગેમ્સના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન સ્ટેડિયમ પ્રેક્ષકો મોટી સંખ્યામાં દ્રશ્યમાન થાય છે.

# કોમનવેલ્થ ગેમ્સની ઓપનિંગ સેરેમની:૭૨ દેશના એથ્લીટે લીધો ભાગ



## ભારતીય ખેલાડીઓની એન્ટ્રીથી ગુંજ્યું સ્ટેડિયમ; સિંધુ-મનપ્રીત બન્યા ધ્વજવાહક

બર્મિંઘમ,તા.૨૯

ઈંગ્લેન્ડના બર્મિંઘમમાં શુક્રવારે ૨૨મી કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. પ્રિન્સ ચાર્લ્સે મહારાણી એલિઝાબેથનો સંદેશ વાંચ્યો અને રમતોની શરૂઆતની જાહેરાત કરી. આ રંગારંગ કાર્યક્રમમાં ૩૦ હજાર જેટલા દર્શકોની હાજરી હતી. હવે ૧૧ દિવસ સુધી વિશ્વના ૭૨ દેશોના ૫ હજારથી વધુ એથ્લેટ પોતાની રમત બતાવતા જોવા મળશે.

રમતગમતના આ મહાકુંભમાં ભારતના ૨૧૩ ખેલાડીઓ ૧૬ રમતોમાં ભાગ લેશે. ભારત આ રમતમાં ૧૮મી વખત ભાગ લઈ રહ્યું છે. દેશના ખેલાડીઓએ ૧૯૩૦, ૧૯૫૦, ૧૯૬૨ અને ૧૯૮૬માં કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લીધો ન હતો.

જેવી ભારતીય ટુકડીને પરેડમાં અવાજ આપવામાં આવ્યો કે તરત જ આખું સ્ટેડિયમ ઘોંઘાટથી ગુંજી ઉઠ્યું. દર્શકોએ ભારતીય ખેલાડીઓનું જોરદાર સ્વાગત કર્યું. બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ અને હોકી ટીમના કેપ્ટન મનપ્રીત સિંહ ઓપનિંગ સેરેમનીમાં ભારત માટે ભારતના ધ્વજવાહક હતા.

નીરજ ચોપરાની ઈજાના કારણે પીવી સિંધુ ફ્લેગ બેરર બની હતી. સિંધુ બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા છે. તેણે ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં બેડમિન્ટનમાં સિલ્વર મેડલ અને ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઓસ્ટ્રેલિયન ટીમે પરેડની શરૂઆત કરી હતી. તે જ સમયે, યજમાન ઈંગ્લેન્ડના પ્રવેશ સાથે તમામ દેશોની પરેડ સમાપ્ત થઈ. ઈંગ્લેન્ડની ટીમ લાલ અને સફેદ કપડામાં જોવા મળી હતી.

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા છે. તેણે ટ્વીટ કરીને લખ્યું, 'તમામ દેશવાસીઓ વતી હું કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ માટે ભારતીય ટુકડીને અભિનંદન આપું છું. મને ખાતરી છે કે આપણા ખેલાડીઓ તેમના શાનદાર પ્રદર્શનથી દેશને ગૌરવ અપાવશે. તમામ દેશવાસીઓ તમને તમારી જીત માટે શુભકામનાઓ.



**'તમામ દેશવાસીઓ વતી હું કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ માટે ભારતીય ટુકડીને અભિનંદન આપું છું. મને ખાતરી છે કે આપણા ખેલાડીઓ તેમના શાનદાર પ્રદર્શનથી દેશને ગૌરવ અપાવશે. તમામ દેશવાસીઓ તમને તમારી જીત માટે શુભકામનાઓ:રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ**

ઉદઘાટન સમારોહમાં ૧૦ મીટર લાંબો આખલો ઉભો કરવામાં આવ્યો હતો અને તેની મદદથી બર્મિંઘમે વર્ષોનો સંઘર્ષ દર્શાવ્યો હતો.

આ સાથે, તેણે એ પણ બતાવ્યું કે આ શહેરે બધી મુશ્કેલીઓ કેવી રીતે દૂર કરી છે.

ઉદઘાટન સમારોહ જોવા આવેલા ઈંગ્લેન્ડના બાળકોએ અદ્ભુત દાખલો બેસાડ્યો હતો. તેઓ ભારતના ત્રિરંગા સાથે જોવા મળ્યા.

તે જ સમયે, નર્તકોએ ટોની ઈઓમીની ધૂન પર રજૂઆત કરી, જેઓ ૧૯૭૦ના દાયકાના સુપરહિટ બ્રિટિશ બેન્ડ બ્લેક સબાથના મુખ્ય ગિટારવાદક હતા. બર્મિંઘમમાં જન્મેલા ઈઓમી બેન્ડની શરૂઆત કરનારાઓમાંની એક હતા.

પાકિસ્તાની સામાજિક કાર્યકર્તા અને નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝાઈ ઉદઘાટન સમારોહમાં પહોંચી. તેણે પહેલું ભાષણ આપ્યું. તેણે કહ્યું કે દુનિયાના તમામ બાળકોને તેનું સપનું પૂરું કરવાનો અધિકાર છે.

સમારંભની શરૂઆત સમન્થા ઓક્સબ્રો દ્વારા ઈંગ્લેન્ડના રાષ્ટ્રગીતની રજૂઆત સાથે થઈ હતી. આ દરમિયાન પ્રખ્યાત કોમેડિયન ચાર્લી ચેપ્લિનનું પાત્ર પણ બતાવવામાં આવ્યું હતું.



ઈંગ્લેન્ડના બર્મિંઘમમાં શુક્રવારે ૨૨મી કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. પ્રિન્સ ચાર્લ્સે મહારાણી એલિઝાબેથનો સંદેશ વાંચ્યો અને રમતોની શરૂઆતની જાહેરાત કરી. આ રંગારંગ કાર્યક્રમમાં ૩૦ હજાર જેટલા દર્શકોની હાજરી હતી. હવે ૧૧ દિવસ સુધી વિશ્વના ૭૨ દેશોના ૫ હજારથી વધુ એથ્લેટ પોતાની રમત બતાવતા જોવા મળશે. દરમિયાન ઉદઘાટન સમારોહ જોવા આવેલા ઈંગ્લેન્ડના બાળકોએ અદ્ભુત દાખલો બેસાડ્યો હતો. તેઓ ભારતના ત્રિરંગા સાથે જોવા મળ્યા

### કોમનવેલ્થ ગેમ્સમાં પ્રથમ દિવસે ભારતની શરૂઆત સારી રહી

# બોક્સર શિવ થાપાએ પાકિસ્તાનના સુલેમાન બલોચને હરાવ્યો, ટેબલ ટેનિસમાં મેન્સ અને વિમેન્સ ટીમ જીતી

કોમનવેલ્થ ગેમ્સમાં પ્રથમ દિવસે ભારતની શરૂઆત સારી રહી હતી. ટેબલ ટેનિસ મેન્સ ઈવેન્ટમાં ભારતીય ટીમે બાર્બાડોસને હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. જ્યારે ભારતીય બોક્સર શિવ થાપાએ ૬૫ કિગ્રાની મેન્સ કેરેગરીમાં પાકિસ્તાની બોક્સર સુલેમાન બલોચને ૫-૦થી હરાવીને બીજા રાઉન્ડમાં પોતાનું સ્થાન નક્કી કરી લીધુ છે.



આ ઉપરાંત સ્વિમર શ્રીહરિ નટરાજન સેમિફાઈનલ માટે ક્વોલિફાઈ થઈ ગયો છે. ટેબલ ટેનિસ વિમેન્સ ટીમ ઈવેન્ટમાં પણ ભારતીય ટીમે પાકિસ્તાનને હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે.

ભારતીય વિમેન્સ ટેબલ ટેનિસની ટીમ બાદ મેન્સ ટીમે પણ જીત સાથે અભિયાન શરૂ કર્યુ છે. ભારતીય ટીમે બાર્બાડોસને ૩-૦થી હાર આપી હતી.

પહેલો મેચ (ડબલ્સ): હરમિત દેસાઈ અને જી.સાથિયાનની જોડીએ કેવિન ફાર્લે અને ટાયરેસ કિંગ્સને ૧૧-૯, ૧૧-૯, ૧૧-૪થી હરાવીને ટીમને ૧-૦થી આગળ કરી દીધી હતી.

બીજો મેચ (સિંગલ્સ): અચંતા શરથ કમલે રેમન મેક્સવેલને સીધા સેટોમાં ૧૧-૫, ૧૧-૩, ૧૧-૩થી હરાવીને ટીમને ૨-૦થી આગળ કરી દીધી હતી.

ત્રીજી મેચ (સિંગલ્સ): જી.સાથિયાને ટાયરેસ કિંગ્સને ૧૧-૪, ૧૧-૪, ૧૧-૫થી હરાવીને ટીમને ૩-૦થી લીડ અપાવી હતી.

### શ્રીહરિ નટરાજને ૧૦૦ મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં સેમિફાઈનલ માટે ક્વોલિફાઈ કરી લીધુ

ટેબલ ટેનિસના મહિલા ગ્રૂપ-૨ના ક્વોલિફિકેશન રાઉન્ડમાં ભારતે સાઉથ આફ્રિકાને ૩-૦થી હાર આપી છે. ભારતે એક ડબલ્સ અને બે સિંગલ્સ મેચ જીતી લીધા છે. તમને જણાવી દઈએ કે ટેબલ ટેનિસની ટીમ ઈવેન્ટમાં બેસ્ટ ઑફ ફાઈવના આધાર પર હાર-જીત નક્કી થાય છે. ૩ મેચ જીતવાવાળી ટીમ મેચ જીતી જાય છે.

પહેલા મેચ (ડબલ્સ): સૌથી પહેલા સૃજા અકુલા અને રીત ટેનિસનની ભારતીય જોડીએ સાઉથ આફ્રિકાની લૈલા એડવર્ડ-દાનિશા પટેલની જોડીને મેચમાં ૧૧-૭, ૧૧-૭, ૧૧-૮થી હાર આપી હતી. આ જીત સાથે ભારતે ૧-૦ની લીડ મેળવી હતી.

બીજો મેચ (સિંગ્લસ): સ્ટાર પેડલર મણિકા બત્રાએ મેચમાં મુશ્ફિકુહ કલામને સીધા સેટોમાં ૧૧-૫, ૧૧-૩, ૧૧-૨થી હરાવીને ભારતને ૨-૦થી લીડ અપાવી હતી.

ત્રીજી મેચ (સિંગ્લસ): સૃજા અકુલાએ દાનિશા પટેલને ૧૧-૫, ૧૧-૩, ૧૧-૬થી હરાવીને ભારતને ૩-૦થી લીડ અપાવી હતી.



શ્રીહરિ નટરાજને ૧૦૦ મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં સેમિફાઈનલ માટે ક્વોલિફાઈ કરી લીધુ છે. શ્રીહરિએ હીટ-૩માં ૫૪.૬૮ સેકંડ્સમાં ત્રીજું સ્થાન મેળવ્યુ હતુ. તે ઓવરઓલ ૫માં સ્થાન પર રહ્યો હતો. આ અગાઉ દિલ્લીના સ્વિમર કુશાગ્ર રાવત મેન્સ ૪૦૦ મીટર ફ્રિસ્ટાઈલ સ્વિમિંગના ફાઈનલ માટે ક્વોલિફાઈ કરી શક્યો નહતો. તે ૮ ખેલાડીઓની હીટમાં છેલ્લા સ્થાન પર રહ્યો હતો. કુશાગ્રની ૩:૫૭.૪૫ની ટાઈમિંગ રહી હતી. સજન પ્રકાશ (૨૫.૦૧ સેકંડ્સ) ૫૦ મીટર બટરફલાઈમાં ૮માં નંબર પર રહ્યો હતો. તે ઓવરઓલ ૨૪માં સ્થાન પર રહ્યો હતો. અને સેમિફાઈનલ (ટોપ-૧૬)માં સ્થાન મેળવી શક્યો નહતો.

લોન બોલમાં ભારતની તાનિયા ચૌધરીને પરાજયનો સામનો કરવો પડ્યો છે. તેને સ્કોટલેન્ડની ડી હોન્ગે ૨૧-૧૦થી હાર આપી હતી. તો રાઉન્ડ-૧ના ટીમ મેચમાં ભારતીય ટીમને ન્યૂઝીલેન્ડે ૨૩-૨૧થી પરાજય આપ્યો હતો.

## કોમનવેલ્થમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતીય મહિલા ટીમની ૭ વિકેટે હાર

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ની પ્રથમ મહિલા ટી-૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને સાત વિકેટે હરાવ્યું હતું. રોમાંચક મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમે ભારતીય ટીમ પાસેથી જીત છીનવી લીધી હતી.

અંતિમ ઓવરમાં ભારતીય બોલરોએ ખરાબ બોલિંગનું પ્રદર્શન કરતા ટીમની હાર થઈ હતી. ભારત એક સમયે જીતની ખૂબ નજીક પહોંચી ગયું હતું, જે બાદ ઓસ્ટ્રેલિયન બેટરોએ શાનદાર કમબેક કરતા હારને જીતમાં ફેરવી નાખી હતી.

# ચાર વખત ફોર્મ્યુલા વન ચેમ્પિયન રેસર જર્મનીના વેટ્ટલે નિવૃત્તિ જાહેર કરી

બુડાપેસ્ટ, તા.૨૯

ચાર વખત ફોર્મ્યુલ વન કાર રેસિંગ ચેમ્પિયનશિપ જીતી ચૂકેલા જર્મનીના ૩૫ વર્ષીય રેસર સેબાસ્તીયન વેટ્ટલે કારકિર્દી પર પૂર્ણવિરામ મુકવાની જાહેરાત કરી દીધી છે. વેટ્ટલે કહ્યું કે, વર્તમાન સિઝન મારી કારકિર્દીની આખરી સિઝન છે. હું આ સિઝનના અંત સાથે રેસિંગ ટ્રેકને અલવિદા કહી રહ્યો છું. લાંબી વિચારણા બાદ મેં આ નિર્ણય લીધો છે.

રેડ બુલ ટીમ તરફથી વેટ્ટલે વર્ષ ૨૦૧૦ થી લઈને ૨૦૧૩ સુધીમાં ચાર ટાઈટલજીત્યા હતા. તે છેલ્લી રેસ ફરારી તરફથી ૨૦૧૯માં જીત્યો હતો. હાલમાં તે એસ્ટોન માર્ટિનની ટીમમાં સામેલ છે અને તેમાં તે ખાસ પ્રભાવ પાડી શક્યો નથી. રેસર્સ ચેમ્પિયનશિપમાં હાલ તેનો છઠ્ઠો ક્રમાંક છે.



વેટ્ટલે તેની કારકિર્દીમાં ૫૩ રેસ જીતી હતી. ફોર્મ્યુલા વનમાં સૌથી વધુ રેસ જીતવા માટે બ્રિટનના લુઈસ હેમિલ્ટન (૧૦૩ રેસ વિજેતા) અને જર્મનીના માઈકલ શૂમાકર (૯૧) પછી ત્રીજા સ્થાને છે. તેણે વર્ષ ૨૦૧૩માં રેકોર્ડ ૧૩ રેસ જીતી લીધી હતી.

તે વર્ષ ૨૦૧૦માં ફોર્મ્યુલા વન ચેમ્પિયન બનનારો સૌથી યુવા વયનો રેસર હતો ત્યારે તેની ઉંમર ૨૩ વર્ષની હતી.

આ પછી તે સતત ચાર એફવન ચેમ્પિયનશિપ જીતનારો લેજન્ડરી રેસર્સ જુઆન મિગુલ ફાંગીઓ અને માઈકલ શૂમાકર પછીનો માત્ર ત્રીજો રેસર બન્યો હતો. તેની પછી લુઈસ હેમિલ્ટને પણ આવી સિદ્ધિ મેળવી હતી.

નિવૃત્તિની જાહેરાત કરતાં તેણે કહ્યું કે, રેસિંગ ટ્રેકની બહાર પણ દુનિયા છે અને હું નથી ઈચ્છતો કે મારી આખી જિંદગી હું માત્ર કાર રેસર તરીકેની જ ઓળખ મેળવું.

# ઈંગ્લેન્ડ સામે પહેલી મેચની હારનો હિસાબ ચૂકતે કરતું આફ્રિકા: ૪૧ રને જીત

નવીદિલ્હી, તા.૨૯

દક્ષિણ આફ્રિકાએ ઈંગ્લેન્ડને ત્રણ મેચની ટી-૨૦ શ્રેણીની બીજી મેચમાં ૫૮ રને હરાવ્યું છે. આ જીત સાથે દક્ષિણ આફ્રિકાએ શ્રેણી ૧-૧થી બરાબર કરી લીધી છે. પહેલી મેચ ઈંગ્લેન્ડે ૪૧ રને જીતી હતી. જ્યારે બીજી મેચમાં દક્ષિણ આફ્રિકાએ દમદાર વાપસી કરી છે. પહેલાં બેટિંગ કરતાં આફ્રિકાએ રિલી રોસૌવ અને રિજા હેન્ડ્રીક્સની દમદાર ઈનિંગની મદદથી ૨૦ ઓવરમાં ઈંગ્લેન્ડ સામે ૨૦૮ રનનો વિશાળ સ્કોર મુક્યો હતો જેના જવાબમાં પહેલી મેચમાં ૨૩૪ રનનો સ્કોર બનાવનારી ઈંગ્લેન્ડ ટીમ બીજી મેચમાં ૨૦ ઓવર પણ રમી ન શકી




અને ૧૬.૪ ઓવરમાં જ ૧૪૯ રન બનાવી આઉટ થઈ ગઈ હતી. ૨૦૮ રનોના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની શરૂઆત સારી રહી હતી. ટીમે ૩.૩ ઓવરમાં ૩૭ રન બનાવી લીધા હતા પરંતુ કેપ્ટન બટલરના ચોથી ઓવરમાં આઉટ થયા બાદ ઈંગ્લેન્ડની ટીમ ખખડવા લાગી હતી અને સતત વિકેટ ગુમાવવાનું શરૂ કરી દીધું હતું. બટલર ૧૪ બોલમાં ૨૯ રન બનાવીને આઉટ થયો તો મલાન ચાર બોલમાં પાંચ રન જ બનાવી શક્યો હતો. જેસન રોયે ફરીવાર ફ્લોપ રહેતા ૨૨ બોલમાં ૨૦ રન બનાવ્યા હતા. પાછલી મેચમાં તાબડતોબ ઈનિંગ રમનારો મોઈન અલી પણ વધુ કમાલ કરી શક્યો નહોતો અને ૧૭ બોલમાં ૨૮ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. જોની બેરિસ્ટોએ ૨૧ બોલમાં ૩૦ રન બનાવ્યા હતા. લિવિંગસ્ટોન ૧૦ બોલમાં ૧૮ રન બનાવીને આઉટ થયો હતો. આફ્રિકા વતી તબરેઝ શમ્સી, એન્ડીલે ફ્રેહલુકવાયોએ ત્રણ-ત્રણ વિકેટ મેળવી હતી તો લુંગી એનગીડીએ બે, રબાડાએ એક અને કેશવ મહારાજને એક વિકેટ હાંસલ થઈ હતી.